અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૩ નવેમ્બર ૨૦૨૫, સોમવાર | વર્ષ : ૧૭ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦

વિક્રમ સંવત ૨૦૮૨, કારતક સુદ ૧૩ | અંક : ૧૨૨ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### RJDએ બંદૂકની અણીએ કોંગ્રેસથી CM કેન્ડીડેટ પદ છીનવ્યું : પીએમ

## અમારું લક્ષ્ય બિહારને મેડ ઇન ઇન્ડિયાનું કેન્દ્ર બનાવવાનું છે : મોદી

### જાહેર રેલીમાં મોદીએ જણાવ્યું કે આવતા વર્ષ સુધીમાં ૧૦ મિલિયન નવી નોકરીઓનું સર્જન થશે, અને આ માટે એક સંપૂર્ણ રોડમેપ તૈયાર કરાયો છે

। (એજન્સી) પટણા, તા.૨ ।

બિહાર વિધાનસભા ચૂંટણી પહેલા આરામાં એક જાહેર રેલીમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ એનડીએના ચૂંટણી ઢંઢેરાના અને બિહારના વિકાસ અંગે એક મહત્વપૂર્ણ સંદેશ આપ્યો. તેમણે કહ્યું કે દિલ્હીમાં રહેતા લોકો પવનની દિશા નક્કી કરી શકતા નથી, અને બિહારના લોકો એનડીએ સાથે છે. પીએમ મોદીએ જણાવ્યું હતું કે આવતા વર્ષ સુધીમાં ૧૦ મિલિયન નવી નોકરીઓનું સર્જન થશે, અને આ માટે એક સંપૂર્ણ રોડમેપ તૈયાર કરવામાં આવ્યો છે.



પીએમ મોદીએ કહ્યું કે ૧.૩ કરોડ મહિલાઓના ખાતામાં ૧૦,૦૦૦ રૂપિયા ટ્રાન્સફર કરવામાં આવ્યા છે, અને એનડીએ સરકાર બન્યા પછી આ સહાયમાં વધારો કરવામાં આવશે. વિપક્ષ પર નિશાન સાધતા તેમણે કહ્યું, "એક તરફ, એનડીએનો પ્રામાણિક ઢંઢેરો છે, અને બીજી તરફ, મહાગઠબંધનનો જુઠ્ઠાણોનો ઢગલો છે."

તેમણે જનતાને બિહારને જંગલ રાજથી બચાવવા અને ફરી એકવાર NDA સરકાર બનાવવા અપીલ કરી. તેમણે વધુમાં કહ્યું, "વિકસિત બિહાર એ વિકસિત ભારતનો પાયો છે, અને હું આ માટે તમારો ટેકો મેળવવા આવ્યો છું."

પીએમ મોદીએ વધુમાં કહ્યું, "બિહાર દેશમાં સૌથી વધુ યુવા વસ્તી ધરાવતા રાજ્યોમાંનું એક છે, તેથી દ્રઢછ બિહારમાં શિક્ષણ અને કૌશલ્ય પર ખૂબ ભાર મૂકી રહ્યું છે. અમારો સંકલ્પ છે કે બિહારના યુવાનો બિહારમાં કામ કરશે અને બિહારને ગૌરવ અપાવશે. આ માટે, અમે આગામી વર્ષોમાં એક કરોડ નોકરીઓનું સર્જન કરવાની જાહેરાત કરી છે. આ ફક્ત જાહેરાત નથી; આ કેવી રીતે થશે તેની યોજના પણ જનતા સમક્ષ રજૂ કરવામાં આવી છે."

તેમણે વધુમાં કહ્યું, "આજે દુનિયામાં મેક ઈન ઈન્ડિયાને લઈને ઘણો ઉત્સાહ છે. અમારું લક્ષ્ય બિહારને મેડ ઈન ઈન્ડિયાનું કેન્દ્ર બનાવવાનું છે. આ કરવા માટે, અમે હજારો નાના અને કુટીર ઉદ્યોગોના નેટવર્કને મજબૂત બનાવીશું." પીએમ મોદીએ આરજેડી પર કટાક્ષ કરતા કહ્યું, "આરજેડીના જંગલ રાજને વ્યાખ્યાયિત કરતી બાબતો છેઃ હિંસા, ક્રૂરતા, કડવાશ, ખરાબ રીતભાત, ખરાબ શાસન અને ભ્રષ્ટાચાર." વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે બિહારના નવાદા અને આરામાં ચૂંટણી સભાઓ સંબોધીને વિપક્ષી ગઠબંધન, ખાસ કરીને RJD અને કોંગ્રેસ પર તીવ્ર પ્રહારો કર્યા હતા. સભામાં તેમણે દાવો કર્યો કે, ‘નામાંકન પાછું ખેંચતા પહેલા બિહારમાં ગુંડાગર્દીનો ખેલ ખેલાયો હતો. કોંગ્રેસની ઈચ્છા ન હોવા છતાં સીએમ પદે આરજેડીનું નામ હોય અને આરજેડીએ પણ તક ઝડપી લીધી.’ જનસભા ગજવતા મોદીએ કહ્યું કે, ‘આરજેડીએ કોંગ્રેસની કાનપટ્ટી પર કટ્ટો રાખીને મુખ્યમંત્રી પદ ચોરી લીધું છે. આરજેડી અને કોંગ્રેસ વચ્ચેનો આંતરિક ઝઘડો વધ્યો છે. ચૂંટણી બંને એકબીજાના માથા ફોડવા લાગશે, તેથી આવા લોકો ક્યારેય બિહારનું ભલું કરી શકે નહીં.’

તેમણે વધુમાં કહ્યું કે, ‘વિકસિત ભારત બનાવવા માટે બિહારનો વિકાસ થવો જરૂરી છે, પરંતુ આરજેડી અને કોંગ્રેસ ક્યારેય બિહારને વિકસિત કરી શક્યા નથી. આ લોકોએ બિહાર પર અનેક વર્ષો સુધી રાજ કર્યું હતું, પરંતુ તેઓએ તમારી સાથે માત્ર વિશ્વાસઘાત કર્યો છે. જ્યાં કટ્ટા અને ક્રૂરતાનું રાજ હોય, ત્યાં કાયદો દમ તોડી નાખે છે.

વડાપ્રધાન મોદીએ પ્રજાને કહ્યું કે, ‘બિહાર જંગલરાજ પરત ન આવવું જોઈએ, તેથી ફરી એકવાર એનડીએ સરકાર બનવી જોઈએ. એક તરફ અમારો ચૂંટણી ઢંઢેરો છે, તો બીજીતરફ મહાગઠબંધનનો ચૂંટણી ઢંઢેરો, તેમના મેનિફેસ્ટોમાં ખોટા વચન અપાયા છે, તે પ્રજા જાણે છે. વિકસિત બિહાર વિકસિત ભારતનો આધાર છે. વિકસિત બિહાર એટલે કે, ઔદ્યોગિક વિકાસ.

બિહારના યુવાઓ માટે બિહારમાં જ રોજગારી છે. તમારું સ્વપ્ન પુરુ કરવું, તે જ અમારો સંકલ્પ છે.

તેમણે કહ્યું કે, આ વખતે બિહારની પ્રજા એનડીએને રેકોર્ડ બેઠકોથી જીતાડશે. આ જંગલરાજવાળા લોકો આ વખતની ચૂંટમીમાં શરમજનક હારનો રેકોર્ડ નોંધાવશે, કારણ કે બિહારની જૂની અને નવી પેઢીએ નિર્ણય કર્યો છે કે, રાજ્યમાં ફરી એકવાર એનડીએ સરકાર બનશે.’

### માનવ તસ્કરોએ લાશનો પણ સોદો કર્યો

## ગેરકાયદેસર અમેરિકા જવા નીકળેલા ભારતીય યુવકની રસ્તામાં હત્યા કરાઈ

### દેશમાં વધુ એક યુવકનું અમેરિકા જવાના ખ્વાબ ચકનાચૂર થઈ થયું : હરિયાણાના યુવકની ગ્વેટામાલામાં હત્યા કરાઈ

। (એજન્સી) ચંદીગઢ, તા.૨ ।

હરિયાણાના કૈથલના ખેડૂતના પુત્ર યુવરાજનું અમેરિકા જવાનું સ્વપ્ન તુટી ગયું. ૧૮ વર્ષનો આ યુવક ડંકી રૂટ દ્વારા અમેરિકા જવાનો પ્રયાસ કરી રહ્યો હતો પરંતુ માનવ તસ્કરો દ્વારા ફસાઈ ગયો અને તેનું મૃત્યુ થયું. પરિવારને શુક્રવારે આ દુઃખદ ઘટનાની જાણ થઈ. શનિવારે, પરિવારે આરોપ લગાવ્યો કે યુવરાજને ગ્વાટેમાલામાં માનવ તસ્કરો દ્વારા બંધક બનાવવામાં આવ્યો હતો અને ત્યાં જ તેનું મૃત્યુ થયું. પરિવારનું કહેવું છે કે તે ગયા વર્ષે ઓક્ટોબરમાં અમેરિકા ગયો હતો. થોડા મહિનાઓ સુધી બધું બરાબર રહ્યું, પરંતુ પછી અચાનક સંપર્ક તૂટી ગયો. થોડા સમય પછી, પરિવારને એક વીડિયો મળ્યો જેમાં યુવરાજ અને પંજાબના એક યુવાનને ગ્વાટેમાલામાં બંધક બનાવવામાં આવ્યા હોવાનું દર્શાવવામાં આવ્યું હતું. ત્યારબાદ, તસ્કરોએ પરિવાર પાસેથી ખંડણી માંગવાનું શરૂ કર્યું. યુવરાજના મામા ગુરપ્રીત સિંહે જણાવ્યું હતું કે ટ્રાવેલ એજન્ટોએ તેને સુરક્ષિત રીતે અમેરિકા લઈ જવાનું વચન આપ્યું હતું. પરિવારે કથિત ટ્રાવેલ એજન્ટોને આશરે ૪૦ થી ૫૦ લાખ રૂપિયા ચૂકવ્યા હતા. જોકે, ન તો યુવરાજ અમેરિકા પહોંચ્યો અને ન તો તેના કોઈ સમાચાર મળ્યા. ગુરપ્રીતે વધુમાં સમજાવ્યું કે થોડા દિવસો પહેલા માનવ તસ્કરોએ ફરીથી પરિવારનો સંપર્ક કર્યો હતો. તેમણે યુવરાજ અને પંજાબના યુવાનના ફોટા મોકલ્યા, જેમાં દાવો કરવામાં આવ્યો કે બંને હવે જીવિત નથી. તસ્કરોએ પુરાવા આપવા માટે પરિવાર પાસેથી ત્રણ લાખ રૂપિયાની માંગણી કરી. પૈસા મોકલ્યા પછી, તસ્કરોએ યુવરાજનું મૃત્યુ પ્રમાણપત્ર અને ફોટા મોકલ્યા. પરિવારે આ બાબત પોલીસને પણ જણાવી, જેના પગલે બે સ્થાનિક એજન્ટોની ધરપકડ કરવામાં આવી. યુવરાજના પિતા એક નાના ખેડૂત છે. ગ્વાટેમાલામાં માનવ તસ્કરો દ્વારા બંધક બનાવ્યા બાદ હરિયાણાના એક યુવાનની હત્યા કરવામાં આવી હતી. મૃતકના પરિવારના સભ્યોએ શનિવારે દાવો કર્યો હતો કે તે ગયા ઓક્ટોબરમાં ખતરનાક ડંકી રુટથી નોકરીની શોધમાં અમેરિકા જઈ રહ્યો હતો. તેના સંબંધી ગુરપ્રીત સિંહે જણાવ્યું હતું કે કૈથલના મોહના ગામના ખેડૂતના ૧૮ વર્ષીય પુત્ર યુવરાજના પરિવારને થોડા દિવસો પહેલા તેના મૃત્યુની જાણ થઈ હતી જ્યારે એક માનવ તસ્કરે તેમને મૃત્યુ પ્રમાણપત્ર અને તેના અને પંજાબના બીજા યુવાનના ફોટા મોકલ્યા હતા. દાવો હતો કે બંનેની હત્યા કરવામાં આવી હતી. ડંકી રુટથી ગેરકાયદેસર ઈમિગ્રેશનની એક પદ્ધતિ છે જેનો ઉપયોગ લોકો માન્ય વિઝા અથવા દસ્તાવેજો વિના એક દેશમાંથી બીજા દેશમાં પ્રવેશવા માટે કરે છે. યુવરાજ યુનાઈટેડ સ્ટેટ્સ પહોંચ્યા પછી નોકરી શોધવાની આશા રાખતો હતો. તેમણે સમજાવ્યું કે હરિયાણાના ત્રણ ટ્રાવેલ એજન્ટોએ તેમના નેટવર્કમાં અન્ય સંપર્કો દ્વારા સલામત મુસાફરીનું વચન આપીને પરિવાર પાસેથી મોટી રકમ લીધી હતી. ગુરપ્રીત સિંહે જણાવ્યું કે શરૂઆતની ચુકવણી પછી, પરિવારનો યુવરાજ સાથે સંપર્ક તૂટી ગયો. થોડા મહિના પછી, તેમને યુવરાજ અને પંજાબના અન્ય એક યુવાનને ગ્વાટેમાલામાં બંધક બનાવાયેલા વીડિયો મળ્યા. ગુરપ્રીતે સમજાવ્યું કે યુવરાજનો પરિવાર માને છે.

## પ્રદૂષણ જિંદગી-મોતનો સવાલ, તમે કડક પગલાં લો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨ ।

કોંગ્રેસ નેતા પ્રિયંકા ગાંધી વાડ્રાએ દિલ્હીની સતત કથળી રહેલી હવા અને સમગ્ર રાજધાનીને ઢાંકી રહેલા ગાઢ ધુમ્મસ મુદ્દે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તાને તાત્કાલિક પગલાં લેવાની અપીલ કરી છે. ધુમ્મસે રાજધાનીને ગ્રે કફનમાં લપેટી લીધી છે. રવિવારે એક્સ પર પોસ્ટ કરીને પ્રિયંકા ગાંધીએ દિલ્હીની હવાને વાયનાડ અને બિહારના બછવાડા સાથે સરખાવી છે. તેમણે લખ્યું, ‘પહેલા વાયનાડ અને પછી બિહારના બછવાડાથી દિલ્હીની હવામાં પાછા ફરવું ખરેખર ચોંકાવનારું છે. આ શહેર પર ઢંકાયેલા પ્રદૂષણથી લાગી રહ્યું છે કે, શહેર પર એક ગ્રે કવર નાખી દેવાયું છે.’ પ્રિયંકાએ વધુમાં લખ્યું છે કે, ‘હવે સમય આવી ગયો છે.

### બિહારમાં ચૂંટણી પ્રચાર વચ્ચે જોવા મળ્યો અલગ અંદાજ

## માછલી પકડવા માટે રાહુલ ગાંધીએ તળાવમાં મારી છલાંગ

। (એજન્સી) બેગૂસરાય, તા.૨ ।

બિહાર વિધાનસભા ચૂંટણી ૨૦૨૫ના પહેલા તબક્કાના મતદાન માટે હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે. ત્યારે રાજકીય પાર્ટીઓ ચૂંટણીમાં પોતાની પૂરી તાકાત અજમાવી રહ્યા છે. બેગૂસરાયમા શનિવારના એક અલગ જ નજારો જોવા મળ્યો હતો. લોકસભામાં વિપક્ષ નેતા અને કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધી ખુદ તળાવમાં ઉતર્યા હતા અને સ્થાનિક માછીમારો સાથે મળીને માછલી પકડવાની પરંપરાની પ્રક્રિયામાં ભાગ લીધો હતો.



રાહુલ ગાંધીનું આ સ્વરુપ જોઈને ત્યા હાજર ગામલોકોમાં ઉત્સાહની લાગણી જોવા મળી હતી. લોકોએ તેમને તળાવમાં ઉતરીને જાળ નાખતા અને માછલીઓ પકડતા જોયા. એક એવું દ્રશ્ય જે રાજકીય પ્લેટફોર્મથી આગળ વધી ગયું અને લોક સંસ્કૃતિ અને જમીન સાથેના જોડાણનું પ્રતીક બની ગયું.

સ્થાનિક લોકોના જણાવ્યા પ્રમાણે સવારથી તળાવમાં તૈયારીઓ ચાલી રહી હતી. જ્યારે રાહુલ ગાંધી પહોંચ્યા તો ગામલોકોએ તેમનું પરંપરાગત સ્વાગત કર્યું હતું. પછી તેઓ કોઈ પણ ખચકાટ વગર તળાવમાં ઉતર્યા હતા અને માછીમારો સાથે જાળ ફેંકી. તળાવના કિનારે હાજર લોકોએ કહ્યું કે, આવુ દ્રશ્ય પહેલા ક્યારેય નથી. કોઈ પણ નેતા આ પ્રકારે અમારી સાથે તળાવમાં ઉતરે, અમારી પરંપરાઓ અપનાવે, આ અમારા માટે ગર્વની વાત છે. આ પ્રસંગે રાહુલ ગાંધી સાથે ફૈં વડા મુકેશ સાહની અને કોંગ્રેસ નેતા કન્હૈયા કુમાર પણ જોવા મળ્યા હતા. ત્રણેય નેતાઓએ એકસાથે તળાવમાં પ્રવેશ કર્યો, ગ્રામજનો સાથે વાતચીત કરી અને સ્થાનિક લોકો સાથે ભોજનનો સ્વાદ પણ માણ્યો હતો. મુકેશ સાહનીએ કહ્યું, આ માત્ર કોઈ પ્રવૃત્તિ નથી, પરંતુ બિહારની માટી સાથે જોડાવાનો સંદેશ છે.

રાહુલ ગાંધીનો તળાવમાં ઉતરવાનો વીડિયો મિનિટોમાં લાખોવાર જોવામાં આવ્યો. લોકોએ તેને સાચા જન નેતા ગણાવીને શેર કરી રહ્યા છે. કોંગ્રેસના નેતાઓ કહેવું છે કે, રાહુલ ગાંધી માત્ર ભાષણો દ્વારા જ નહીં, પરંતુ જમીન પર રહી લોકો સાથે જોડાઈને કામ કરી રહ્યા છે.

## સ્કૂલના છઠ્ઠા માળેથી કૂદી વિદ્યાર્થિનીએ કર્યો આપઘાત

। (એજન્સી) જયપુર, તા.૨ ।

રાજસ્થાનની રાજધાની જયપુરમાં સ્થિત નીરજા મોદી સ્કૂલની એક વિદ્યાર્થિનીએ શનિવારે આપઘાત કર્યો છે. વિદ્યાર્થિનીએ સ્કૂલમાં છઠ્ઠા માળેથી કૂદી પોતાનો જીવ આપી દીધો છે. નોંધનીય છે કે આવી ઘટના તાજેતરમાં બની હતી, જ્યાં પણ એક છાત્રાએ સ્કૂલના ચોથા માળેથી કૂદી આપઘાત કર્યો હતો. જયપુર પોલીસની ટીમ આ ઘટનાની તપાસ કરી રહી છે. આ વચ્ચે વિદ્યાર્થિની છઠ્ઠા માળેથી આપઘાત કરે છે તેનો વીડિયો પણ સામે આવ્યો છે. વીડિયોમાં વિદ્યાર્થિનીને રેલિંગ પાર કરી છઠ્ઠા માળેથી કૂદતી જોઈ શકાય છે. હાલ પોલીસ આપઘાત પાછળના કારણોની તપાસ કરી રહી છે. આ દરમિયાન, શાળા સંચાલન પર પુરાવા સાથે છેડછાડ કરવાનો પણ આરોપ છે.

### FIRમાં દાવો, ૮૦ની ધરપકડ કરાઈ

## અનંત સિંહે ગોળી મારી, સમર્થકોએ દુલારચંદ પર કાર ચઢાવી દીધી

### મોકામા વિધાનસભા બેઠક પરથી ઉમેદવાર અનંત સિંહની દુલારચંદ યાદવની હત્યાના કેસમાં પોલીસે ધરપકડ કરી છે

। (એજન્સી) પટણા, તા.૨ ।

બિહારમાં છોટે સરકાર તરીકે જાણીતા અને મોકામાના પૂર્વ ધારાસભ્ય, તેમજ જેડીયુ (JDU)ના ઉમેદવાર અનંત સિંહની મુશ્કેલીઓ વધી છે. મોકામા વિધાનસભા બેઠક પરથી ઉમેદવાર અનંત સિંહની દુલારચંદ યાદવની હત્યાના કેસમાં પોલીસે ધરપકડ કરી છે.

આ કેસમાં દાખલ કરાયેલી એફઆઈઆરમાં દાવો કરવામાં આવ્યો છે કે અનંત સિંહે દુલારચંદ યાદવને ગોળી મારી હતી અને ત્યારબાદ ત્યાં હાજર તેના સમર્થકોએ દુલારચંદ યાદવ પર કાર ચઢાવી દીધી હતી. મૃતક દુલારચંદ યાદવના પૌત્ર નીરજ કુમાર દ્વારા દાખલ કરાયેલી ફ્રૈંઈમાં દાવો કરવામાં આવ્યો છે કે, આ ઘટના ૩૦મી ઓક્ટોબરના રોજ બની હતી. દુલારચંદ અને તેમના સાથીઓ મોકામાના બસવન ચોક પાસે જન સૂરજ પાર્ટીના ઉમેદવાર પ્રિયદર્શી પીયૂષના સમર્થનમાં પ્રચાર કરી રહ્યા હતા. આ દરમિયાન અનંત સિંહ પોતાના સમર્થકો સાથે વાહનોમાં આવ્યા અને દુલારચંદ યાદવ સાથે દુર્વ્યવહાર કરવાનું શરૂ કર્યું. જ્યારે દુલારચંદ યાદવે વિરોધ કર્યો, ત્યારે રાજવીર સિંહ અને કરમવીર સિંહ (બંને નદવાન ગામના રહેવાસીઓ) એ તેને બળજબરીથી વાહનમાંથી બહાર કાઢ્યા. FIR મુજબ, ત્યારબાદ અનંત સિંહે પોતાના કમરબંધમાંથી પિસ્તોલ કાઢીને દુલારચંદને ગોળી મારી, જે તેમના ડાબા પગમાં વાગી હતી. દુલારચંદ જમીન પર પડતાં જ છોટન સિંહ અને સંજય સિંહે તેના પર લોખંડના સળિયાથી હુમલો કર્યો હતો.



**ન્યૂઝ બ્રિફ**

### જામનગરના સાઈબર ક્રાઇમ પોલીસ મથકમાં ૪ ગુના દાખલ કરવામાં આવ્યા

। (એજન્સી) જામનગર, તા.૨ ।

જામનગર શહેર અને જિલ્લામાં છેલ્લા બે વર્ષના સમયગાળા દરમિયાન ડિજિટલ એરેસ્ટના ચાર કિસ્સા બન્યા છે, અને તે અંગે જામનગરના સાઈબર ક્રાઈમ પોલીસ મથકમાં ગુના દાખલ કરવામાં આવ્યા છે. જોકે બે ગુનામાં કોઈ આરોપી હજુ સુધી પકડાયા નથી, પરંતુ ચાલુ વર્ષ દરમિયાન નોંધાયેલા બે ગુના પૈકીના એક ગુનામાં ૪ આરોપી ઝડપાઈ ચૂક્યા છે, ાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન દ્વારા યોજાઈ રહેલા જુદા જુદા અવેરનેશ પ્રોગ્રામ અંતર્ગત જામનગરના બે વયોવૃદ્ધ ડિજિટલ એરેસ્ટનો શિકાર બને તે પહેલા બંનેને બચાવી લેવાયા હતા. જામનગરના સાઈબર ક્રાઈમ પોલીસ મથકમાં ૨૦૨૪ની સાલમાં ડિજિટલ એરેસ્ટ અંગેના બે કિસ્સા નોંધાયા હતા, જેમાં જામનગરના એક વ્યક્તિ પાસેથી દોઢ કરોડ ખંખેરી લેવાયા હતા, જ્યારે બીજા ગુનામાં સાડા ત્રણ કરોડ રૂપિયા ઓનલાઈન ટ્રાન્જેક્શન મારફતે ચીટર ટોળકી દ્વારા ખંખેરી લેવામાં આવ્યા હોવાની બે પોલીસ ફરિયાદ સાઈબર ક્રાઈમ પોલીસ મથકમાં નોંધાવાઈ હતી.

### મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પ ટેલને મળેલી ભેટ-સોગાદોની ઈ-હરાજી

। (એજન્સી) દાહોદ, તા.૨ ।

ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને જાહેર સમારંભો, પ્રવાસ-મુલાકાતો અને વિવિધ કાર્યક્રમો દરમિયાન મળતી ભેટ-સોગાદોની ઈ-હરાજી દ્વારા વેચાણ કરવાની પ રંપરાને રાજ્ય સરકારે વધુ એક વખત આગળ વધારી છે. આ વર્ષે પણ આ ભેટ-સોગાદોનું ઓનલાઈન વેચાણ કરીને તેમાંથી મળતી આવકનો ઉપ યોગ રાજ્યમાં કન્યા કેળવણી જેવા ઉમદા હેતુ માટે કરવામાં આવશે.આ ઓનલાઈન હરાજી ૧લી નવેમ્બર, ૨૦૨૫થી ૩૦મી નવેમ્બર, ૨૦૨૫ સુધી ચાલશે. આ વેચાણ માટે રાજ્ય સરકારે ખાસ ઓનલાઈન પોર્ટલ https://cmgujmemento.gujarat.gov.in લોન્ચ કર્યું છે, જેના પર દેશના કોઈપણ ખૂણે વસતા લોકો ભાગ લઈ શકે છે. આ પોર્ટલને ગત વર્ષે ૨જી ઓક્ટોબર, ૨૦૨૪ના રોજ લોન્ચ કરવામાં આવ્યું હતું.

મુખ્યમંત્રીને વર્ષ દરમિયાન મળેલી અને તોશાખાનામાં જમા થતી તમામ ભેટ-સોગાદોને આ હરાજી માટે તૈયાર કરવામાં આવી છે. પોર્ટલ પર વસ્તુઓની શ્રેણી પ્રમાણે વર્ગીકરણ કરવામાં આવ્યું છે. પ્રત્યેક વસ્તુના ઉચ્ચ ગુણવત્તાવાળા ફોટોગ્રાફ્સ ઉપલબ્ધ છે. આ ઉપ રાંત, વસ્તુઓનું ગુજરાતી અને અંગ્રેજી બંને ભાષામાં વિસ્તૃત વર્ણન પણ આપવામાં આવ્યું છે, જેથી બોલી લગાવનારા લોકો વસ્તુ વિશે સંપૂર્ણ માહિતી મેળવી શકે.

આ ઈ-હરાજીનું સૌથી મહત્ત્વનું પાસું તેનો ઉદ્દેશ્ય છે.

#### બેંક દ્વારા NPA નિયમોનું ઉલ્લંઘન

# અર્બન કો-ઓપરેટિવ બેંકને RBIના આદેશોનું પાલન ન કરતા ૨.૫ લાખનો દંડ

### બેંક દ્વારા આપવામાં આવેલો નોટિસનો જવાબ રિઝર્વ બેંકને સંતોષજનક ન જણાતા બેંક સામે આખરે કડક નાણાકીય પગલાં લેવામાં આવ્યા છે

। (એજન્સી) મહેસાણા, તા.૨ ।

ભારતીય રિઝર્વ બેંક (RBI) એ સહકારી બેંકો પર નિયમનકારી દેખરેખ વધુ કડક બનાવી છે. આ જ ક્રમમાં મહેસાણા અર્બન કો-ઓપરેટિવ બેંક પર ફરી એકવાર ૨.૫ લાખનો દંડ ફટકારવામાં આવ્યો છે. આરબીઆઈ દ્વારા આ પગલું બેંક દ્વારા તેના આદેશોનું અને બેન્કિંગ રેગ્યુલેશન એક્ટની જોગવાઈઓનું સતત પાલન ન કરવા બદલ લેવામાં આવ્યું છે, જે બેંકિંગ વ્યવસ્થામાં ગંભીર ચિંતાનો વિષય છે.આ દંડનું મુખ્ય કારણ એ છે કે બેંકના અધિકારીઓએ નોન-પર્ફોર્મિંગ એસેટ્સ (NPA) ને લગતા રિઝર્વ બેંકના નિયમોનું યોગ્ય રીતે પાલન કર્યું ન હતું. તપાસમાં એવું બહાર આવ્યું હતું કે બેંકમાંથી લોન લેનારા કેટલાક ખાતાઓને નિયમો મુજબ NPA તરીકે જાહેર કરવા જોઈતા હતા, તેમ છતાં તેને બતાવવામાં આવ્યા ન હતા. આ પ્રકારે ખાતાઓના અકસ્માત વર્ગીકરણમાં ગરબડ કરવા બદલ રિઝર્વ બેંકે બેંકને નોટિસ આપી હતી. બેંક દ્વારા આપવામાં આવેલો નોટિસનો જવાબ રિઝર્વ બેંકને સંતોષજનક ન જણાતા બેંક સામે આખરે કડક નાણાકીય પગલાં લેવામાં આવ્યા છે. મહેસાણા અર્બન કો-ઓપરેટિવ બેંકનો આરબીઆઈ દ્વારા દંડ ફટકારવાનો આ પહેલો કિસ્સો નથી. બેંકનો ભૂતકાળ નિયમોના ઉલ્લંઘનથી ભરેલો રહ્યો છે. ભૂતકાળમાં જુલાઈ, ૨૦૨૪માં પણ બેંકને ૫.૯ કરોડનો મોટો દંડ કરવામાં આવ્યો હતો.૨૦૧૮માં બેંકને બે મુખ્ય કારણોસર દંડ ફટકારાયો હતો. બેંકના બોર્ડ ઓફ ડિરેક્ટર્સના સગાં-સંબંધીઓને નિયમોનું ઉલ્લંઘન કરીને લોન આપવામાં આવી હતી.તે સમયે પણ બેંકના અકસ્માત વર્ગીકરણમાં ગરબડ કરવા બદલ દંડ ફટકારવામાં આવ્યો હતો. આ ઉપરાંત, બેંક દ્વારા સાયબર સિક્યુરિટી માટે પૂરતા પ ગલાં ન લેવા બદલ પણ અગાઉ દંડ કરવામાં આવ્યો હતો. આ વારંવારના દંડ સૂચવે છે કે બેંકના વહીવટીતંત્ર દ્વારા આરબીઆઈના નિયમો અને બેંકિંગ ધારાધોરણોનું પાલન કરવામાં સતત બેદરકારી દાખવવામાં આવી રહી છે.

#### તળાજી નદીમાં પૂર, નવી કામરોળ ગામ સંપર્ક વિહોણું

# તળાજા તાલુકામાં કમોસમી વરસાદના પગલે સર્જાયેલી પૂરની પરિસ્થિતિ

### નવી કામરોળ ગામ સંપર્ક વિહોણું થવા પાછળનું મુખ્ય કારણ ગામના કોઝવે પર પાણી ફરી વળવું છે

। (એજન્સી) ભાવનગર, તા.૨ ।



ભાવનગર જિલ્લાના તળાજા તાલુકામાં કમોસમી વરસાદના પગલે સર્જાયેલી પૂરની સ્થિતિએ નવી કામરોળ ગામને સંપર્ક વિહોણું બનાવી દીધું છે. ગામની બાજુમાંથી વહેતી તળાજી નદી બેકાંઠે વહેવાને કારણે નદીના પાણી ગામની ફરતે ફરી વળ્યા છે, જેનાથી ગ્રામજનો મુશ્કેલીમાં મુકાયા છે. નવી કામરોળ ગામ સંપર્ક વિહોણું થવા પ ાછળનું મુખ્ય કારણ ગામના કોઝવે પર પાણી ફરી વળવું છે.

તળાજી નદીમાં આવેલા પૂરના કારણે કોઝવે પર પાણીનો પ્રવાહ સતત ચાલુ રહ્યો છે. પ્રાપ્ત માહિતી અનુસાર, છેલ્લા ચાર દિવસથી આ કોઝવે ઉપર પાણી ફરી વળ્યા છે. આ પરિસ્થિતિના કારણે ગ્રામજનો માટે ગામની અંદર આવવું કે બહાર નીકળવું સંપૂર્ણપ ણે મુશ્કેલ બની ગયું છે. ગામ સંપર્ક વિહોણું બનતા ઈમરજન્સી સેવાઓ પણ ખોરવાઈ ગઈ છે, જે ગંભીર ચિંતાનો વિષય છે.આ પહેલીવાર નથી કે તળાજી નદી બેકાંઠે થવાથી ગામ સંપર્ક વિહોણું બન્યું હોય. જ્યારે પણ નદીમાં પૂર આવે છે ત્યારે આ ગામની સમસ્યા સર્જાય છે. ગ્રામજનો આ કોઝવે ઉપર બ્રિજ બનાવવા માટે છેલ્લા પાંચ વર્ષથી પ્રશાસન સમક્ષ સતત રજૂઆત કરી રહ્યા છે. તેમ છતાં, પ્રશાસન દ્વારા આ માગણી પ્રત્યે ધ્યાન આપવામાં આવતું ન હોવાનો આક્ષેપ ગ્રામજનો કરી રહ્યા છે. હાલની ગંભીર સ્થિતિને જોતા, નવી કામરોળ ગામના ગ્રામજનોએ તંત્ર તાત્કાલિક ગ્રામજનોની મદદ માટે આવે અને ફસાયેલા લોકોને સહાય પ ૂરી પાડે તેવી ઉગ્ર માગણી કરી છે.

# અમરોલીમાં હત્યાના પ્રયાસના બે રીઢા ગુનેગારો ઝડપાયા

। (એજન્સી) સુરત, તા.૨ ।

સુરત શહેરમાં કાયદો અને વ્યવસ્થા જાળવવાની દિશામાં અમરોલી પોલીસે એક મોટી સફળતા હાંસલ કરી છે. અમરોલી વિસ્તારમાં હત્યાના પ્રયાસ જેવા ગંભીર ગુનાને અંજામ આપનારા બે રીઢા ગુનેગારોને ઝડપી પાડવામાં આવ્યા છે. આ આરોપીઓએ માત્ર એક નજીવી બાબતે પોલીસ પાસેથી મળેલી વિગતો અનુસાર, આ ઘટના અમરોલી વિસ્તારમાં બની હતી. આરોપીઓ અને ફરિયાદી વચ્ચે બાઈક અથડાવવા જેવી નજીવી બાબતે બોલાચાલી થઈ હતી. જોકે, આ બોલાચાલીએ ગંભીર સ્વરૂપ ધારણ કર્યું હતું. ઉશ્કેરાયેલા આરોપીઓએ ફરિયાદી પર છરીના ઘા ઝીંકીને હત્યાનો પ્રયાસ કર્યો હતો. આ હુમલામાં ફરિયાદી ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો. ઘટનાની ગંભીરતાને જોતા અમરોલી પોલીસે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી હતી. અમરોલી પોલીસે ગણતરીના સમયમાં આ બંને રીઢા આરોપીઓને ઝડપી પાડ્યા છે. પકડાયેલા આરોપીઓ પૈકી એકનું નામ શિવમ ઉર્ફે કાલી છે. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે આ આરોપી શિવમ ઉર્ફે કાલી વિરુદ્ધ અગાઉ સુરત સહિત જિલ્લાના જુદા જુદા પ ોલીસ સ્ટેશનોમાં કુલ ૬ (છ) થી વધુ ગંભીર ગુનાઓ નોંધાઈ ચૂક્યા છે. તેના ગુનાહિત ઈતિહાસને જોતા તે વિસ્તારનો એક રીઢો અને ખતરનાક ગુનેગાર ગણાય છે. પોલીસે જણાવ્યું હતું કે આ આરોપીઓની ધરપકડ બાદ તેમની પાસેથી ગુનામાં વપરાયેલું હથિયાર અને અન્ય પુરાવાઓ જપ્ત કરવામાં આવ્યા છે. આરોપ ીઓને પકડ્યા બાદ અમરોલી પોલીસે કાયદાકીય પ્રક્રિયાના ભાગરૂપે ગુનાનું રિકન્સ્ટ્રક્શન પણ કર્યું હતું. ગુનાના સ્થળે આરોપીઓને લઈ જઈને તેમણે કેવી રીતે હુમલો કર્યો અને કયા સંજોગોમાં ઘટના બની તે સમગ્ર દૃશ્યનું ફરીથી નિદર્શન કરવામાં આવ્યું હતું. આ રિકન્સ્ટ્રક્શન પોલીસને કેસમાં મજબૂત પુરાવાઓ એકઠા કરવામાં અને ગુનાની સાંકળને જોડવામાં મદદ કરે છે. અમરોલી પોલીસે આ ગુનેગારોને ઝડપી પાડીને વિસ્તારના અન્ય ગુનાહિત તત્ત્વોને કડક સંદેશ આપ્યો છે કે કાયદાનું ઉલ્લંઘન કરનારાઓને બક્ષવામાં આવશે નહીં. પોલીસે હાલ બંને આરોપીઓ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરીને વધુ તપાસ ચલાવી રહી છે.

#### કૃષિ એપ તો ખૂલતી જ નથી

## પાક નુકસાનીમાં ડિજિટલ સર્વેના ગતકડાંથી ખેડૂતોમાં રોષ

। (એજન્સી) અમદાવાદ, તા.૨ ।

કમોસમી વરસાદ બાદ હવે સરકારે ખેડૂતો જાતે નુકસાનીનો સરવે કરે તેવી સુવિધા કરી છે. જોકે, મુશ્કેલી એ થઈ છે કે, અભણ ખેડૂતોને મોબાઈલ એપનો ઉપયોગ આવડતો નથી.

આ ઉપરાંત નેટવર્કના અભાવે કૃષિ પ્રગતિ એપ ખુલતી જ નથી. આ બધાય ધાંધિયાને કારણે ખેડૂતોએ ડીજિટલ સરવેનો વિરોધ નોંધાવ્યો છે. ગુજરાતમાં મગફળી, કપાસ અને સોયાબીન જેવો મહામૂલો પાક નિષ્ફળ ગયો છે ત્યારે રાજ્ય સરકારે ખેડૂતો જાતે પાકની નુકશાનીનો અંદાજ મેળવી શકે તે માટે કૃષિ પ્રગતિ નામની એપ્લિકેશન લોન્ચ કરી છે. જેમાં ખેડૂતો ફોટા સાથે બધી વિગતો અપલોડ કરી કૃષિ વિભાગને માહિતી મોકલી શકે છે.

#### ખેડૂતોની પડખે ગુજરાત સરકાર!

# મુખઅયમંત્રી દ્વારા અધિકારીઓને તાત્કાલિક સર્વેનો નિર્દેશ કરાયો

। (એજન્સી) ગાંધીનગર, તા.૨ ।

ગુજરાતમાં તાજેતરમાં થયેલા અસાધારણ કમોસમી વરસાદ અને વાતાવરણના પલટાને કારણે ખેતીના પાકોને વ્યાપક નુકસાન પહોંચ્યું છે. રાજ્યના ધરતીપુત્રો પર આવેલી આ આફતના સમયે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પ ટેલે અત્યંત સંવેદનશીલતા દર્શાવીને તેમની પડખે ઊભા રહેવાનો સ્પષ્ટ નિર્દેશ આપ્યો છે. છેલ્લા બે દાયકાઓથી વધુના સમયમાં જોવા ન મળ્યો હોય તેવો આ કમોસમી વરસાદ હોવાથી, રાજ્ય સરકારે સંપૂર્ણ કિસાન હિત લક્ષી અભિગમ અપનાવવાની નેમ વ્યક્ત કરી છે. મુખ્યમંત્રીના નેતૃત્વ હેઠળની સરકારે ખેડૂતોને ઉદારતમ મદદ પૂરી પાડવા માટે નુકસાનનો ત્વરાએ સર્વે અને સમીક્ષા કરવા માટે પ્રતિબદ્ધતા જાહેર કરી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પ ટેલે ગાંધીનગર ખાતે આ સંદર્ભમાં એક ઉચ્ચ સ્તરીય બેઠકનું આયોજન કર્યું હતું. આ બેઠકનો મુખ્ય ઉદ્દેશ્ય રાજ્યના જુદા-જુદા જિલ્લાઓમાં ખેતીના પ ાકોને થયેલા નુકસાનના સર્વે સહિતની બાબતોને પ્રાથમિકતા આપવાનો હતો. આ બેઠકમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી અને કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણી વીડિયો કોન્ફરન્સના માધ્યમથી જોડાયા હતા અને સંબંધિત જિલ્લાઓના નુકસાનની વિગતવાર માહિતી રજૂ કરી હતી. આ સિવાય, વહીવટી તંત્રના વરિષ્ઠ અધિકારીઓ જેમ કે મુખ્ય સચિવ એમ.કે. દાસ, કૃ ષિ વિભાગના અધિક મુખ્ય સચિવ મતી અંજુ શર્મા, મહેસૂલ વિભાગના મુખ્ય સચિવ ડૉ. જયંતી રવી, નાણાં વિભાગના અગ્રસચિવ ટી. નટરાજન, તથા મુખ્યમંત્રીના અધિક અગ્ર સચિવ મતી અવંતિકા સિંઘ અને સચિવ ડૉ. વિક્રાંત પાંડે પણ બેઠકમાં હાજર રહ્યા હતા. અસાધારણ સંજોગોમાં થયેલા આ કમોસમી વરસાદથી ખેડૂતોના ઉભા પાકને જે વ્યાપક નુકસાન થયું છે, તેને ધ્યાનમાં રાખીને મુખ્યમંત્રીએ અધિકારીઓને નુકસાનનો સર્વે ઝડપથી પૂર્ણ કરવાના અને ખેડૂતોને શક્ય તેટલી ઉદારતમ મદદ પૂરી પાડવાના સ્પષ્ટ નિર્દેશો આપ્યા છે.

#### ધારાસભ્ય જે.વી. કાકડીયાના જ ગામમાં હૂંસાતૂંસી

# ચલાલા પાલિકામાં શાસક ભાજપનાં બે જૂથ સામસામે

### ૮ મહિના પહેલાં જ તમામ ૨૪ બેઠકો જીતનાર ભાજપના પ્રમુખ-ઉપપ્રમુખ સામે ભ્રષ્ટાચાર સહિતના આક્ષેપ

। (એજન્સી) અમરેલી, તા.૨ ।

૮ મહિના પહેલાં જ તમામ ૨૪ બેઠકો જીતનાર ભાજપના પ્રમુખ-ઉપપ્રમુખ સામે ભ્રષ્ટાચાર સહિતના આક્ષેપો : જનરલ બોર્ડ બોલાવવા અલ્ટિમેટમ ચલાલા,અમરેલી, : અમરેલી જિલ્લામાં વધુ એક વખત ભાજપમાં આંતરિક વિખવાદ સામે આવ્યો છે. હવે ચલાલા નગરપાલિકામાં આઠ મહિના પ હેલા જ સર્વાનુમતે વિજેતા બનેલા શાસક ભાજપમાં જૂથવાદની આગ ભભૂકી ઉઠી છે અને બહુમતી સભ્યોએ મહિલા પ્રમુખ અને ઉપપ્રમુખ વિરુદ્ધ અવિશ્વાસની દરખાસ્ત મુકીને ૧૫ દિવસમાં જનરલ બોર્ડ બોલાવવા અલ્ટિમેટમ આપતા ઉહાપ ોહ મચી ગયો છે. જેની સામે પ્રમુખ-ઉપ પ્રમુખ જૂથે પણ અમરેલી જિલ્લા પ્રમુખને પત્ર લખ્યો છે, તો બીજી તરફ ચલાલા એ ધારાસભ્ય જે.વી. કાકડીયાનું જ વતન હોવાથી તેમણે ડેમજ કંટ્રોલ માટે પ્રયાસો શરૂ કર્યા છે. ચલાલા નગરપાલિકામાં ભાજપે ૨૪માંથી ૨૪ બેઠકો જીત્યા બાદ માત્ર ૮ મહિનામાં જ આ રાજકીય ભૂકંપ આવ્યો છે. પ્રમુખ નયનાબેન વાળા અને ઉપપ્રમુખ પ્રવીણભાઈ માલવીયા સામે વોર્ડ નં. ૨ના સદસ્ય મુક્તાબેન પરમારે રજૂ કરેલી અવિશ્વાસ દરખાસ્તમાં ૨૦ સભ્યોની સહી છે. મુખ્ય કારણોમાં ભ્રષ્ટાચાર, વહીવટી જ્ઞાનનો અભાવ, સભ્યોની અવગણના અને અંદાજે ૧૭ કરોડની ગ્રાન્ટ હોવા છતાં વિકાસના કામો ન થવાનો સમાવેશ થાય છે. અગાઉ, બોર્ડની બેઠક ન બોલાવવા બદલ સભ્યોએ નારાજગી વ્યક્ત કરી છે. પક્ષના નેતાઓને અનેકવાર રજૂઆતો કરવા છતાં કોઈ પરિણામ ન આવતા, આખરે શહેરના હિતમાં અવિશ્વાસની દરખાસ્ત કરવામાં આવી હોવાનું અસંતુષ્ટ સદસ્યોએ જણાવીને જો ૧૫ દિવસમાં જનરલ બોર્ડ બોલાવવામાં નહીં આવે તો ઉચ્ચકક્ષાએ ધા નાખવાની ચેતવણી પણ ઉચ્ચારી છે.

#### સરકાર નથી આપી રહી મંજૂરી । યુનિવર્સિટી દ્વારા નવી જગ્યાઓ સાથે ખાલી જગ્યાઓ ભરવાની-ભરતી કરવીની મંજૂરી માંગી છે, પરંતુ હજુ સુધી સરકારે પણ મંજૂરી આપી નથી

# ભારત સરકારે સિંહોના સંરક્ષણ માટે રૂા.૨૯૦૦ કરોડથી વધુના ખર્ચે મંજૂર કર્યો પ્રોજેક્ટ લાયન

। (એજન્સી) અમરેલી, તા.૨ ।





ગુજરાત યુનિવર્સિટીમાં છેલ્લા અનેક વર્ષોથી ટીચિંગ અને નોન ટીચિંગ પોસ્ટની કામયી ભરતી જ થઈ નથી. છેલ્લા કેટલાક વર્ષોથી હંગામી ધોરણે કરાર આધારીત જગ્યાઓ ભરીને ટીચિંગ અને નોન ટીચિંગમાં કામગીરી ચલાવવામા આવી રહી છે. હાલ ગુજરાત યુનિવર્સિટીમાં અધ્યાપકોની એટલે કે શૈક્ષણિકની ૧૧૦ જગ્યાઓ ખાલી છે. ૫૦ ટકાથી વધુ જગ્યાઓ ખાલી હોઈ નેકની ટીમે પણ આ વર્ષે ઈન્સપ ેકશન બાદ આપેલા રિપોર્ટમાં જગ્યાઓ ખાલી હોવા મુદ્દે નોંધ કરી હતી. યુનિવર્સિટી દ્વારા નવી જગ્યાઓ સાથે ખાલી જગ્યાઓ ભરવાની-ભરતી કરવીની મંજૂરી માંગી છે, પરંતુ હજુ સુધી સરકારે પણ મંજૂરી આપી નથી. હવે ભરતી ક્યારે થશે તે મોટો સવાલ છે.

ગુજરાત યુનિવર્સિટીમાં છેલ્લે ઘણાં વર્ષો બાદ ઓક્ટોબર ૨૦૨૨માં ટીચિંગ અને નોન ટીચિંગ પ ોસ્ટની અનેક જગ્યાઓ કાયમી ધોરણે ભરવા માટે મોટી ભરતી જાહેર કરી હતી. જે અંતર્ગત સૌપ્રથમ નોન ટીચિંગ પોસ્ટ માટે અરજીઓ મંગાવી લેવાઈ હતી અને ઈન્ટરવ્યુ પણ ગોઠવી દેવાયા હતા. પરંતુ આંતરિક વિવાદ વચ્ચે આ ભરતી રદ કરી દેવાઈ હતી, જ્યારે ટીચિંગ પોસ્ટ માટે આગળ કોઈ પ્રક્રિયા જ થઈ ન હતી. આ દરમિયાન જુલાઈ ૨૦૨૩માં કોમન યુનિવસિટી એક્ટ લાગુ થઈ ગયો હતો અને ત્યારબાદ અગાઉનાં તમામ ભરતી પ્રક્રિયા રદ કરીને ઉમેદવારોને ૫૦ લાખ જેટલી અરજી ફી પાછી આપી દેવાઈ હતી. પરંતુ ત્યારબાદ ફરીવાર નવી ભરતીને લઈને કોઈ પ્રક્રિયા થઈ નથી કે જાહેરાત થઈ નથી. દર વર્ષે ઓક્ટોબરમાં ટીચિંગ-નોન ટીચિંગમાં કામયી અધ્યાપકો-કર્મચારીઓ નિવૃત થતા જાય છે અને જગ્યાઓ ખાલી પડતી જાય છે.

હાલ યુનિવર્સિટીમાં ટીચિંગમાં ૫૦ ટકાથી વધુ જગ્યાઓ ખાલી પડી છે. ઘણાં ડિપાર્ટમેન્ટમાં તો માંડ એકથી બે અધ્યાપક છે અને તેમા પણ સીનિયર અધ્યાપ કો છે નહીં, પરંતુ કોમન એક્ટની જોગવાઈઓ તેમજ અસ્પષ્ટતાઓ અને વિલંબીત મંજૂરીઓ વચ્ચે ભરતી જ થઈ શકતી નથી. તાજેતરમાં ગુજરાત યુનિવર્સિટીમાં મળેલી એક્ઝિક્યુટિવ કાઉન્સિલની મીટિંગમાં એજન્ડમાં ભરતીની બાબત મુકાઈ હતી. જેમાં જણાવાયુ હતું કે ઉચ્ચ શિક્ષણ વિભાગના પત્ર મુજબ ખાસ કિસ્સામાં દિવ્યાંગ કેટેગરીની ભરતી કરવા બાબતે વિચારણા કરવી અને અગાઉ કોઈ આદેશ ન મળતાપ ુનઃચર્ચા વિચારણા કરવી. જ્યારે ઉચ્ચ શિક્ષણ વિભાગે ગત મે ૨૦૨૫માં મંજૂર કરેલી ૬ જેટલી કાયમી જગ્યાઓ જાન્યુઆરી ૨૦૨૬ સુધીમાં ભરતી કરવા જણાવ્યું છે. પરંતુ મંજૂર શૈક્ષણિક મહેકમ અંતર્ગત કુલ ૧૧૦ શૈક્ષણિક જગ્યાઓની ભરતી પ્રક્રિયા કરવી પડે તેમ છે. જેમાં દિવ્યાંગની ૧૦ જગ્યા છે.

૧૧૦ જગ્યાની ભરતીની મંજૂરી માટે સરકારમાં દરખાસ્ત કરવા વિચારણા કરવી તેવુ મંજૂર થયુ હતું.

અગાઉ પણ યુનિવર્સિટી દ્વારા સરકારને અનેકવાર ભરતી માટે મંજૂરી આપવા રજૂઆત કરાઈ છે. હવે સરકારે ડિસેમ્બર પહેલા મંજૂરી આપ વી પડે તેમ છે. મહત્ત્વનું છે કે નેકની ટીમે ઈન્સપ ેકશન સમયે અનેક ટીચિંગ પોસ્ટ ખાલી હોવા મુદ્દે રિપોર્ટમાં ખાસ ટકોર કરી હતી. જેની અસર પણ ગ્રેડિંગમાં દેખાઈ હતી.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

### હથિયાર જમા કરાવવા આદેશ કરાયો

# મોકામામાં હાઈપ્રોફાઈલ હત્યાકાંડ બાદ આખરે ચૂંટણી પંચ એક્શન મોડમાં

## મુખ્ય ચૂંટણી કમિશનરે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની વિસ્તૃત સમીક્ષા કરી

। (એજન્સી) પટના, તા.૨ ।

મોકામામાં થયેલી ચૂંટણી હિંસા અને દુલારચંદ યાદવ હત્યાકાંડના પગલે ચૂંટણી પંચ તાત્કાલિક એક્શન મોડમાં આવી ગયું છે. મુખ્ય ચૂંટણી કમિશનર (CEC) એ શુક્રવારે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની વિસ્તૃત સમીક્ષા કરી હતી. સમીક્ષા બાદ પંચે શાંતિ સ્થાપવા માટે કડક દેખરેખ રાખવા જણાવ્યું છે, સાથે જ રાજ્યના અધિકારીઓને ગેરકાયદેસર હથિયારોની જપ્તી તેજ કરવા અને લાયસન્સવાળા હથિયારો જમા કરાવી દેવાનો આદેશ આપ્યો છે.

મોકામામાં થયેલી ચૂંટણી હિંસાને ધ્યાનમાં રાખીને, મુખ્ય ચૂંટણી કમિશનર (CEC)એ શુક્રવારે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા બિહારમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિની વિસ્તૃત સમીક્ષા કરી. બેઠક બાદ પંચે રાજ્ય પ્રશાસનને કડક નિર્દેશો આપ્યા.

પંચે સ્પષ્ટ કહ્યું છે કે, શાંતિપૂર્ણ ચૂંટણી સુનિશ્ચિત કરવા



માટે કાયદો અને વ્યવસ્થાનું કડકાઈથી પાલન થવું જોઈએ. આ માટે અધિકારીઓને ગેરકાયદેસર હથિયારોની જપ્તીનું અભિયાન તરત જ તેજ કરવા અને લાયસન્સવાળા હથિયારો જમા કરાવવાનો પણ આદેશ આપવામાં આવ્યો છે. બેઠક બાદ પંચ દ્વારા અધિકારીઓને સ્પષ્ટ કાર્ય સોંપવામાં આવ્યું કે કોઈપણ ભોગે ચૂંટણીલક્ષી હિંસા સહન કરવામાં આવશે નહીં.

મોકામામાં દુલારચંદ યાદવની હત્યા બાદ હૈંઈની સંખ્યા સતત વધી રહી છે. ચૂંટણીની અદાવતને પગલે, તાજેતરમાં આરજેડી ઉમેદવાર વીણા દેવીના સમર્થકોએ પંડારક પોલીસ સ્ટેશનમાં વધુ એક FIR નોંધાવી છે. આ ફરિયાદ મુજબ, શુક્રવારે દુલારચંદ યાદવની શબયાત્રા દરમિયાન પંડારકમાં હુલ્લડ થયું હતું, જેમાં વીણા દેવીના કાફલાની ગાડીમાં તોડફોડ કરવામાં આવી હતી. આ મામલે સુમિત, સોનુ અને ગોલુને આરોપી બનાવવામાં આવ્યા છે.

દુલારચંદ યાદવ હત્યાકાંડ અને સંબંધિત ઘટનાઓને લઈને કુલ ચાર FIR નોંધાઈ છે. (ત્રણ ભદૌર પોલીસ સ્ટેશનમાં અને એક પંડારક પોલીસ સ્ટેશનમાં). પહેલી FIR દુલારચંદના પૌત્ર નીરજ કુમારની લેખિત ફરિયાદ પર નોંધાઈ, જેમાં અનંત સિંહ, તેમના બે ભત્રીજા રાજવીર અને કર્મવીર, છોટન સિંહ, કંજય સિંહને નામજોગ આરોપી બનાવવામાં આવ્યા છે. બીજી FIR અનંત સિંહના સમર્થક જિતેન્દ્ર કુમારની ફરિયાદ પર થઈ, જેમાં મોકામાથી જનસુરાજ ઉમેદવાર પ્રિયદર્શી પીયૂષ, લખન મહતો, બાજો મહતો, નીતીશ મહતો, ઈશ્વર મહતો, અજય મહતોને આરોપી બનાવવામાં આવ્યા છે. જયારે ત્રીજી FIR દુલારચંદ યાદવની હત્યાના મામલે પોલીસે પોતાની તરફથી નોંધાવી છે. તેમજ ચોથી FIR પંડારકમાં આરજેડી ઉમેદવાર વીણા દેવીના સમર્થકો સામે શબયાત્રા દરમિયાન થયેલું હુલ્લડ અને તોડફોડને લઈને નોંધાવી છે.

ચૂંટણી પંચે સ્પષ્ટ કહ્યું છે કે, મોકામા જેવી ઘટનાઓને રોકવા માટે અધિકારીઓને ક્ષેત્રમાં સતત દેખરેખ રાખવી પડશે. આ ઉપરાંત પોલીસને નિર્દેશ આપવામાં આવ્યો છે કે ક્ષેત્રમાં હથિયાર રાખનારાઓ અને અસામાજિક તત્વો પર કડક કાર્યવાહી કરવામાં આવે, જેથી શાંતિપૂર્ણ મતદાન સુનિશ્ચિત કરી શકાય.

---

**ન્યૂઝ બ્રિફ**

### મગરને પકડવાનો પ્રયાસ કર્યો તો કાર નીચે છુપાયો



। (એજન્સી) વડોદરા, તા.૨ ।

વડોદરા શહેરમાંથી પસાર થતી વિશ્વામિત્રી નદીમાં મગરોનો મોટો વસવાટ હોવાના કારણે વડોદરાવાસીઓ માટે મગરોનું રહેણાંક વિસ્તારમાં આવી જવું એ સામાન્ય બાબત બની ગઈ છે. ત્યારે શહેરના હરણી-સમા લિંક રોડ ખાતે આવેલી પંચામૃત રેસિડેન્સીના પાર્કિંગમાં ૪ ફૂટનો મગર આવી ચડતાં સ્થાનિક રહીશોમાં ભારે ભયનો માહોલ સર્જાયો હતો. પ્રાપ્ત માહિતી અનુઆર પંચામૃત રેસિડેન્સીમાં અચાનક પાર્કિંગ વિસ્તારમાં મગર દેખાતા રહીશોએ ભારે બૂમરાડ મચાવી દીધી હતી. અવાજ સાંભળીને લોકોના ટોળા એકઠા થઈ ગયા હતા. ગભરાયેલો મગર પાર્કિંગમાં પાર્ક કરેલા વાહનો નીચે સંતાવાનો પ્રયાસ કરતો હતો. મગર પહેલા એક ટૂ-વ્હીલર નીચે અને ત્યારબાદ એક કાર નીચે ઘૂસી ગયો હતો. ઘટનાની જાણ થતાં જ વન વિભાગની ટીમને જાણ કરવામાં આવી હતી. વન વિભાગની રેસ્ક્યૂ ટીમે તાત્કાલિક સ્થળ પર પહોંચી મગરને પકડવાની કામગીરી હાથ ધરી હતી.

### નાયબ મુખ્યમંત્રી સહિત ૨૫ પ્રભારી મંત્રીઓને અલગ-અલગ જિલ્લાની જવાબદારી સોંપાઈ



। (એજન્સી) ગાંધીનગર, તા.૨ ।

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના વહીવટી તંત્રને વધુ સુદૃઢ અને સંગઠિત કરવાના ઉદ્દેશથી મંત્રીમંડળના સભ્યોને પ્રભારી મંત્રીઓ તરીકે જિલ્લાઓની ફાળવણી કરી છે. નાયબ મુખ્યમંત્રી સહિત કુલ ૨૫ મંત્રીઓને રાજ્યના વિવિધ જિલ્લાઓનો પ્રભાર સોંપવામાં આવ્યો છે. આ નિર્ણય દ્વારા મંત્રીઓ પોતપોતાના પ્રભારી જિલ્લાઓમાં સરકારી યોજનાઓ, વિકાસના કાર્યો અને વહીવટી પ્રવૃત્તિઓનું સીધું નિરીક્ષણ કરી શકશે, જેનાથી પ્રજાના પ્રશ્નોનું નિરાકરણ વધુ ઝડપી બની શકશે.

નાયબ મુખ્યમંત્રી હર્ષ રમેશકુમાર સંઘવીઃ વડોદરા અને ગાંધીનગર જિલ્લાના પ્રભારી મંત્રી તરીકેની જવાબદારી સંભાળશે. કનુભાઈ મોહનલાલ દેસાઈઃ સુરત અને નવસારી જિલ્લાનો પ્રભાર સંભાળશે. જીતુભાઈ સવજીભાઈ વાઘાણીઃ અમરેલી અને રાજકોટ જિલ્લાના પ્રભારી મંત્રી રહેશે. ઋષિકેશ ગણેશભાઈ પટેલઃ અમદાવાદ અને વાવ-થરાદ જિલ્લાના પ્રભારી મંત્રી બનાવવામાં આવ્યા છે. કુંવરજીભાઈ મોહનભાઈ બાવળીયાઃ પોરબંદર અને દેવભૂમિ દ્વારકા જિલ્લાનો પ્રભાર સોંપયો છે. નરેશભાઈ મગનભાઈ પટેલઃ વલસાડ અને તાપી જિલ્લાના પ્રભારી મંત્રી તરીકે કાર્યભાર સંભાળશે.

---

### બે દાયકાના યાદગાર કરિયરનો અંત

# રોહન બોપન્નાએ ટેનિસથી નિવૃત્તિની જાહેરાત કરી

**બોપન્નાએ X પર એક પોસ્ટ દ્વારા આ જાહેરાત કરી, જેમાં તેમણે પોતાના ૨૦ વર્ષના લાંબા કરિયરનો અંત જાહેર કર્યો**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨ ।

ભારતીય ટેનિસના દિગ્ગજ ખેલાડી રોહન બોપન્નાએ પ્રોફેશનલ ટેનિસમાંથી નિવૃત્તિની સત્તાવાર જાહેરાત કરી છે. તેમણે પેરિસ ઓલિમ્પિકમાંથી બહાર થયા બાદ હવે એમેચ્યોર ટેનિસમાંથી નિવૃત્તિ લીધી છે, જ્યાં ખેલાડી દેશનું પ્રતિનિધિત્વ કરે છે. બોપન્નાએ શનિવારે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર એક પોસ્ટ દ્વારા આ જાહેરાત કરી, જેમાં તેમણે પોતાના ૨૦ વર્ષના લાંબા કરિયરનો અંત જાહેર કર્યો.

બોપન્નાએ તેમની સોશિયલ મીડિયા પોસ્ટમાં પોસ્ટ શેર કરતા લખ્યું કે, "આ અલવિદા નથી, આ આભાર છે. જે વસ્તુએ મારા જીવનને અર્થ આપ્યો, તેનાથી વિદાય કેવી રીતે લઉં? ૨૦ વર્ષ પછી, હવે સમય આવી ગયો છે કે, હું સત્તાવાર રીતે મારા રેકેટને મૂકી દઉં. કૂર્ગમાં મારી સર્વને મજબૂત કરવા માટે લાકડા કાપવાથી લઈને વિશ્વના સૌથી મોટા એરેનાની લાઈટમાં ઊભા રહેવાનો અનુભવ અવિશ્વસનીય લાગે છે. ભારતનું પ્રતિનિધિત્વ કરવું એ મારા જીવનનું સૌથી મોટો સન્માન રહ્યું છે. જ્યારે પણ હું કોર્ટ પર ઉતર્યો, ત્યારે મેં તિરંગા, તેની લાગણી અને તે ગર્વ માટે રમ્યો. હું સ્પર્ધામાંથી દૂર જઈ રહ્યો છું, પરંતુ ટેનિસ સાથેની મારી કહાણી પૂરી નથી થઈ અને હવે હું યુવા ખેલાડીઓને ટેનિસમાં આગળ વધવા માટે મદદ કરવા માંગુ છું."

નોંધનીય છે કે, બોપન્ના આ વર્ષે ૨૯ જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ ATP રેંકિંગમાં વિશ્વના નંબર-૧ મેન્સ ડબલ્સ ખેલાડી બન્યા હતા. તે સમયે તેઓ ૪૩ વર્ષના હતા. આ ઉંમરે નંબર-૧ બનનાર તે સૌથી ઉંમરલાયક ખેલાડી છે. હાલમાં તેમની ATP રેંકિંગ ૪ છે.

ગ્રાન્ડ સ્લેમઃ ૪૫ વર્ષીય આ જમણેરી ખેલાડીએ પોતાના ૨૦ વર્ષના પ્રોફેશનલ કરિયરમાં ૨ ગ્રાન્ડ સ્લેમ ટાઈટલ જીત્યા છે.

ઓસ્ટ્રેલિયન ઓપન ૨૦૨૪ઃ તેમણે આ વર્ષની શરૂઆતમાં ૪૩ વર્ષ અને નવ મહિનાની ઉંમરે મેથ્યુ એબ્ડેન સાથે ઓસ્ટ્રેલિયન ઓપન ડબલ્સ ટાઈટલ જીત્યું હતું, જેના કારણે તેઓ ઓપન એરામાં ગ્રાન્ડ સ્લેમ જીતનાર સૌથી ઉંમરલાયક ખેલાડી બન્યા હતા.

ફ્રેન્ચ ઓપનઃ તેમણે ૨૦૧૭માં મિક્સ્ડ ડબલ્સમાં પણ ફ્રેન્ચ ઓપન જીત્યું હતું.

નિવૃત્તિ પહેલાની મેચઃ બોપન્નાનો છેલ્લો પ્રોફેશનલ મેચ પેરિસ માસ્ટર્સ ૧૦૦૦માં હતો, જ્યાં તેમણે એલેક્ઝાન્ડર બુબ્લિક સાથે જોડી બનાવી હતી.

---

# અત્યંત ગરીબીથી મુક્ત થયું કેરળ : મુખ્યમંત્રી વિજયન

। (એજન્સી) થિરૂવનંતપૂરમ્, તા.૨ ।

કેરળના મુખ્યમંત્રી પિનરાઈ વિજયને શનિવારે (૧ નવેમ્બર) વિધાનસભામાં જાહેરાત કરી કે, રાજ્ય હવે અત્યંત ગરીબીથી મુક્ત થઈ ગયું છે. કેરળના સ્થાપના દિવસ, કેરળ પિરવીના અવસરે બોલાવવામાં આવેલા વિધાનસભાના એક વિશેષ સત્રમાં મુખ્યમંત્રીએ આ સિદ્ધિની જાહેરાત કરી હતી.

જોકે, કોંગ્રેસના નેતૃત્વ હેઠળના વિપક્ષ યુનાઈટેડ ડેમોક્રેટિક ફ્રન્ટ (UDF)એ રાજ્ય સરકારના આ દાવાને બનાવટી અને ખોટું કહીને સત્રનો બહિષ્કાર કરી દીધો હતો. વિશેષ વિધાનસભા સત્ર શરૂ થતાં જ, વિપક્ષના નેતા વી.ડી. સતીસને કહ્યું કે, નિયમ ૩૦૦ દ્વારા મુખ્યમંત્રીનું નિવેદન સંપૂર્ણપણે બનાવટી અને ખોટું છે તેમજ આ ગૃહની અવમાનના હતી. તેથી અમે તેમાં ભાગ નહીં લઈ શકીએ અને સત્રનો સંપૂર્ણ બહિષ્કાર કરીએ છીએ. આ છેતરપિંડી અને શરમજનક છે. ત્યારબાદ વિપક્ષી સભ્યોએ નારાબાજી કરતાં-કરતાં ગૃહમાંથી વૉકઆઉટ કરી દીધું હતું. વિપક્ષના આરોપોનો જવાબ આપતા મુખ્યમંત્રી વિજયને કહ્યું કે, જ્યારે યુડીએફ છેતરપિંડી શબ્દનો ઉપયોગ કરે છે.

---

### પાંચ દિવસમાં બીજું NOTAM જાહેર

# ગુજરાતના સરહદી વિસ્તારમાં ઓપરેશન ત્રિશૂળથી પાકિસ્તાનમાં ટેન્શનની સ્થિતિ

**ચુરુના રતનગઢ તાલુકાના કાંગાર ગામમાં બપોરે અચાનક કરા પડવા લાગ્યા, જેના કારણે ખેતરોમાં બરફની સફેદ ચાદર ફેલાઈ**

। (એજન્સી) ઈસ્લામાબાદ, તા.૨ ।

ભારતની ચાલી રહેલી ત્રિશૂળ ૨૦૨૫ સૈન્ય કવાયતને કારણે, પાકિસ્તાને માત્ર પાંચ દિવસના ટૂંકા ગાળામાં બીજી વાર NOTAM (નોટિસ ટુ એરમેન) જાહેર કર્યું છે.

આ NOTAM હેઠળ, પાકિસ્તાને તેના હવાઈ ક્ષેત્રના અમુક ભાગોમાં ફ્લાઈટ્સ પર પ્રતિબંધ મૂક્યો છે. ગુપ્તચર સૂત્રો દ્વારા મળેલી માહિતી મુજબ આ પ્રતિબંધો ૧ નવેમ્બરથી ૩૦ નવેમ્બર સુધી અમલમાં રહેશે અને તેમાં પાકિસ્તાનના દક્ષિણી અને દરિયાકાંઠાના વિસ્તારોનો એક મોટો હિસ્સો આવરી લેવાયો છે.

ભારતનો ત્રિશૂળ ૨૦૨૫ એક મોટો સંયુક્ત સૈન્ય અભ્યાસ છે, જે હાલમાં પશ્ચિમી સીમા અને અરબ સાગરમાં ચાલી રહ્યો છે. આ કવાયતમાં થલ સેના, નૌસેના અને વાયુસેના ત્રણેય મળીને ભાગ લઈ રહ્યા છે. તેનો મુખ્ય હેતુ સેનાની એકજુટ તાકાત, ઝડપથી કાર્યવાહી કરવાની ક્ષમતા તેમજ દરિયાઈ વિસ્તારો પર તેની પકડ દર્શાવવાનો છે.

એક વરિષ્ઠ ગુપ્તચર અધિકારીના જણાવ્યા મુજબ, પાકિસ્તાન દ્વારા સતત બે NOTAM જાહેર કરવાથી એ સંકેત મળે છે કે તે ડરેલુ પણ છે અને સાવધાની પણ રાખી રહ્યું છે. આ પગલા દ્વારા, પાકિસ્તાન એ દર્શાવવા માંગે છે કે તે તૈયાર છે અને તેના હવાઈ તથા દરિયાઈ ક્ષેત્રોની સઘન દેખરેખ રાખી રહ્યું છે.

સૂત્રો અનુસાર, પાકિસ્તાનની સેનાને નવેમ્બરના અંત સુધી હાઈ એલર્ટ પર રાખવામાં આવી છે. અરબ સાગરમાં ભારતીય ગતિવિધિઓ પર નજર રાખવા માટે દરિયાકાંઠાની દેખરેખ વધારીને હવાઈ અને નૌસૈનિક સંસાધનોને ફરીથી તૈનાત કરવામાં આવ્યા છે.

---

### શ્રદ્ધાંજલિ કાર્યક્રમમાં ઉહાપોહ

# ક્રેનમાં ફસાયા ભાજપના સાંસદ, ગુસ્સામાં કર્મચારીને લાફો ઝીંકી દીધો

**હાઇડ્રોલિક ક્રેનના કેબિનની મહત્તમ ક્ષમતા ફક્ત બે લોકોની છે અને તે સરેરાશ ૧૨૫ કિલો વજન સુધી સહન કરી શકે છે**

। (એજન્સી) ભોપાલ, તા.૨ ।

સરદાર વલ્લભભાઈ પટેલની જયંતી નિમિત્તે મધ્યપ્રદેશના સતનામાં થયેલો વિવાદ સામે આવ્યો છે. શુક્રવારે આયોજિત કાર્યક્રમમાં ક્રેનમાં બેઠેલા સતનાના સાંસદ ગણેશ સિંહને ઝટકો લાગ્યો, તો તેઓ ઓપરેટર પર ભડકી ગયા અને તેને સૌની સામે થપ્પડ મારી દીધી. આ ઘટનાનો વીડિયો પણ સામે આવ્યો છે.

સાંસદ ગણેશ સિંહે સવારે 'રન ફોર યુનિટી'માં ભાગ લીધો હતો. ત્યારબાદ તેઓ સેમરિયા ચોક પહોંચ્યા, જ્યાં તેમણે ક્રેનના હાઈડ્રોલિક બોક્સમાં ચઢીને હાર પહેરાવ્યો હતો. જેમાં નીચે



આવતી વખતે, મશીન અચાનક ઝટકા સાથે વચ્ચે અટકી ગયું. સાંસદ થોડીવાર હવામાં જ લટકેલા રહ્યા. મશીન હલ્યું તો અસંતુલનની સ્થિતિ બની ગઈ. આ અસહજ સ્થિતિથી નારાજ થઈને સાંસદે ઓપરેટરને લાફો ઝીંકી દીધો, જેની વીડિયો ફૂટેજ હાલમાં વાઈરલ થઈ રહી છે. ઘટના સમયે સ્થળ પર ભાજપ કાર્યકર્તાઓ અને પ્રશાસનિક અધિકારીઓ સાથે મોટી સંખ્યામાં નાગરિકો હાજર હતા. તેમાંથી કોઈએ મોબાઈલથી સમગ્ર ઘટનાનો વીડિયો બનાવી લીધો.ક્ષમતા બે લોકોની અને કેબિનમાં ત્રણ લોકો ચઢ્યાઃ ઓપરેટર

ઓપરેટરે આ અંગે જણાવ્યું કે, હાઈડ્રોલિક ક્રેનના કેબિનની મહત્તમ ક્ષમતા ફક્ત બે લોકોની છે અને તે સરેરાશ ૧૨૫ કિલો વજન સુધી સહન કરી શકે છે. જ્યારે માલ્યાર્પણ માટે રાજ્યમંત્રી પ્રતિમા બાગરી, સાંસદ ગણેશ સિંહ અને ભાજપ જિલ્લા અધ્યક્ષ ભગવતી પાંડેય એકસાથે કેબિનમાં ચઢ્યા, ત્યારે જ વજન વધુ હોવા અંગે વાંધો ઉઠાવવામાં આવ્યો હતો.

---

### વડાપ્રધાન મોદીએ ઝડપી સ્વસ્થ થવાની કામના કરી

# સંજય રાઉતે બે મહિના માટે પક્ષના કાર્યક્રમોથી દૂર રહેવાનો નિર્ણય લીધો

**ડોક્ટરોએ જાહેર કાર્યક્રમોથી દૂર રહેવા અને ભીડ ટાળવાની સલાહ આપી છે :બીમારીનો ઉલ્લેખ કર્યો નથી**

। (એજન્સી) મુંબઈ, તા.૨ ।

મહારાષ્ટ્રમાં શિવસેના(ઉદ્ધવ જૂથ)ના ફાયરબ્રાન્ડ નેતા અને ઉદ્ધવ ઠાકરેના નજીકના ગણાતા સંજય રાઉતે અચાનક મોટી જાહેરાત કરી છે. તેમણે આગામી બે મહિના માટે જાહેર જીવન અને પક્ષના કાર્યક્રમોથી દૂર રહેવાનો નિર્ણય લીધો છે. તેમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર એક ભાવનાત્મક પોસ્ટમાં લખ્યું, તમે બધાએ મને ખૂબ પ્રેમ અને વિશ્વાસ આપ્યો છે. પરંતુ મને ગંભીર સ્વાસ્થ્ય સમસ્યાઓ થઈ છે અને હું સારવાર લઈ રહ્યો છું. હું સ્વસ્થ થઈ જઈશ. ડૉક્ટરોએ મને જાહેર કાર્યક્રમોથી દૂર રહેવા અને ભીડ ટાળવાની સલાહ આપી છે. જો કે, તેણે ચોક્કસ બીમારીનો ઉલ્લેખ કર્યો નથી. સંજય રાઉતની આ જાહેરાત બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ તેમના સ્વાસ્થ્ય અંગે ચિંતા વ્યક્ત કરી હતી. પીએમ મોદીએ ઠ પર રાઉતની પોસ્ટનો



જવાબ આપતા લખ્યું, સંજય રાઉત જી, તમારા ઝડપી સ્વસ્થ થવા અને સારા સ્વાસ્થ્ય માટે પ્રાર્થના કરું છું.

શિવસેના(ઉદ્ધવ જૂથ)ના નેતા સંજય રાઉતની બીમારી અંગેની અસ્પષ્ટતાને કારણે સોશિયલ મીડિયા પર વિવિધ સવાલો અને અટકળો ઊભી થઈ છે. કેટલાક યુઝર્સે સવાલ કર્યો છે કે રાઉતે તેમની બીમારીનો ઉલ્લેખ કેમ નથી કર્યો? એક સોશિયલ મીડિયા યુઝર્સે દાવો કર્યો હતો કે રાઉતની આ બધી બીમારીઓ મહારાષ્ટ્ર નવનિર્માણ સેના(MNS)ના પ્રમુખ રાજ ઠાકરેના કારણે છે. યુઝરના મતે, અગાઉ ઉદ્ધવ ઠાકરે રાજકારણમાં સંજય રાઉતને મહત્ત્વ આપતા હતા, પરંતુ હવે રાજ ઠાકરેને મહત્ત્વ આપવા લાગ્યા હોવાથી સંજય રાઉત અવગણના અનુભવી રહ્યા છે, જેના કારણે તેઓ બીમાર પડ્યા છે.

સંજય રાઉતે જાહેર કાર્યક્રમોથી દૂર રહેવાનો નિર્ણય એવા સમયે લીધો છે, જેના એક દિવસ પહેલા જ શનિવારે (પહેલી નવેમ્બર) મુંબઈમાં મતદાર યાદીમાં ગેરરીતિઓના આરોપ લગાવીને વિરોધ પક્ષો એક કૂચ કરશે. શિવસેના (ઉદ્ધવ જૂથ)ના મુખપત્ર "સામના" અનુસાર, આ કૂચનું નેતૃત્વ એનસીપી(શરદ પવાર જૂથ)ના શરદ પવાર, શિવસેના(ઉદ્ધવ જૂથ)ના ઉદ્ધવ ઠાકરે, મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના પ્રમુખ રાજ ઠાકરે, કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓ અને ડાબેરી પક્ષોના નેતાઓ સંયુક્ત રીતે કરશે.

---

### આસામના મુખ્યમંત્રીએ કોંગ્રેસ પર તીવ્ર પ્રહાર કર્યા

# કોંગ્રેસ સાંસદ ગૌરવ ગોગોઈ પાકિસ્તાન એજન્ટઃ CM સરમા

**કોંગ્રેસ સાંસદ ગૌરવ ગોગોઈ પાકિસ્તાન એજન્ટ, હું સાબિત કરીને બતાવીશ : CM હિમંત બિસ્વા સરમા**

। (એજન્સી) રોહતક, તા.૨ ।

કોંગ્રેસ સાંસદ ગૌરવ ગોગોઈ પર આસામના મુખ્યમંત્રી હેમંત બિસ્વા સરમાએ ફરીથી તીવ્ર પ્રહાર કર્યા છે, જેમાં તેમણે ગોગોઈને પાકિસ્તાની એજન્ટ ગણાવ્યા છે. સરમાએ દાવો કર્યો કે વિદેશી તાકાતોએ પોતાના લાભ માટે તેમને ભારતમાં પ્લાન્ટ કર્યા છે. પડકાર ફેંકતા સરમાએ કહ્યું કે, જો ગૌરવ ગોગોઈમાં હિંમત હોય તો તેઓ માનહાનિનો કેસ દાખલ કરીને બતાવે. તેમણે ખાતરી આપી કે ગાયક ઝુબિન ગર્ગના પરિવારને ન્યાય અપાવ્યા બાદ તેઓ આ આરોપો પણ તથ્યો સાથે સાબિત કરી બતાવશે. સરમાએ સ્પષ્ટપણે કહ્યું, ગૌરવ ગોગોઈ પાકિસ્તાની એજન્ટ છે, અને મારી પાસે તેના પુરાવા છે. તેમને વિદેશી તાકાતો દ્વારા આપણા દેશમાં પ્લાન્ટ કરાયા છે. હું આ વાત તથ્યો સાથે કહી રહ્યો છું અને એક દિવસ તે સાબિત કરી દઈશ.

જણાવી દઈએ કે ગૌરવ ગોગોઈ પર તેમની પત્ની એલિઝાબેથ કોલબર્નના કારણે અગાઉ પણ આરોપો લાગી ચૂક્યા છે. આરોપ છે કે એલિઝાબેથના પાકિસ્તાની ગુપ્તચર એજન્સી ISI સાથે લિંક છે. બ્રિટનમાં જન્મેલાં એલિઝાબેથ કોલબર્ને લંડન સ્કૂલ ઑફ ઈકોનોમિક્સમાંથી આંતરરાષ્ટ્રીય રાજકીય અર્થવ્યવસ્થામાં સ્નાતકોત્તરની ડિગ્રી પ્રાપ્ત કરી છે. વર્ષ ૨૦૧૩માં, તેમના લગ્ન આસામના પૂર્વ મુખ્યમંત્રી તરૂણ ગોગોઈના પુત્ર ગૌરવ ગોગોઈ સાથે થયા હતા. એલિઝાબેથ આબોહવા નીતિના ક્ષેત્રમાં કાર્યરત છે. જોકે, ભાજપનો આરોપ છે કે કોલબર્ન અને પાકિસ્તાનમાં યોજના આયોગના ભૂતપૂર્વ સલાહકાર અલી તૌકીર શેખ વચ્ચે લિંક છે. નોંધનીય છે કે અલી તૌકીર CDKN એશિયાના ડાયરેક્ટર પણ રહી ચૂક્યા છે, જેને ISIનો માસ્ક ગણવામાં આવે છે.

સરમાએ કહ્યું કે, SITએ તપાસ બાદ આસામ કેબિનેટને રિપોર્ટ સોંપી દીધો છે. સંવેદનશીલ માહિતી હોવાને કારણે હાલમાં તેને જાહેર કરવામાં આવી રહ્યો નથી.

બીજી તરફ, લોકસભામાં વિપક્ષના ઉપનેતા ગૌરવ ગોગોઈએ આ આરોપોને સંપૂર્ણપણે નકારી કાઢ્યા છે.

## તંત્રી લેખ...

# જંગલરાજની ઈમેજથી તેજસ્વીને દુર રાખવા લાલુના પ્રયત્નો

બિહાર વિધાનસભાની ચૂંટણીના પ્રચારમાં એનડીએના પક્ષોનો સૌથી મોટો મુદ્દો લાલુ પ્રસાદ યાદવની સરકાર વખતે બદનામ થયેલા જંગલરાજનો છે. જેલવાસ અને ખરાબ તબિયત પછી લાલુ પ્રસાદ યાદવ ચૂંટણી પ્રચારમાં ખાસ સક્રીય નથી. ઈન્ડિયા ગઠબંધને તેજસ્વી યાદવને મુખ્યમંત્રીનો ચહેરો જાહેર કર્યા છે. ઈન્ડિયા ગઠબંધનનો ચૂંટણી પ્રચાર તેજસ્વી યાદવની આસપાસ દેખાય છે. પક્ષના પોસ્ટરો અને બેનરોમાં લાલુ પ્રસાદ યાદવનું નામ કોઈ જગ્યાએ દેખાતું નથી. દરેક પોસ્ટરોમાં તેજસ્વી યાદવને બિહારનો હીરો બતાવવામાં આવ્યા છે. લાલુ પ્રસાદ યાદવ હજી પણ આરજેડીના રાષ્ટ્રીય પ્રમુખ છે, પરંતુ ચૂંટણી કાર્યક્રમોમાં હાજર રહેતા નથી. પક્ષના સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે કે લાલુએ આ રણનીતિ સમજી વિચારીને બનાવી છે. જો ઈન્ડિયા ગઠબંધન લાલુનો ચહેરો વધુ બતાવે તો જંગલરાજની યાદો પછી ફરે. લાલુએ પોતે જ ટીકાથી બચવા ચૂંટણીથી દુર રહેવાનું પસંદ કર્યું છે.

સુપ્રિમ કોર્ટે આર્ટીકલ ૧૪૨ હેઠળ મળેલી અસાધારણ સત્તાનો ઉપયોગ કરીને એક વ્યક્તિની સજા રદ કરી છે. આ વ્યક્તિને પોક્સો એક્ટ હેઠળ સજા કરવામાં આવી હતી. પીડીતા સાથે ત્યાર પછી કરેલા લગ્ન અને કુટુંબજીવનને ધ્યાનમાં રાખીને ચુકાદો સભળાવવામાં આવ્યો છે. સુપ્રિમ કોર્ટે અરજી કરનારને એની પત્ની અને બાળકોને કદી નહી છોડવા તેમજ જીવનભર ભરણપોષણ કરવાની શરત સમજાવી છે. જો તે એમા નિષ્ફળ જશે તો એણે ગંભીર પરિણામ ભોગવવા પડશે. જસ્ટીસ દીપાંકર દત્તા અને જસ્ટીસ ઓગસ્ટાઈન જ્યોર્જ મસીહની બેન્ચે અરજી કરનારને એક ગંભીર ગુના માટે દોષિત ઠેરવ્યો હતો. પરંતુ કેટલીક વિશિષ્ટ હકીકતો ધ્યાનમાં આવતા વ્યવહારીક ચૂકાદો આપ્યો હતો. પીડીતા પત્નીએ હવે એના બાળક સાથે શાંતિપૂર્વક જીવવા દેવાની વિનંતી કરી હતી.

ભારતમા પહેલી વખત ડીજીટલ અને જાતી આધારીત વસ્તી ગણતરી કરવા માટેનું પરીક્ષણ શરૂ થયું છે. ગણતરી કરનાર એટલે કે એન્યુમરેટર પોતપોતાના ક્ષેત્રોમાં નાગરીકોના ઘરે જઈને ઓનલાઈન પોર્ટલ મારફતે માહિતી ભરવામાં એમને મદદ કરશે. આ અભ્યાસ સ્વગણના મોડેલની ઉપયોગીતા તપાસવા માટે કરવામાં આવશે. દેશની આ પહેલી ડીજીટલ વસ્તી ગણતરી હશે. સ્વતંત્ર ભારતમાં પહેલી વખત જાતી આધારીત ગણતરીનો સમાવેશ પણ કરવામાં આવશે. સ્વગણના પોર્ટલ અને મોબાઈલ એપને એકથી ૧૦ નવેમ્બર તેમજ ૧૦ થી ૩૦ નવેમ્બરની વચ્ચે મર્યાદીત ક્ષેત્રોમા ચકાસવામાં આવશે. દરેક ઘરદીઠ લગભગ ૩૦ પ્રશ્નો પૂછવામાં આવશે. જેમાં રહેનારની સંખ્યા, મકાનની બાંધણી, કુટુંબના મુખીયાનું નામ, રહેનાર વ્યક્તિઓની સંખ્યા, વિજળીની વ્યવસ્થા, શૌચાલયની સગવડથી માંડીને ટીવી, કોમ્પ્યુટર, વાહન વગેરેની જાણકારી પણ મેળવવામાં આવશે.

કર્ણાટકના રાજકારણમાં છેલ્લા કેટલાક મહિનાઓથી મુખ્યમંત્રી સિદ્ધારમૈયા અને ઉપમુખ્યમંત્રી ડી કે શિવકુમાર વચ્ચે ઠંડુ યુદ્ધ ચાલી રહ્યું છે. શિવકુમારના ટેકેદારો સમયાંતરે શિવકુમાર મુખ્યમંત્રી બનવાની વાતો વહેતી મૂકે છે. ડી કે શિવકુમાર વિશે જ્યારે મુખ્યમંત્રી સિદ્ધારમૈયાને પૂછવામાં આવે છે ત્યારે એમની નારાજગી છૂપાવી શકતા નથી. એક જાહેર કાર્યક્રમ દરમિયાન એક પત્રકારે રાજ્યમાં નેતૃત્વ પરિવર્તન બાબતે સિદ્ધારમૈયાને પૂછ્યું ત્યારે એમણે ગુસ્સાનો સામનો કરવો પડયો હતો. સિદ્ધારમૈયાએ અકળાઈને જવાબ આપ્યો હતો કે ડી કે શિવકુમાર નવેમ્બર મહિનાથી મુખ્યમંત્રીનો ચાર્જ સંભાળવાના છે એ વાતમાં તથ્ય નથી. કર્ણાટકમાં એવી વાત ચાલે છે કે, ૨૧મી નવેમ્બરે ડી કે શિવકુમાર મુખ્યમંત્રી તરીકે સોગંદ લેશે. પત્રકારે સિદ્ધારમૈયાને કહ્યું કે આવું એક છાપામાં છપાય છે ત્યારે સિદ્ધારમૈયાએ મોઢુ બગાડતા જવાબ આપ્યો હતો કે તેઓ તમામ અખબારો વાંચે છે પરંતુ કોઈ અખબારમાં આવા સમાચાર છપાયા નથી.

## દિલ્હીને વાયુ પ્રદૂષણની ચુંગાલમાંથી મુક્ત કરવા માટે કડકાઇ જરૂરી

દિલ્હીની હવામાં પ્રસરેલું પ્રદૂષણ દરેક મોટા શહેરો માટે ખતરાની ઘંટડી સમાન છે. ઓલ ઈન્ડિયા ઈન્સટીટયુટ ઓફ મેડિકલ સાયન્સના ભૂતપૂર્વ ડાયરેક્ટર ડો.રણદીપે દિલ્હીમાં પ્રસરેલા હવાના પ્રદૂષણને સાયલન્ટ કીલર કહ્યું છે. આ પ્રદૂષણ માત્ર શ્વસનતંત્ર પર હુમલો નથી કરતું પણ સમગ્ર શરીરને નુકશાન કરી શકે છે.

તાજેતરમાં દિલ્હીની સરકારે ૩ કરોડ ખર્ચ્યા છતાં કૃત્રિમ વરસાદનું એક ટીપું પડયું નથી એવી ટીકા થઇ રહી છે પરંતુ હકીકત તો એ છે કે તેમના પ્રયાસની પ્રશંસા થવી જોઇએ. કેમકે કૃત્રિમ વરસાદજ દિલ્હીની હવામાં પ્રસરેલા રજકણોને દબાવી શકે છે.

ડો રણદીપ કહે છેકે ૦.૧ માઈક્રોનથી પણ નાના કહી શકાય તેવા સૂક્ષ્મ પાર્ટીકલ માત્ર ફેફસા સુધી પહોંચે છે એમ માનવાની જરૂર નથી તે શરીરના લોહી સાથે ભળીને શરીરના દરેક ભાગમાં પ્રસરે છે. તે શરીરમાં સોજો લાવી શકે છે. તે શરીરમાં લોહી ફેરવતી નળીઓને સાંકડી બનાવી શકે છે. જેના કારણે સ્ટ્રોક અને હાર્ટએટેક પણ આવી શકે છે. સામાન્ય રીતે એમ મનાય છે કે હવાના પ્રદૂષણથી કફ અને શ્વાસ લેવામાં મુશ્કેલી ઉભી થાય છે.પરંતુ ડો રણદીપના મતે આ સાઈલન્ટ કીલરના માઈક્રો પાર્ટીકલ કેન્સરને પણ નોંતરી શકે છે. વિશ્વમાં ૨૦૨૪માં હવામાં પ્રદૂષણથી થયેલા મોત પર નજર કરીયે તો તે આંકડો ૮.૧ મિલીયનને વટાવી ગયો છે એટલેકે આ આંક કોરોનામાં થયેલા મરણ કરતાં પણ વધારે છે.

કૃત્રિમ વરસાદ માટે અમલમાં મુકાતું ક્લાઉડ સીડીંગ બહુ ખર્ચાળ હોય છે. દિલ્હીની સરકારે આઈઆઈટી કાનુપર સાથે કૃત્રિમ વરસાદ માટે એમઓયુ કર્યા હતા. એક કિલોમીટર વિસ્તારમાં ક્લાઉડ સીડીંગ પાછળ ૨૦,૦૦૦ રૂપિયાનો ખર્ચ આવે છે. હવામાં ભેજનું પ્રમાણ ઓછું હોવાના કારણે આવા પ્રોજેક્ટ સફળ થતા નથી.

દિવાળીના દિવસોમાં મોટા પાયે ફટાકડા ફૂટવાના કારણે અમદાવાદ જેવા સ્વચ્છ શહેરમાં પણ હવાનું પ્રદૂષણ જોવા મળ્યું હતું. જ્યારે કોલસાનો ઉપયોગ રસોઈ કામમાં થતો હતો ત્યારે કેટલાક મજૂર વિસ્તારોમાં સાંજના સમયે સખત ધૂમાડો પ્રસરી જતો હતો. ત્યાં શ્વાસ લેવો પણ મુશ્કેલ બની જતો હતો.

કૃત્રિમ વરસાદ પડશે અને દિલ્હીના લોકોને રાહત થશે તે વાત હવે તાત્કાલીક સમયમાં આગળ વધી શકે એમ નથી. દિલ્હીને હવાના પ્રદૂષણથી મુક્ત કરવાના પ્લાન એક દિવસમાં એક કૃત્રિમ વરસાદથી નિવારી શકાય એમ નથી. યમુના નદીના પ્રદૂષણને દુર કરવા જેમ પાંચ વર્ષનું પ્લાનીંગ કરવું પડે છે એમ દિલ્હીના પ્રદૂષણના કેસમાં પાંચ વર્ષથી પણ વધુ લાંબા પ્લાનીંગની જરૂરી છે.

દિલ્હીમાં અરવિંદ કેજરીવાલની આમ આદમી પાર્ટીની સરકાર હતી ત્યારે તે પર્યાવરણની રક્ષા માટે લેવાયેલા તમામ પગલાનું માર્કેટીંગ કરવા પાછળ લાખોનો ધૂમાડો કરતી હતી.

દિલ્હીમાં વર્તમાન ભાજપની સરકારે છઠની પૂજા વખતે યમુનાના કિનારા સ્વચ્છ કરીને વાહવાહી મેળવી લીધી હતી પરંતુ હવાનું કાળમૂખું પ્રદૂષણ દિલ્હીના લોકોને ગળી જવા તેયાર બેઠું છે તે બાબતે બહુ ધ્યાન રાખ્યું નહોતું.

દિલ્હીની સરકારે પોતાના પ્રધાનોને પેટ્રોલ-ડિઝલની કારના બદલે ઈલેકટ્રીક કાર પર શિફ્ટ થવું ફરજીયાત કરવા જેવા કડક નિર્ણયો લેવા પડશે. લોકો વધુ ઈવી ખરીદતા થાય તે માટે સબસીડી આપવી પડશે. ધૂમાડો ઓકતા દરેક ઉદ્યોગોને સીલ મારવા જેવી હિંમત બતાવવી પડશે. ડિઝલના ધૂમાડા ઓકતી ટ્રકો તેમજ ખેતરોમાં બળાતા વેસ્ટ સામે પણ કડક બનવું પડશે. દિલ્હીમાં વૃક્ષોની માત્રા બમણી કરવા પ્રયાસ કરવા પડશે. દિલ્હીના હવા પ્રદૂષણની સમસ્યા રાજકીય નથી પરંતુ સત્તા પર બેસીને પર્યાવરણ સાથે છેતરપીંડી કરતા લોકોના કારણે ઉભી થયેલી છે. રાજકીય તખ્તા પર પડશે એમ દેવાશે જેવી નિતી પર્યાવરણ સામેના જંગમાં અપનાવી શકાય એમ નથી.

**ચાબહાર ઉપર અમેરિકાએ છ મહિના સુધી પ્રતિબંધ ઉઠાવી લીધો છે જે ભારત, મધ્ય એશિયાના દેશો અને યુરોપના કેટલાક દેશોના વેપારને મોટો લાભ કરાવશે**

# ચાબહાર પર અમેરિકી રાહત : ભારત-યુરેશિયાને વધુ ફાયદો થશે

**અમેરિકાએ 29 ઓક્ટોબરે જ જાહેરાત કરી દીધી કે, આગામી છ મહિના સુધી ચાબહાર પોર્ટ ઉપર અમેરિકાના કોઈ પ્રતિબંધો રહેશે નહીં. ચાબહાર પોર્ટ ઉપર અમેરિકી પ્રતિબંધો દૂર થવાથી અબજો ડોલરનું રોકાણ કરીને ડેવલપમેન્ટના કામ કરનારા ભારતને સૌથી મોટો ફાયદો થવાનો છે રોકાણ અને કામગીરીના મુદ્દે આ બંદર ખૂબ જ મહત્ત્વપૂર્ણ જગ્યા છે. આ બંદર ઉપર કામગીરી ચલાવવા માટે પણ ભારત દ્વારા મશીનરી અને નાના-મોટા સંસાધનો આપેલા છે**

અમેરિકાએ તાજેતરમાં ઈરાનના ચાબહાર પોર્ટ યોજના ઉપર લગાવેલા પ્રતિબંધો છ મહિના માટે દૂર કર્યા છે. ચાબહાર પોર્ટ યોજના ઉપર અમેરિકા દ્વારા લગાવાયેલા આ પ્રતિબંધો દૂર થવાથી ઘણા દેશોને રાહત થશે. ખાસ કરીને અબજો ડોલરનું રોકાણ કરીને ડેવલપમેન્ટના કામ કરનારા ભારતને સૌથી મોટો ફાયદો થવાનો છે. ભારત અને ઈરાન દ્વારા સંયુક્ત રીતે આ પોર્ટનું ડેવલપમેન્ટ કરવામાં આવી રહ્યું છે. જાણકારોના મતે અમેરિકા દ્વારા ગત મહિને જ સંકેત આપવામાં આવ્યા હતા કે, ઈરાનના ચાબહાર પોર્ટ ઉપરથી પ્રતિબંધો દૂર કરવામાં આવશે. આ અંગે આગામી સમયમાં કામચલાઉ નિર્ણય લેવાશે અને આદેશ પણ જારી કરાશે. અમેરિકાએ ૨૯ ઓક્ટોબરે જ જાહેરાત કરી દીધી કે, આગામી છ મહિના સુધી ચાબહાર પોર્ટ ઉપર અમેરિકાના કોઈ પ્રતિબંધો રહેશે નહીં. મહત્ત્વની વાત એ છે કે, ભારતે મે ૨૦૨૪માં જ ૧૦ વર્ષ માટે ઈરાન સાથે કરાર કરીને મોટાપાયે રોકાણ કર્યું હતું. પોર્ટ, શિપિંગ, વોટર વે મિનિસ્ટ્રી હેઠળ સરકારી કંપની ઈન્ડિયા પોર્ટ્સ ગ્લોબલ લિમિટેડે પોર્ટ વિકાસ માટે કરોડો ડોલરનું રોકાણ કરવાના કરાર કર્યા હતા. તેમાંથી ઘણુંખરું રોકાણ કરી દેવામાં આવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે, ઈરાનમાં ભારત દ્વારા મુખ્યત્વે તો ચાબહાર બંદર અને તેની સાથે જોડાયેલી રેલવે યોજનામાં મોટાપાયે રોકાણ કરેલું છે. આ યુદ્ધ શરૂ થયું તે પહેલાથી આ તમામ પ્રોજેક્ટ મોટાપાયે ચાલી રહ્યા છે. હાલમાં સર્જાયેલી સંઘર્ષની પરિસ્થિતિથી આ પ્રોજેક્ટને મોટી અસર પડશે. જો સંઘર્ષ વધ્યો તો નકારાત્મક અસરો સર્જાશે અને કદાચ કામગીરી બંધ કરવાની આવે અથવા તો યુદ્ધના કારણે નુકસાન પણ ભોગવવાનું આવી શકે તેમ છે. ઈરાનમાં યુદ્ધના કારણે પ્રોજેક્ટ્સમાં જે વિલંબ થશે અને નુકસાન થશે તેના કારણે ભારતીય અર્થતંત્રને પણ વ્યાપક નુકસાન થવાના એંધાણ છે. હાલમાં ઈરાન અને ઈઝરાયેલનું યુદ્ધ ભારતના આર્થિક રોકાણ, વ્યાપારિક કામગીરીઓ અને હવે વિદેશ નીતિ પણ સમસ્યાની એરણે આવી ગઈ છે. ભારતના અબજો રૂપિયાનું રોકાણ ઈરાનમાં થયેલું છે અને તેવી જ રીતે ઈઝરાયેલમાં પણ રોકાણ થયેલા છે. હવે યુદ્ધની સ્થિતિમાં સુધારો નહીં આવે તો ભારતના રોકાણ સામે મોટું જોખમ ઊભું થશે. જાણકારોના મતે ચાબહાર ખાતે ભારત અને ઈરાનનો મહત્ત્વપૂર્ણ પ્રોજેક્ટ ચાલી રહ્યો છે. ભારતે ચાબહાર બંદરના વિકાસમાં ૭.૫ અબજ રૂપિયાનું રોકાણ કર્યું છે. રોકાણ અને કામગીરીના મુદ્દે આ બંદર ખૂબ જ મહત્ત્વપૂર્ણ જગ્યા છે. આ બંદર ઉપર કામગીરી ચલાવવા માટે પણ ભારત દ્વારા મિશનરી અને નાના-મોટા સંસાધનો આપેલા છે. ચાબહાર બંદર ભારત માટે એક રણનીતિક પ્રવેશદ્વાર જેવું છે. આ જગ્યા દ્વારા ભારતને અફઘાનિસ્તાન, મધ્ય એશિયા અને યુરેશિયામાં વ્યાપારી વ્યવહારો કરવાની સાનુકુળતા મળે છે. આ જગ્યા ભારત માટે ખરેખર ખૂબ જ મહત્ત્વની છે. આ પોર્ટ હકિકતે તો ચીનના ગ્વાદર પોર્ટને ટક્કર આપવા માટે મહત્ત્વની કડી સમાન છે. ભારત અને ઈરાન ચાબહાર પોર્ટને જોડવા માટે ચાબહાર-જાહેદાન રેલવે યોજના ઉપર પણ ભારત કામ કરી રહ્યું છે. બંને દેશઓ આ યોજનાને ઝડપથી પૂરી કરવા માગે છે. આ ૭૦૦ કિ.મી. લાંબી રેલવે લાઈન હશે માલસામાનને લાવવા અને લઈ જવા માટે મહત્ત્વની ભૂમિકા ભજવશે. ભારતના વેપારની વાત કરીએ તો, ચાબહાર પોર્ટ ભારત માટે ખૂબ જ મહત્ત્વની જગ્યા છે. ભારત અહીંયાથી જ યુરોપ અને એશિયાના બીજા દેશો સાથેનો વેપાર સારી રીતે કરે છે. જાણકારોના મતે ઈરાક, જોર્ડન, લેબનોન, સીરિયા અને યમન સહિતના પશ્ચિમી એશિયાના દેશોમાં ભારતીયની નિકાસ કુલ ૮.૬ અબજ ડોલર અને આયાત ૩૩.૧ અબજ ડોલરની છે. નાણાકિય વર્ષ ૨૦૨૫માં ઈરાનને ભારતે ૧.૨૪ અબજ ડોલરની નિકાસ કરી હતી. તેમાં ૭૫૩ મિલિયન ડોલરના બાસમતી ચોખા, ૫૩ મિલિયન ડોલરના કેળા, ૭૦ મિલિયન ડોલરના સોયા, ૨૫ મિલિયન ડોલરની ચા, ૨૮ મિલિયન ડોલરના ચણા મોકલાવ્યા હતા. ખાસ બાબત એ છે કે, ૨૦૧૬માં ભારત, ઈરાન અને અફઘાનિસ્તાન વચ્ચે ત્રિપક્ષીય સમજુતી થઈ હતી જેમાં એક ઈન્ટરનેશનલ ટ્રાન્સપોર્ટ સિસ્ટમ વિકસિત કરવાની વાત થઈ હતી. ત્યાંથી ભારત એશિયાના દેશો જેવા કે ઉઝબેકિસ્તાન, કઝાકિસ્તાન અને તુર્કમેનિસ્તાન જેવા દેશો સુધીના વેપારને પ્રોત્સાહન આપી શકે. વ્યાપારિક દ્રષ્ટીએ આ પોર્ટ ખૂબ જ મહત્ત્વ ધરાવે છે અને તેથી જ ભારત અને ઈરાને તેને સંયુક્ત રીતે વિકસિત કરવાની યોજના બનાવી હતી. ઈરાન સાથેના કામમાં અમેરિકાએ કાયમ આડા ઉતરવાનું કામ કર્યું જ છે. અમેરિકાને મોટાભાગે ઈરાન સાથે સમયાંતરે વાંકુ પડે છે અને તેના ઉપર જાતભાતના પ્રતિબંધો મુકતું રહે છે. અમેરિકી પ્રતિબંધોએ કાયમ ભારતીય પ્રોજેક્ટમાં વિઘ્ન નાખ્યું જ છે. ૨૦૧૮થી ભારતને અમેરિકી પ્રતિબંધોમાંથી છૂટ મળી હતી પણ સપ્ટેમ્બર ૨૦૨૫માં અમેરિકાએ તેને રદ કરવાની ધમકી આપી હતી. હવે ફરીથી છ મહિનાની છૂટ આપી છે જેથી ભારતને રાહત છે. ભારત હવે વધુ છ મહિના સુધી આઈપીજીએલ ખાતે કામગીરી અને સંચાલન કરી શકશે. જાણકારોના મતે ભારત ઘણા સમયથી ઈરાન દ્વારા યુરેશિયા સાથે જોડાતા નેટવર્ક ઉપર થોભે અને રાહ જૂઓની નીતિ અપનાવીને કામ કરતું હતું.

જિયો પોલિટિક્સના જાણાકારો માને છે કે, ભારતે હવે રશિયા અને ઈરાન સાથે નવેસરથી જોડાણ કરીને ડેપલપમેન્ટ અને ઈન્વેસ્ટમેન્ટના નવા રસ્તા શોધવા જોઈએ. તેઓ મેકિનિઝમ, ઈન્વેસ્ટમેન્ટ રિસોર્સ અને ઈકોનોમિક યૂનિટ્સ બનાવીને કામ કરે જેમાં નવા દેશો સાથે નવેસરની ભાગીદારી કરી શકાય અને નવા આયામ ઉપર કામ કરી શકાય. ખાસ કરીને પશ્ચિમી પ્રતિબંધોથી સરકારી કંપનીને સુરક્ષિત રાખવા અને વારંવાર થતા પ્રતિબંધથી અટકતા કામ અને થતા નુકસાનને દૂર કરવા માટે પણ નવા યોજના અને જોડાણ જરૂરી થઈ ગયા છે. જાણકારો માને છે કે, ભારત માટે હવે ખૂબ જ જરૂરી થઈ ગયું છે કે, તે ઈન્ટરનેશનલ નોર્થ, સાઉથ કોરિડોરમાં આધુનિક લોજિસ્ટિક્સ અને પરિવહનના માળખાનો વિકાસ કરે. આ દિશામાં કામ કરવામાં આવશે તો વિઘ્ન વગર અને પ્રતિબંધો વગર સરળતાથી કામ કરી શકાશે. ભારત જો ઈરાન થકી લાંબા સમય સુધી કોઈપણ જાતના વિઘ્ન અને અડચણ વગર કામ કરવા માગતો હોય તો તેણે અમેરિકાના પ્રતિબંધોથી આગળ વધીને નવી યોજનાઓ ઉપર વિચાર કરવો જોઈએ.

ઉલ્લેખનીય છે કે, ચાબહાર પોર્ટ ભારતના પશ્ચિમી કિનારાથી ૮૦૦ કિલોમીટર દૂર છે. પાકિસ્તાનના ગ્વાદર પોર્ટથી ઘણું નજીક આવેલું આ ચાબહાર પોર્ટ ભારત માટે એક વૈકલ્પિક માર્ગ છે. તેના દ્વારા ભારત મધ્ય એશિયા સાથે જોડાવા માટે પાકિસ્તાન ઉપરની નિર્ભરતાથી મુક્ત થઈ જાય છે. તાલિબાની શાસન આવવા દરમિયાન ભારત અને અફઘાનિસ્તાનના સંબંધો અટકી ગયા હતા. હવે તાલિબાનોના નવા શાસન દરમિયાન સ્થિતિ ઘણી બદલાઈ છે. તાલિબાન સરકારના વિદેશ મંત્રી આમિર ખાન મુત્તાકી થોડા સમય પહેલાં જ ભારત પ્રવાસ કરીને ગયા છે. આ પોર્ટ થકી ભારતને મદદ કરવાની અને વેપાર આગળ વધારવાની ચર્ચા તેમની સાથે થઈ હોય તેવું માનવામાં આવી રહ્યું છે. આ સિવાયના રોકાણની વાત કરીએ તો ઈન્ટરનેશનલ ઉત્તર-દક્ષિણ કોરિડોર કે જે ૭,૨૦૦ કિ.મી. લાંબો મલ્ટીમોડ ટ્રાન્સપોર્ટેશન કોરિડોર બનવાનો છે. તે ભારત, ઈરાન, અફઘાનિસ્તાન, આર્મેનિયા, અઝરબૈઝાન, રશિયા, મધ્ય એશિયા અને યુરોપ વચ્ચે માલ સામાનના સપ્લાય અને વેપાર માટે ખૂબ જ મહત્ત્વનો બની રહેશે. ચાબહાર બંદર પણ આ કોરિડોરની સાથે જ સંકળાયેલો એક ભાગ છે. આ યોજના ભારતના અર્થતંત્રને મજબૂતી આપશે અને તેના પ્રાદેશિક પ્રભાવને ખૂબ જ વધારશે. હાલમાં કેટલાક ભાગનું નિર્માણ થઈ ગયું છે અને કેટલાકનું નિર્માણ ચાલું છે અને કેટલાકનો ઉપયોગ શરૂ કરી દેવાયો છે. આ તમામમાં ભારતે વ્યાપક રોકાણ કરેલું છે.

ચાબરપોર્ટ માત્ર ઈરાન સાથેનું જોડાણ કે મધ્ય એશિયાનો રસ્તો એટલું જ નહીં તેનું મહત્ત્વ ઘણું છે. ખાસ કરીને ભારત માટે ખૂબ જ મહત્ત્વ ધરાવે છે. ભારત માટે રણનૈતિક દ્રષ્ટીએ પણ તેનું ખૂબ જ મહત્ત્વ છે. ચાબહાર પોર્ટ અને તેની સાથે જોડાયેલા વિવિધ યોજનાઓ અફઘાનિસ્તાન, મધ્ય એશિયા અને યુરોપને ભારત સાથે જોડે છે. તેનું આર્થિક મહત્ત્વ પણ ખૂબ જ મોટું છે.

**આપણી દિવાળીની જેમ આ દિવાળી પણ અગિયારસથી પૂનમ સુધી ઉજવવામાં આવે છે**

# પતિવ્રતા સ્ત્રીનાં શ્રાપથી સ્વયં ઈશ્વર પણ દંડિત થયાં હતાં, એ પ્રબોધિની એકાદશીનો બોધ છે



સદગુરુ વચનામૃત

સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**ઉપરાંત આ દિવસને તુલસી વિવાહ તરીકે પણ ઓળખવામાં આવે છે. લગભગ દરેક હિંદુઓના ઘરમાં તુલસીનો ક્યારો કે કૂંડું જોવા મળે છે, તુલસી લક્ષ્મીનું સ્વરૂપ છે. જેને કોઈને દીકરી ન હોય તે તુલસી વિવાહ કરી, કન્યાદાનનું પુણ્ય મેળવે છે. સમાજના બે પ્રતિષ્ઠિત મોભી એક વિષ્ણુ એટલે કે શાલીગ્રામના પિતા બને છે, અને એક તુલસીના પિતા બની, આ કાર્ય જાહેર જગ્યામાં ઉજવણી રૂપે કરવામાં આવે છે**

આપણી દિવાળી પૂરી થઈ અને હવે દેવની દિવાળી શરૂ થશે. પહેલા માનવીની દિવાળી આવે એટલે ચક્ર ઉંધુ ફર્યું એમ લાગે, પણ ભગવાન પહેલા ભક્તને ખુશી આપે અને પછી પોતે ખુશ થાય. કારતક સુદ અગિયારસને પ્રબોધિની અગિયારસ અથવા તો દેવ ઉઠી અગિયારસ પણ કહેવામાં આવે છે. અષાઢ મહિનાની અગિયારસ એ દેવને પોઢાડવામાં આવે છે, અને કારતક માસની અગિયારસે ઉઠાડવામાં આવે છે, અને ઘણાં ચાતુર્માસની અગિયારસના વ્રતનો પણ ઘણાં સંકલ્પ કરે છે. આપણી દિવાળી પૂરી થઈ અને હવે દેવની દિવાળી શરૂ થશે. પહેલા માનવીની દિવાળી આવે એટલે ચક્ર ઉંધુ ફર્યું એમ લાગે, પણ ભગવાન પહેલા ભક્તને ખુશી આપે અને પછી પોતે ખુશ થાય. કારતક સુદ અગિયારસને પ્રબોધિની અગિયારસ અથવા તો દેવ ઉઠી અગિયારસ પણ કહેવામાં આવે છે. અષાઢ મહિનાની અગિયારસ એ દેવને પોઢાડવામાં આવે છે, અને કારતક માસની અગિયારસે ઉઠાડવામાં આવે છે, અને ઘણાં ચાતુર્માસની અગિયારસના વ્રતનો પણ ઘણાં સંકલ્પ કરે છે. આજે દેવ એટલે ભગવાન વિષ્ણુનાં લગ્નનો દિવસ પણ છે, અથવા તો દેવની દિવાળીની શરૂઆત થઈ. આપણી દિવાળીની જેમ આ દિવાળી પણ અગિયારસથી પૂનમ સુધી ઉજવવામાં આવે છે. હિન્દુ પંચાંગ પ્રમાણે આજથી લગ્નની મોસમ પણ શરૂ થશે. પહેલાં ભગવાનના લગ્ન થાય, પછી જ આપણાં લગ્ન થાય એવી પ્રથા આ સાથે જોડાયેલી છે. ઉપરાંત આ દિવસને તુલસી વિવાહ તરીકે પણ ઓળખવામાં આવે છે. લગભગ દરેક હિંદુઓના ઘરમાં તુલસીનો ક્યારો કે કૂંડું જોવા મળે છે, તુલસી લક્ષ્મીનું સ્વરૂપ છે. જેને કોઈને દીકરી ન હોય તે તુલસી વિવાહ કરી, કન્યાદાનનું પુણ્ય મેળવે છે. સમાજના બે પ્રતિષ્ઠિત મોભી એક વિષ્ણુ એટલે કે શાલીગ્રામના પિતા બને છે, અને એક તુલસીના પિતા બની, આ કાર્ય જાહેર જગ્યામાં ઉજવણી રૂપે કરવામાં આવે છે. તુલસી વિવાહ સાથે એક પૌરાણિક કથા પણ જોડાયેલી છે.

પૌરાણિક સમયમાં રાક્ષસ કુળમાં વૃંદા નામની એક કન્યાનો જન્મ થાય છે, જે રાક્ષસ કુળમાં જન્મી હોવા છતાં વિષ્ણુની પરમ ભક્ત હોય છે, અને દિવસ-રાત વિષ્ણુની પૂજા કરવી એ તેનો રોજીંદો નિયમ હતો. મોટી થતાં આ કન્યાનાં લગ્ન રાક્ષસ કુળનાં જ જલંધર નામનાં એક રાજા સાથે થાય છે. જલંધર બધી જ રીતે બહાદુર હતો, અને તે એક બાહોશ યોદ્ધા પણ હતો. તે સમયગાળા દરમિયાન દેવ-દાનવ વચ્ચે યુદ્ધ થયું, અને જલંધર તે યુદ્ધમાં લડવા માટે નીકળે છે, ત્યારે તેની પતિવ્રતા પત્ની વૃંદા પતિને જણાવે છે, કે આપ યુદ્ધ કરીને પાછા નહીં ફરો ત્યાં સુધી હું અહીં આપનાં આયુષ્ય માટે મંત્ર અનુષ્ઠાન કરીશ. એ પછી તે યુદ્ધ માટે ચાલી નીકળે છે, અને યુદ્ધમાં દેવતાઓને જલંધરનો મુકાબલો કરવો બહુ અઘરો પડે છે. કોઈ તેને હરાવી શકતું નથી, આથી દેવતાઓ ભગવાન વિષ્ણુ પાસે જાય છે, અને જલંધરને હરાવવા માટે કોઈ માર્ગ કરવાનું કહે છે. ભગવાન વિષ્ણુ સ્પષ્ટ રીતે ના પાડે છે, કે તેની પત્ની વૃંદા મારી પરમ ભક્ત હોયને, હું તમારી કોઈ મદદ કરીશ નહીં, પરંતુ દાનવોને હરાવવા માટે એ સિવાય બીજો કોઇ છુટકો ન હોવાથી, અંતે માની જાય છે. ભગવાન વિષ્ણુ પોતે સ્વયં જલંધરનું રૂપ ધરી અને વૃંદા પાસે પહોંચે છે. મંત્ર અનુષ્ઠાનમાં બેઠેલી વૃંદા, પતિને જોઈને મંત્ર કરતી ઉભી થઇ તેનો ચરણ સ્પર્શ કરે છે, આ રીતે તેનું અનુષ્ઠાન વચ્ચેથી અધૂરું છૂટતા, અહીં જલંધરનું મૃત્યુ થાય છે, અને તેનું મસ્તક આવીને અહીં પડે છે. વૃંદા પતિના મસ્તક સામે જોવે છે, અને સામે ઉભેલ જલંધર રુપે વ્યક્તિને જુએ છે. ત્યારે ભગવાન વિષ્ણુ પોતાના મૂળ સ્વરૂપમાં આવે છે, અને આથી વૃંદાને આખી યોજના સમજાઈ જાય છે. એક પતિવ્રતા સ્ત્રીનું વ્રત ભંગ કરવા માટે ક્રોધિત થઈ તે તાત્કાલિક ભગવાનને શ્રાપ આપે છે, કે તે પથ્થર બની જાય, અને ભગવાન તરત જ પથ્થર બની જાય છે. આ વાતથી દેવતાઓમાં હાહાકાર મચી જાય છે, અને લક્ષ્મીજી વૃંદાને આજીજી કરે છે, તેથી વૃંદા ભગવાનને શ્રાપ મુક્ત કરે છે. આ પથ્થરને આપણે શાલીગ્રામ તરીકે ઓળખીએ છીએ. ભગવાન શંકરાચાર્ય બતાવ્યા મુજબની પંચ દેવપૂજામાં આપણે વિષ્ણુ તરીકે શાલિગ્રામને જ રાખીએ છીએ. સતી વૃંદા તે પછી પતિના મસ્તકને ખોળામાં રાખી સતી થાય છે, અને એ રાખમાંથી તુલસીનો જન્મ થાય છે. તેથી તે તુલસી સાથે શાલીગ્રામ સ્વરુપે ઈશ્વરનાં લગ્ન કરવાથી તેને શ્રાપમાંથી મુક્તિ મળે છે. તે દિવસથી ભગવાનનો અંશ આ પથ્થરમાં પણ વાસ કરે છે, અને તુલસી પર્ણ વગર તે કોઈ ભોગ ગ્રહણ નહીં કરે તેવું પણ કહે છે.

આ અગિયારસનું નામ પ્રબોધિની એટલા માટે રાખવામાં આવ્યું છે, કે આ અગિયારસ આપણને એક બોધ આપે છે, કે પતિવ્રતા સ્ત્રીનું વ્રત ભંગ કરનાર જો સ્વયં ઈશ્વર હશે, તો તેને પણ શ્રાપ લાગી શકે છે. માટે એ સ્ત્રી પછી દેવ કુળની હોય, રાક્ષસ કુળની હોય, કે નાગ ગંધર્વ કે માનવ કુળની હોય, પણ તેનો પતિવ્રતા ધર્મ જો અખંડ હશે, તો તેને ઈશ્વર પણ હરાવી નહીં શકે. સતી વૃંદાએ તે વખતે ઈશ્વરને એક બીજો શ્રાપ આપ્યો હતો, કે તમારે પણ પત્ની વિયોગ સહન કરવો પડશે, એટલે વિષ્ણુ ભગવાન રામ તરીકે જન્મ લે છે, અને સીતાના વિયોગનું દુઃખ સહન કરે છે. તો આ થઈ પૌરાણિક વાત કે જેને કારણે આપણે ત્યાં તુલસી વિવાહ થાય છે.

લક્ષ્મીના અવતાર તરીકે કે સતી વૃંદા સ્વરૂપે આપણે ત્યાં તુલસીને દરેક આંગણામાં સ્થાન મળ્યું છે, અને હિન્દુ સ્ત્રીઓ રોજ તુલસીનું પૂજન કરી, પોતાનું સુખ-સમૃદ્ધિ ટકાવી રાખવા તુલસી રુપે લક્ષ્મી માતાની પૂજા કરે છે. આ ઉપરાંત તુલસીને એક આયુર્વેદિક ઔષધી પણ બતાવવામાં આવી છે, જે લગભગ દરેક પ્રકારના રોગમાં ઉપયોગી છે.ખાસ કરીને શરદી સળેખમ અને પેટના રોગોમાં તુલસીના પાનનો અર્ક ગ્રહણ કરવો, અથવા તો તુલસીના પાનનો ઉકાળો બનાવીને પીવાથી, ઘણી રાહત રહે છે. તુલસી છોડ રૂપે જ લગભગ જોવા મળે છે. ત્રીસથી ચાલીસ સેન્ટિમીટર જેટલો ઊંચો તેનો છોડ થાય છે, અને લંબગોળ આકારના તેના પર્ણ હોય છે. સ્વાદમાં જરાક તીખા અને વિશિષ્ટ સુગંધ ધરાવતા આ પર્ણનું સેવન ઘણાં લોકો કરતા હોય છે. તુલસીમાં પણ ઘણાં પ્રકાર જોવામાં આવે છે. શ્યામ તુલસી, રામ તુલસી, તિલક તુલસી, તેમજ વન સ્વરૂપે જોવા મળતા ગાઢ તુલસી. અમુક ઊંચાઈ સુધી છોડની વૃદ્ધિ થતાં તેમાં માંજર આવે છે, અને આ માંજરમાંથી બીજા તુલસીના છોડ બંને છે. વૈષ્ણવના ઘરમાં તુલસી વિવાહ થયા પછી તુલસી મુરજાઈ જાય છે, તેવી એક માન્યતા પણ પ્રચલિત છે, તેથી તેઓ આ માંજર લગ્ન પહેલાથી જ બીજા કુંડામાં વાવી દેતા હોય છે, જેથી કરીને બીજો છોડ તરત થવાં લાગે. આ ઉપરાંત ઘણા પ્રાંતોમાં આ લગ્ન અગિયારસથી શરૂ કરી પૂનમ સુધી ઉજવવામાં આવે છે, અને પૂનમના દિવસે ભગવાન શાલીગ્રામના તુલસી સાથે સાત ફેરાથી વિધિવત લગ્ન સંપન્ન કરવામાં આવે છે. આપણે સૌ દેવની દિવાળીની ઉજવણી આંતરિક રીતે ગુણ સમૃદ્ધ થઈને ઉજવીએ, દરેકે દરેક સ્ત્રીનું સન્માન કરીએ, અને ભક્તિભાવથી રોજ કોઈને કોઈ રીતે ઈશ્વરનું અનુસંધાન થાય તેવી પૂજાપાઠનો નિયમ લઈએ. આપણી દિવાળી પૂરી થઈ અને હવે દેવની દિવાળી શરૂ થશે. પહેલા માનવીની દિવાળી આવે એટલે ચક્ર ઉંધુ ફર્યું એમ લાગે, પણ ભગવાન પહેલા ભક્તને ખુશી આપે અને પછી પોતે ખુશ થાય. કારતક સુદ અગિયારસને પ્રબોધિની અગિયારસ અથવા તો દેવ ઉઠી અગિયારસ પણ કહેવામાં આવે છે. અષાઢ મહિનાની અગિયારસ એ દેવને પોઢાડવામાં આવે છે, અને કારતક માસની અગિયારસે ઉઠાડવામાં આવે છે, અને ઘણાં ચાતુર્માસની અગિયારસના વ્રતનો પણ ઘણાં સંકલ્પ કરે છે. આજે દેવ એટલે ભગવાન વિષ્ણુનાં લગ્નનો દિવસ પણ છે, અથવા તો દેવની દિવાળીની શરૂઆત થઈ. આપણી દિવાળીની જેમ આ દિવાળી પણ અગિયારસથી પૂનમ સુધી ઉજવવામાં આવે છે. હિન્દુ પંચાંગ પ્રમાણે આજથી લગ્નની મોસમ પણ શરૂ થશે. પહેલાં ભગવાનના લગ્ન થાય, પછી જ આપણાં લગ્ન થાય એવી પ્રથા આ સાથે જોડાયેલી છે. ઉપરાંત આ દિવસને તુલસી વિવાહ તરીકે પણ ઓળખવામાં આવે છે. લગભગ દરેક હિંદુઓના ઘરમાં તુલસીનો ક્યારો કે કૂંડું જોવા મળે છે, તુલસી લક્ષ્મીનું સ્વરૂપ છે. જેને કોઈને દીકરી ન હોય તે તુલસી વિવાહ કરી, કન્યાદાનનું પુણ્ય મેળવે છે. સમાજના બે પ્રતિષ્ઠિત મોભી એક વિષ્ણુ એટલે કે શાલીગ્રામના પિતા બને છે, અને એક તુલસીના પિતા બની, આ કાર્ય જાહેર જગ્યામાં ઉજવણી રૂપે કરવામાં આવે છે. તુલસી વિવાહ સાથે એક પૌરાણિક કથા પણ જોડાયેલી છે.

પૌરાણિક સમયમાં રાક્ષસ કુળમાં વૃંદા નામની એક કન્યાનો જન્મ થાય છે, જે રાક્ષસ કુળમાં જન્મી હોવા છતાં વિષ્ણુની પરમ ભક્ત હોય છે, અને દિવસ-રાત વિષ્ણુની પૂજા કરવી એ તેનો રોજીંદો નિયમ હતો. મોટી થતાં આ કન્યાનાં લગ્ન રાક્ષસ કુળનાં જ જલંધર નામનાં એક રાજા સાથે થાય છે. જલંધર બધી જ રીતે બહાદુર હતો, અને તે એક બાહોશ યોદ્ધા પણ હતો. તે સમયગાળા દરમિયાન દેવ-દાનવ વચ્ચે યુદ્ધ થયું, અને જલંધર તે યુદ્ધમાં લડવા માટે નીકળે છે, ત્યારે તેની પતિવ્રતા પત્ની વૃંદા પતિને જણાવે છે, કે આપ યુદ્ધ કરીને પાછા નહીં ફરો ત્યાં સુધી હું અહીં આપનાં આયુષ્ય માટે મંત્ર અનુષ્ઠાન કરીશ.

### ફિલ્મ સફળ થાય તો જ મને કમાણી થાયઃ આમિર ખાન

## અભિનેતા આમિર ખાને ૨૦ વર્ષથી એક્ટર તરીકે ફી લીધી નથી



### આમિરે કહ્યું હતું કે, એક્ટર્સ માટે ફી લેવાના બદલે નફામાંથી આવક લેવાનું આ મોડેલ ઘણું જૂનું છે

આમિર ખાને છેલ્લા ૩૭ વર્ષમાં ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ઘણાં બદલાવ લાવી દીધા છે. આમિર ખાન આગામી મહિન ૬૦ વર્ષના થશે. ઉંમરના આ પડાવમાં પણ સતત નવા પ્રોજેક્ટ અને નવા વિચાર સાથે આગળ વધવા પ્રયત્નશીલ રહેતાં આમિર ખાને કહ્યું હતું કે, તેમણે છેલ્લા ૨૦ વર્ષથી એક્ટર તરીકે કોઈ ફી લીધી નથી. ઓડિયન્સને ફિલ્મ પસંદ આવે તો જ તેમને કમાણી થાય છે. ફિલ્મ ના ચાલે તો આમિરને પણ આવક થતી નથી. આમિર ખાને એક્ટિંગ ઉપરાંત ડાયરેક્શન અને પ્રોડક્શનમાં પણ ઝંપલાવેલું છે. પ્રોડ્યુસર તરીકે આમિરે પોતાનો અનુભવ વ્યક્ત કરતા કહ્યું હતું કે, ફિલ્મનો ખર્ચ ભરપાઈ કરવા માટે ૨૦-૩૦ કરોડ રૂપિયાની આવક તો થવી જ જોઈએ. એક્ટર્સને જંગી ફી આપવી પડે તો ફિલ્મનું બજેટ રૂ.૨૦૦ કરોડે પહોંચી જાય છે અને આવી ફિલ્મ ફ્લોપ રહે તો ખર્ચ કાઢવાનું પણ અશક્ય બને છે. આમિર ખાને ફિલ્મની ફી બાબતે પોતાના અભિગમમાં કોઈ નવતર પ્રયોગ કર્યો નથી. આમિરે કહ્યું હતું કે, એક્ટર્સ માટે ફી લેવાના બદલે નફામાંથી આવક લેવાનું આ મોડેલ ઘણું જૂનું છે. યુરોપના ઘણાં દેશોમાં હજુ તે પ્રચલિત છે. ફી બાબતે આ સૌથી વધારે જૂનો અભિગમ હોવાથી કામ કરવામાં પણ ઘણી સ્વતંત્રતા રહે છે અને નવતર પ્રયોગ પણ કરી શકાય છે. જેના કારણે ફિલ્મના વિષયમાં કે પછી અન્ય બાબતમાં સર્જનાત્મકતા લાવી શકાય છે. આમિર ખાને આવક માટે અપનાવેલા આ મોડેલના કારણે પ્રોડ્યુસર્સને બજેટની ચિંતા રહેતી નથી અને આમિર પોતે પણ રોલની પસંદગીમાં વધારે છૂટ લઈ શકે છે.

## અક્ષયકુમારની ભાણી સિમર ભાટીયા 'ઇક્કિસ'માં ડેબ્યુ કરશે

**શ્રીરામ રાઘવને આ ફિલ્મ ડિરેક્ટ કરી છે, જેઓ પહેલાં 'અંધાધુંધ' અને 'બદલાપુર' જેવી લોકપ્રિય ફિલ્મો આપી ચુક્યા છે**

ચંકી પાંડેના અને અજય દેવગનના ભત્રીજાના બોલિવૂડ ડેબ્યુ પછી હવે અક્ષય કુમારની ભત્રીજી સિમર ભાટીયા બોલિવૂડમાં ડેબ્યુ કરવા જઈ રહી છે. તે અક્ષયની બહેન અલકા ભાટીયાની દિકરી છે, તે ધર્મેન્દ્ર અને અગત્સ્ય સાથે 'ઈક્કિસ'માં જોવા મળશે. તેના ડેબ્યુની ઈન્ડસ્ટ્રીમાં ચર્ચા પણ છે.અક્ષયની બહેન સિમર ભાટીયા અને તેનાં પહેલા પતિ વૈભવ કપૂરની દિકરી સિમરનો ઉછેર એક ફિલ્મ ઈન્ડસ્ટ્રી સાથે મજબુત રીતે જોડાયેલા પરિવારમાં થયો છે. ત્યાર પછી તેની માતા અલકાએ રીઅલ એસ્ટેટના ઉદ્યોગપતિ સુરેન્દ્ર હિરાનંદાની સાથે ૨૦૧૨માં લગ્ન કરી લીધા હતા. સમૃદ્ધ પરિવારનો વારસો ધરાવતી હોવા છતાં સિમર ક્યારેય કોઈના ધ્યાનમાં આવી નથી અને હંમેશા લો પ્રોફાઈલ રહી છે. તેણે વિદેશમાં જ પોતાનું ઉચ્ચ શિક્ષણ લીધું છે, તેણે યૂએસમાં કેટલાક વર્ષો વિતાવ્યા છે, જ્યાંથી તેને ક્રિએટિવ આર્ટ્સમાં રસ વિકસ્યો.સિમરના ઈન્સ્ટાગ્રામ પરથી તે ફરવાની અને નવા સ્થળો જોવાની શોખીન હોવાનો અંદાજ આવે છે, જેમાં તેના વેકેશન અને કોલેજ લાઈફના ફોટો જોઈ શકાય છે. છતાં તે પોતાના પરિવાર અંગે ઘણી અંગત રહી છે. સિમર મેડોકની 'ઈક્કિસ'થી ઈન્ડસ્ટ્રીમાં ડેબ્યુ કરી રહી છે. શ્રીરામ રાઘવને આ ફિલ્મ ડિરેક્ટ કરી છે, જેઓ પહેલાં 'અંધાધુંધ' અને 'બદલાપુર' જેવી લોકપ્રિય ફિલ્મો આપી ચુક્યા છે. આ ફિલ્મ સૌથી યુવાન પરમ વીર ચક્ર પ્રાપ્ત કરનાર યોદ્ધા અરુણ ખેતરપાલના જીવન પર આધારીત છે, જેમાં અગત્સ્ય નંદા અરુણ ખેતરપાલના રોલમાં, ધર્મેન્દ્ર અને જયદીપ આહલાવત પણ છે.





## બચ્ચન પરિવારમાં ચર્ચા થાય, ઝઘડો ક્યારેય નહીં : નવ્યા નંદા

**ફિલ્મી પરિવારમાં ઉછેર છતાં નવ્યાને હંમેશા તેના પિતાના બિઝનેસ માટે આકર્ષણ અને ઉત્સુકતા રહ્યાં છે**

અમિતાભ બચ્ચનની દોહિત્રી નવ્યા નવેલી નંદા પોતાની યુટ્યુબ ચેનલ પર એક પોડકાસ્ટ શો ચલાવે છે, 'વોટ ધ હેલ નવ્યા'. તેમાં ઘણી વખત તેની સાથે તેની માતા શ્વેતા બચ્ચન અને નાની જયા બચ્ચન પણ જોડાય છે. ત્યારે તાજેતરના એક પોડકાસ્ટ શોમાં નવ્યાએ જણાવ્યું કે કઈ રીતે તેનાં નાના-નાની સાથે તેનો ઉછેર થયો છે અને કઈ રીતે તેમની ભોજન વખતની ચર્ચાઓ ઘણી વખત ધારદાર અને ઉગ્ર થઈ જાય છે, જ્યાં દરેકના પોતાના દૃઢ મત હોય છે.નવ્યાએ કહ્યું કે તેના માતા અને પિતા બંનેની તરફનો પરિવાર અનોખો છે, તેનાથી જ તેનાં વ્યક્તિત્વનું ઘડતર થયું છે. નવ્યાએ કહ્યું, ''હું મોટી થઈ રહી હતી ત્યારે મેં ઘણો સમય મારા નાના-નાની સાથે વિતાવ્યો છે, હજુ પણ વિતાવું છું, અમે હજુ પણ બધા સાથે જ રહીએ છીએ, આજના યુવાન લોકો માટે આ વાત થોડી અસમાન્ય છે. અમે ઝઘડતાં નથી, ઘણા મુદ્દાઓ પર અમારી વચ્ચે ગંભીર પણ તંદુરસ્ત ચર્ચાઓ થાય છે. એમાં એવા પણ મુદ્દાઓ હોય છે, જે આજે ચર્ચામાં હોય, જે મહત્વના હોય. જે પણ લોકોએ પોડકાસ્ટ જોઈ છે, એ લોકો જાણે છે.



### દીપિકા પાદુકોણ સાથે ફિલ્મ બનાવતો હોવાની ચર્ચા

## પ્રખ્યાત RK સ્ટુડિયો રીલોન્ચ કરવા રનબીર પ્રોડ્યુસર બનશે




### આરકે ફિલ્મ્સની છેલ્લે રિલીઝ થયેલી ફિલ્મ ૧૯૯૯માં આવેલી 'આ અબ લૌટ ચલે' ફિલ્મ હતી, જે ઋષિ કપૂરે ડિરેક્ટ કરી હતી

પૃથ્વીરાજ કપૂર અને રાજ કપૂરના વારસાને આગળ વધારવા માટે રનબીર કપૂર પોતાના દિલથી નજીક છે એવું એક મિશન શરૂ કરી રહ્યો છે. તેના દાદા રાજ કપૂર દ્વારા શરૂ કરાયેલા આરકે સ્ટુડિયોને પુનર્જિવીત કરવા માટે તે આરકે સ્ટુડિયો ફરી શરુ કરવાનો પ્લાન કરી રહ્યો હોવાના અહેવાલો છે.તે માત્ર ધંધાને ધ્યાનમાં રાખીને સ્ટુડિયો ફરી શરૂ કરવાને બદલે કપૂર પરિવારના વારસાને અંજલિ આપવા માગે છે. આરકે સ્ટુડિયોમાં રનબીર એવી ફિલ્મ પ્રોડ્યુસ કરવા માગે છે, આરકે સ્ટુડિયોના વારસાને આજના અવાજ સાથે જોડીને આજના ઓડિયન્સને ગમે તેવી ફિલ્મ બનાવી શકે. આ અંગેના અહેવાલોમાં એવું પણ કહેવાયું છે કે રનબીરનું આયોજન પક્કા પાયે ચાલી રહ્યું છે, તેના માટે તે કેટલીક સ્ક્રિપ્ટ પર પણ કામ કરી રહ્યો છે અને તે ટૂંક સમયમાં તેનું શૂટિંગ શરુ કરવા માગે છે.આ અહેવાલો મુજબ રનબીર કપૂરના આર કે સ્ટુડિયોના પુનર્જીવનના પ્લાન મુજબ તે સ્ટુડિયોની મુંબઈના એક જાણીતા ક્રિએટીવ હબ તરીકે પરી જાણીતો કરવા માગે છે, તેમાં ઓફિસ સાથે ઈન્ડસ્ટ્રીમાં વિવિધ ફિલ્મ મેકર્સ સાથે જોડાઈને સ્ક્રિનીંગ થિએટર જેવી જગ્યા પણ શરૂ કરવા માગે છે. આ પહેલાં તેની ઈચ્છા તેના સ્વર્ગવાસી પિતા ઋષિ કપૂરનું પરિવારના સિનેમાના વારસાને આગળ વધારવાનું સપનું પૂરું કરવાની પણ છે. આ સાથે રનબીર ફિલ્મ ડિરેક્શનમાં પણ ડેબ્યુ કરવા માગે છે. સાથે જ આ પ્રોડક્શન હાઉસ ઈન્ડસ્ટ્રીના કેટલાક જાણીતા ફિલ્મ મેકર્સને ટેકો પણ આપશે, તેમાં દીપિકા પાદુકોણ અને અયાન મુખર્જી સાથે ફિલ્મ થઈ રહી હોવાની પણ ચર્ચા છે. આરકે સ્ટુડિયો શરૂ કરવો એ એક મોટી ઘટના ગણાશે, જેનાથી રાજ કપૂરની ફિલ્મોના ગોલ્ડન એરાને પણ એક શ્રદ્ધાંજલિ આપવા માગે છે.

### ફેન્સ માટે સિંગરનો છેલ્લો સંદેશ

## ઝુબિન ગર્ગની છેલ્લી ફિલ્મ 'રોઈ રોઈ બિનાલે' રિલીઝ

**'યા અલી' ગીત ગાઈને પ્રખ્યાત થયેલા સિંગર ઝુબિન ગર્ગનું સપ્ટેમ્બરમાં સિંગાપોરમાં સ્કૂબા ડાઇવિંગ કરતી નિધન થયું હતું**

'યા અલી' ગીત ગાઈને પ્રખ્યાત થયેલા સિંગર ઝુબિન ગર્ગનું સપ્ટેમ્બરમાં સિંગાપોરમાં સ્કૂબા ડાઈવિંગ કરતી નિધન થયું છે. ઝુબિનના નિધનથી તેમના ચાહકો ખૂબ જ દુઃખી થયા હતા. જ્યારે સિંગરના પાર્થિવ દેહને આસામમાં તેમના શહેરમાં લાવવામાં આવ્યો, ત્યારે તેમની એક ઝલક જોવા માટે વિશાળ જનસાગર ઉમટી પડ્યું હતું. હવે, તેમના મૃત્યુ પછી તેમની છેલ્લી ફિલ્મ 'રોઈ રોઈ બિનાલે' રિલીઝ કરવામાં આવી છે.આસામમાં ઝુબિન ગર્ગની ફેન ફોલોઈંગ ઘણી મોટી છે, કારણ કે તેમણે ત્યાંની સંસ્કૃતિને દેશભરમાં ફેલાવવામાં મહત્ત્વનો ફાળો આપ્યો, જેના માટે દરેક વ્યક્તિ તેમનો આભાર માને છે. ઝુબિનના નિધનથી તેમના ચાહકોને સૌથી વધુ દુઃખ થયું અને સમગ્ર પ્રદેશમાં શોકની લહેર છે. હવે તેમની છેલ્લી ફિલ્મ રિલીઝ થતાં, ચાહકો ગુવાહાટીના થિયેટરોમાં મોટી સંખ્યામાં પહોંચીને પોતાના 'હીરો'ને છેલ્લી વાર જોવાની તક ગુમાવવા નથી માંગતા.આ ફિલ્મે એડવાન્સ બુકિંગમાં પહેલેથી જ રેકોર્ડ તોડી નાખ્યા છે. ઝુબિનની આ ફિલ્મ આસામ સહિત આશરે ૪૬ સ્થળોએ રિલીઝ થઈ છે. આનાથી એવી આશા છે કે આસામ ઉપરાંત દેશભરમાં વસેલા ઝુબિનના ચાહકો તેની આ અંતિમ ફિલ્મ જોવા થિયેટરોમાં ચોક્કસ જશે. ઝુબિન ગર્ગની ફિલ્મ 'રોઈ રોઈ બિનાલે' રિલીઝ થાય તે પહેલાં, સિંગરનો તેમના ચાહકો માટે લખેલો છેલ્લો નોટ (સંદેશ) સોશિયલ મીડિયા પર ખૂબ વાઈરલ થઈ રહ્યો છે. ફિલ્મના મેકર્સે જણાવ્યું કે આ નોટ ઝુબિને સિંગાપોર જતા પહેલાં લખી હતી, જેનો



ફોટો તેમની ફિલ્મની ટીમે સોશિયલ મીડિયા પર પોસ્ટ કર્યો છે. આ મેસેજમાં, ઝુબિને પોતાની ભાષામાં ચાહકોને વિનંતી કરી હતી કે, 'રુકો, થોડું રુકો, મારી નવી ફિલ્મ રોઈ રોઈ બિનાલે આવી રહી છે. જરૂર આવો અને જુઓ.

### મમતા કુલકર્ણીનો યુ-ટર્ન

## દાઉદ આતંકવાદી હતો, મારા નિવેદનને ખોટી રીતે રજૂ કરાયું!

**હું ક્યારેય દાઉદને મળી નથી. મારા માટે કોઈપણ રાષ્ટ્ર વિરોધી તત્વ સાથે કોઈ સંબંધ રાખવો અશક્ય છે : મમતા**

૯૦ના દાયકાની પ્રખ્યાત અભિનેત્રી અને હાલમાં આધ્યાત્મિક જીવન જીવતી મમતા કુલકર્ણી અંડરવર્લ્ડ ડોન દાઉદ ઈબ્રાહિમ વિશેના પોતાના અગાઉના નિવેદનને કારણે ફરી સમાચારમાં છવાઈ ગઈ છે. અગાઉ તેમણે દાઉદ મુંબઈ બોમ્બ વિસ્ફોટમાં સામેલ ન હોવાનું અને આતંકવાદી ન હોવાનું કહ્યું હતું, પરંતુ હવે ગોવામાં તેમણે આ નિવેદન પર યુ-ટર્ન લીધો છે.ગોવામાં એક મીડિયા ઈન્ટરવ્યુમાં મમતા કુલકર્ણીએ સ્પષ્ટતા કરતા કહ્યું કે તેમની ટિપ્પણીઓને ખોટી રીતે સમજવામાં આવી હતી. મમતા કુલકર્ણીએ મીડિયાને જણાવ્યું કે, ''હું ત્યાં વિક્કી ગોસ્વામી વિશે વાત કરી રહી હતી, દાઉદ ઈબ્રાહિમ વિશે નહીં. દાઉદ ખરેખર આતંકવાદી હતો. હું ક્યારેય દાઉદને મળી નથી. મારા માટે કોઈપણ રાષ્ટ્ર વિરોધી તત્વ સાથે કોઈ સંબંધ રાખવો અશક્ય છે.''તેમણે ઉમેર્યું કે હાલમાં તેમનો રાજકારણ કે ફિલ્મ ઉદ્યોગ સાથે કોઈ સંબંધ નથી અને તે સંપૂર્ણપણે સનાતન ધર્મની અનુયાયી બનીને આધ્યાત્મિકતામાં ડૂબી ગઈ છે.મમતા



કુલકર્ણી એક સમયે બોલિવૂડની મોટી સ્ટાર હતી અને તેણે બાજી, ક્રાંતિ વીર, સબસે બડા ખિલાડી અને કરણ અર્જુન જેવી સફળ ફિલ્મોમાં કામ કર્યું હતું. તેની ગ્લેમરસ સ્ટાઈલ માટે તે ખૂબ પ્રખ્યાત હતી. જોકે, જ્યારે મમતા કુલકર્ણી કારકિર્દીની ટોચ પર હતી, ત્યારે તેનું નામ અંડરવર્લ્ડ ડોન છોટા રાજન અને ડ્રગ માફિયા વિક્કી ગોસ્વામી સાથે જોડાયું હતું.મમતા કુલકર્ણીનું નામ ડ્રગ ટ્રાફિકિંગમાં પણ સામે આવ્યું હતું. વિક્કી ગોસ્વામી સાથેના સંબંધોને કારણે તેમની કારકિર્દી બરબાદ થઈ અને તે દેશ છોડીને વિદેશ ચાલી ગઈ હતી. ૨૫ વર્ષ બાદ તાજેતરમાં તે ભારત પરત ફરી હતી અને તેણે કિન્નર અખાડામાં સંન્યાસ લીધો હતો.

## ગૌરવ ખન્ના ના ચાહકોએ તેમને વિજેતા જાહેર કર્યા

ગૌરવ ખન્ના સેલિબ્રિટી માસ્ટરશેફમાં પોતાની સફરથી દિલ જીતી રહ્યા છે. શોના તાજેતરના એપિસોડમાં, આપણે તેમને બ્લેક એપ્રન ચેલેન્જમાં જોઈ શકીએ છીએ. તેમના ચાહકો તેમને શો વિજેતા કેમ કહી રહ્યા છે? સેલિબ્રિટી માસ્ટરશેફ સોશિયલ મીડિયા પર ટ્રેન્ડ કરી રહ્યો છે. આ શો બધાને ખૂબ ગમ્યો છે. જોકે, શોના ટીઆરપી સારા નથી. સ્પર્ધા કઠિન બની રહી છે અને સેલિબ્રિટીઓ તેમની રસોઈ કુશળતાથી જજોને પ્રભાવિત કરવાનો શ્રેષ્ઠ પ્રયાસ કરી રહ્યા છે. રસોડામાં સેલિબ્રિટીઓને સામેલ કરવાના ખ્યાલને દર્શકો તરફથી પ્રશંસા મળી છે. ફરાહ ખાન આ શોના હોસ્ટ છે. શેફ રણવીર બ્રાર અને શેફ વિકાસ ખન્ના જજ છે. ગૌરવ ખન્ના આ સીઝનના સૌથી પ્રિય સ્પર્ધકોમાંના એક છે. શોમાં તેમનો પ્રવાસ અદ્ભુત રહ્યો છે. તેમની પહેલી વાનગીની ટીકા થઈ હતી અને ફરાહ ખાને તો કહ્યું હતું કે તે ખાવા યોગ્ય નથી. જજો તેમની વાનગીનો સ્વાદ પણ ચાખી શક્યા નહીં. ટૂંક સમયમાં, અમે જોયું કે તેમણે શ્રેષ્ઠ વાનગી બનાવી અને તેમને અજેય કહેવામાં આવ્યા. તાજેતરના એપિસોડમાં, આપણે ગૌરવને બ્લેક એપ્રન ચેલેન્જમાં ઉતરતા જોયો. અસલામત સ્પર્ધકોને ઓવર નાઈટ કુકિંગ ચેલેન્જ આપવામાં આવી હતી. ગૌરવને વાનગી તૈયાર કરવા માટે કોન્ફિટ કુકિંગ ટેકનિકનો ઉપયોગ કરવો પડ્યો હતો. જે લોકો આ વાતથી વાકેફ નથી, તેમના માટે કોન્ફિટ એક ફ્રેન્ચ કુકિંગ ટેકનિક છે જેમાં ખોરાકને ધીમે ધીમે ચરબી અથવા તેલમાં ઓછા તાપમાને રાંધવામાં આવે છે જેથી તેને સાચવી શકાય. ગૌરવે કન્ફિટ પદ્ધતિનો ઉપયોગ કરીને ચિકન બનાવ્યું. અભિનેતા શાકાહારી છે અને તે તેની વાનગીનો સ્વાદ ચાખી શકતો નથી.

## લુક્સ પર સવાલ ઉઠાવનારા પર ભડક્યો શાહરુખ ખાન

**અભિનેતા શાહરૂખ ખાન પોતાની એક્ટિંગની સાથે સાથે જવાબ આપવાની શૈલી માટે પણ પ્રખ્યાત છે**

બોલિવૂડનો બાદશાહ શાહરૂખ ખાન હંમેશાં લોકોના દિલ પર રાજ કરતો આવ્યો છે. તે 'કિંગ ઓફ રોમાન્સ' છે તેમજ એક્શન દ્વારા પણ સૌનું દિલ જીતે છે. શાહરૂખ પોતાની એક્ટિંગની સાથે સાથે જવાબ આપવાની શૈલી માટે પણ પ્રખ્યાત છે. તે સવાલોના જવાબ એવી રીતે આપે છે કે અનેક લોકોનું મોં બંધ થઈ જાય છે. ગુરુવારે શાહરૂખે સોશિયલ મીડિયા પર પોતાના ફેન્સ સાથે વાતચીત કરી હતી. આ દરમિયાન એક યુઝરે શાહરૂખ પર કટાક્ષ કર્યો, જેનો કિંગ ખાને એવો જવાબ આપ્યો કે સૌની બોલતી બંધ થઈ ગઈ.શાહરૂખ ખાનને જ્યારે પણ મોકો મળે છે, ત્યારે તે સોશિયલ મીડિયા પર પોતાના ચાહકો સાથે વાત કરે છે અને તેના અંગત તેમજ પ્રોફેશનલ જીવનને લગતા અનેક સવાલોના જવાબ પણ આપે છે. જોકે, આ દરમિયાન કેટલાક લોકો એવા પણ હોય છે જેઓ દુર્વ્યવહાર કરતા હોય છે. કેટલાક લોકો કિંગ ખાનને ટ્રોલ કરવાનો પ્રયાસ કરે છે, પરંતુ શાહરૂખ તેમની બોલતી જ બંધ કરી દે છે. શાહરૂખ ખાનને ટ્રોલ કરવા માટે એક યુઝરે લખ્યું કે, 'ભાઈ, એ જણાવ કે તારામાં કોઈ ટેલેન્ટ નથી કે ન તારી શકલ સારી છે, તો પછી તું સ્ટાર કેવી રીતે બની ગયો? તારા કરતાં મારી સકલ સારી છે પણ મને કોઈ ઓળખતું પણ નથી.'આ યુઝરને જવાબ આપતા શાહરૂખે લખ્યું, 'ભાઈ સકલ તો ઠીક છે, અક્કલનું નહોતું પૂછ્યું તેં! એ છે કે?'શાહરૂખ ખાનનો આ રિપ્લાય ખૂબ વાઈરલ થઈ રહ્યો છે. આ જવાબ ખાસ કરીને એવા લોકો માટે હતો જેઓ હંમેશા તેમને ટ્રોલ કરવાનો પ્રયાસ કરે છે.વર્કફ્રન્ટની વાત કરીએ તો, શાહરૂખ ખાન ટૂંક સમયમાં જ 'કિંગ' ફિલ્મમાં જોવા મળશે. આ ફિલ્મમાં તેમની સાથે સુહાના ખાન, દીપિકા પાદુકોણ અને અભિષેક બચ્ચન મુખ્ય ભૂમિકામાં જોવા મળશે. આ ફિલ્મ આવતા વર્ષે સિનેમાઘરોમાં રિલીઝ થશે.



## કલ્કિ એડી ૨૮૯૮ની ક્રેડિટમાંથી દૂર કરાયેલું દીપિકાનું નામ ફરી મૂકાયું

દીપિકા પદુકોણને 'કલ્કિ ૨૮૯૮ એડી'ના બીજા ભાગમાંથી હાંકી કાઢવામાં આવ્યા બાદ હવે આ મૂળ ફિલ્મની ક્રેડિટ લાઈનમાંથી પણ તેનું નામ ઉડાડી દેવામાં આવ્યું હતું. ફિલ્મ સર્જકોનાં આ પગલાંથી દીપિકાના ચાહકો ભારે નારાજ થયા હતા. તેમણે ઓનલાઈન પસ્તાળ પાડતાં આખરે દીપિકાનું નામ ફરી ઉમેરાયું હતું. ફિલ્મ નિર્માતાઓએ થોડા સમય પહેલાં જ જાહેરાત કરી હતી કે દીપિકા 'કલ્કિ ૨૮૯૮ એડી' ભાગ બેમાં કામ કરી રહી નથી. અહેવાલો અનુસાર દીપિકા બીજા ભાગનાં કેટલાંક દ્રશ્યોનું શૂટિંગ પહેલા ભાગનાં શૂટિંગ વખતે જ કરી ચૂકી હતી. તે પોતે આ ફિલ્મ માટે અનિવાર્ય હોવાનું માનતી હતી. આથી તેણે અનેકગણી ફી માગી હતી અને મર્યાદિત કલાકો માટે જ કામ કરશે તેવી શરત પણ મૂકી હતી. દરમિયાન તાજેતરમાં ઈન્ટરનેટ પર ઓટીટી પર 'કલ્કિ ૨૮૯૮ એડી'ની એન્ડ ક્રેડિટસનો વિડીયો વાયરલ કરાયો હતો. તેમાં દીપિકાનું નામ ઉડાડી દેવાયેલું જણાતાં અસંખ્ય ચાહકોએ સર્જકોનાં આ પગલાંને અનૈતિક અને બિનપ્રોફેશનલ ગણાવી તેને વખોડી કાઢ્યું હતું. દરમિયાન, નવી માહિતી મુજબ કેટલાક ચાહકોએ નોંધ્યું હતું કે ભારે વિરોધ બાદ સર્જકોએ ફરી દીપિકાનું નામ મૂકી દીધું છે.



# ગુજરાતના ૧૬ જિલ્લાઓમાં ઓરેન્જ એલર્ટ જારી કરાયું

। (એજન્સી) અમદાવાદ, તા.૨ ।

ચક્રવાત મોન્થાની અસર ઓછી થતાં, ગુજરાતમાં વરસાદ ધીમે ધીમે ઓછો થયો છે અને આગામી બે થી ત્રણ દિવસમાં સંપૂર્ણપણે બંધ થવાની ધારણા છે. જોકે, હવામાન વિભાગે શનિવાર અને રવિવારે રાજ્યના અનેક જિલ્લાઓમાં મધ્યમથી ભારે વરસાદની આગાહી કરી છે. વિભાગે ઓરેન્જ એલર્ટ જારી કરીને ગુજરાતના ૧૬ જિલ્લાઓમાં ભારે વરસાદની ચેતવણી આપી છે. આ ૧૬ જિલ્લાઓમાં દેવભૂમિ દ્વારકા, પોરબંદર, જૂનાગઢ, ગીર સોમનાથ, અમરેલી, ભાવનગર, બોટાદ, સુરેન્દ્રનગર, અમદાવાદ, ખેરા, આણંદ, મહિસાગર, પંચમહાલ, વડોદરા, દાહોદ અને છોટા ઉદેપુરનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, ગાંધીનગર, મહેસાણા, સાબરકાંઠા, અરવલ્લી, મોરબી, જામનગર, રાજકોટ, ભરૂચ, નર્મદા, સુરત, તાપી, નવસારી, ડાંગ અને વલસાડ જિલ્લાઓ માટે યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે, જેમાં મધ્યમથી ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. વિભાગે શનિવાર મોડી સાંજ સુધી આ આગાહી જાહેર કરી છે. હવામાન વિભાગે ૨ નવેમ્બર, રવિવાર માટે, હવામાન વિભાગે રાજ્યના ઉત્તર ગુજરાત પ્રદેશના તમામ જિલ્લાઓમાં ઘણા સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદ અને ગાજવીજ સાથે વરસાદની આગાહી કરી છે, જેમાં બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર, અરવલ્લી, ખેડા, અમદાવાદ, આણંદ, પંચમહાલ, દાહોદ, મહિસાગર, અને દક્ષિણ ગુજરાતના તમામ વિસ્તારો, વડોદરા સહિત અનેક સ્થળોએ વરસાદ પડી શકે છે.

# ગુજરાતમાં વ્યાજબી ભાવના અનાજની દુકાનદારોની આજથી હડતાલ

## નિયમોમાં સુધારોઃ હાલની ૯૭ કાર્ડધારકની શરત દૂર કરવી અને કમિશન ગણતરીની પહેલાંની વ્યવસ્થા ફરીથી અમલમાં મૂકવી



। (એજન્સી) ગાંધીનગર, તા.૨ ।

ગુજરાત રાજયના વ્યાજબી ભાવની દુકાનોના સંચાલકો શનિવારથી (૧ નવેમ્બર) રાજયવ્યાપી હડતાળ પર ઉતરી ગયા છે. વડોદરા શહેર અને જિલ્લાના ૪૫૦થી વધુ FPS સંચાલકો પણ આ બંધના સમર્થનમાં જોડાઈ ગયા છે અને તેમણે રાજ્ય સરકારને સ્પષ્ટ ચેતવણી આપી છે કે, જ્યાં સુધી ગુજરાતના બે મુખ્ય એસોસિએશનો દ્વારા રજૂ કરાયેલા તેમના પડતર પ્રશ્નો અને યોગ્ય માંગણીઓનો ઉકેલ નહીં આવે, ત્યાં સુધી વિતરણ વ્યવસ્થામાં જોડાશે નહીં.

એફપીએસ સંચાલકોનો આક્ષેપ છે કે, સરકાર વર્ષોથી તેમને અપૂરતું કમિશન આપીને અને જાતજાતની અડચણો ઊભી કરીને તેમનું શોષણ કરી રહી છે. સંચાલકોએ આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું છે કે સરકાર તેમને ધીમું ઝેર આપીને ખતમ કરવાની દિશામાં આગળ વધી રહી છે.

વડોદરાના સંચાલકોએ સ્પષ્ટ કર્યું છે કે, જો તેમની માંગણીઓ સ્વીકારવામાં નહીં આવે તો તેઓ વડોદરામાં ગાંધી ચિંધ્યા માર્ગે ઉપવાસ અને ધરણાં શરૂ કરશે. તેમની મુખ્ય માંગણીઓમાં નીચે મુજબનો સમાવેશ થાય છે:

વજનની ખાતરીઃ દુકાન સુધી આવતો જથ્થો નિર્ધારિત વજન મુજબ અને પૂર્ણ માત્રામાં મળે તે સુનિશ્ચિત કરવા માટે વાહનમાં જ વજન કરવા માટે કાંટાની સુવિધા ફરજિયાત કરવી.

સંચાલકોએ પુરવઠા વિભાગ પર આક્ષેપ કર્યો છે કે, નાણાં ભર્યા બાદ પણ ઘણીવાર ૨૦ થી ૨૫ દિવસ સુધી જથ્થો દુકાન સુધી પહોંચતો નથી. આ વિલંબના કારણે કાર્ડધારકો સામે સંચાલકો માટે શરમજનક પરિસ્થિતિ ઊભી થાય છે. તેમની માંગ છે કે, નાણાં ભર્યા બાદ ત્રણ દિવસની અંદર જ જથ્થો દુકાન સુધી પહોંચાડવાનો નિયમ કડકપણે અમલમાં મૂકવો જોઈએ. વ્યાજબી ભાવના દુકાનદારોના આ આંદોલનના કારણે ગરીબ અને મધ્યમ વર્ગના કાર્ડધારકોની વિતરણ વ્યવસ્થા ખોરવાઈ જતાં સરકાર પર દબાણ વધ્યું છે. હવે જોવાનું એ રહ્યું કે સરકાર આ સંચાલકોની માંગણીઓ પૂરી કરે છે કે કેમ.

# સરકારી કાર્યક્રમોમાં ઓછો ખર્ચ કરીને ખેડૂતોને દેવામુક્ત કરો

। (એજન્સી) સુરત, તા.૨ ।

સુરતના વરાછાના ભાજપના ધારાસભ્ય કુમાર કાનાણીએ રાજ્યના મુખ્યમંત્રી અને કૃષિમંત્રીને પત્ર લખીને ખેડૂતોના દેવા માફ કરવાની જોરદાર માંગણી કરી છે. તેમણે જણાવ્યું કે વારંવાર આવતી કુદરતી આફતો, અતિવૃષ્ટિ અને વાવાઝોડાના કારણે ખેડૂતોને મોટું આર્થિક નુકસાન થઈ રહ્યું છે, જેના કારણે જગતનો તાત દેવાદાર બની ગયો છે. રાજ્યના મુખ્યમંત્રી અને કૃષિમંત્રીને ધારાસભ્ય કુમાર કાનાણીએ પત્ર લખીને બદલાયેલા વાતાવરણ અને ઋતુચક્ર પર ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે જણાવ્યું કે, ગમે ત્યારે વરસાદ અને ચક્રવાતનું પ્રમાણ અને અનિયમિતતા વધી રહી છે. આ કમોસમી વરસાદ અને ચક્રવાતને કારણે ખેડૂતોને વારંવાર નુકશાન થઈ રહ્યું છે, જેના કારણે અન્નદાતા દેવાદાર થતો જાય છે. તેમણે સ્વીકાર્યું કે સરકાર સહાય આપવાનો પ્રયાસ જરૂર કરે છે, પરંતુ તેમના મતે, ખેડૂતને થતું નુકશાન ભરપાઈ સહાયથી થઈ શકે તેમ નથી. ખેડૂત દેવામાં ડૂબતો જાય છે. આ ગંભીર પરિસ્થિતિના નિરાકરણ માટે, ધારાસભ્ય કાનાણીએ સૂચન કર્યું કે સરકારે એકવાર ખેડૂતોને દેવામુક્ત કરવા માટે વિચારણા કરવી જોઈએ. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે, બિનજરૂરી પ્રોજેક્ટના કામો કે સરકારી ખર્ચાઓ બંધ કરી, કરકસર કરી ખેડૂતને આપીને દેવામુક્ત કરી શકાય છે. તેમણે ઉમેર્યું કે આ પગલાથી ખેડૂત ફરી બેઠો થઈ શકશે અને ચિંતા મુક્ત થઈને નવા જોશ-ઉમંગથી ખેતી તરફ પરત ફરશે. તેમણે ચેતવણી પણ આપી કે જો આમ નહીં કરવામાં આવે તો, ખેડૂત ખેતીથી દુર ભાગતો થશે અને જો ખેતી ઓછી થશે તો ભવિષ્યમાં ખૂબ મોટી સમસ્યાઓ ઉપસ્થિત થાય તેવી પરિસ્થિતિનું નિર્માણ થશે.

### પોલીસે જાહેરમાં સરઘસ કાઢ્યું

# રાજકોટમાં આતંક ફેલાવનાર મુરઘા ગેંગ અને પેંડા ગેંગનો પાવર ઉતર્યો

## પોલીસે મુરઘા ગેંગના સાગરિતોનો કાઢ્યો વરઘોડો, મુરઘા ગેંગ અને પેંડા ગેંગે સામ-સામે કર્યું હતું ફાયરિંગ



। (એજન્સી) રાજકોટ, તા.૨ ।

રાજકોટના મંગળા રોડ પર થયેલા ફાયરિંગના આરોપીઓનું સરઘસ રાજકોટ પોલીસ દ્વારા કાઢવામાં આવ્યું હતું. મુરઘા ગેંગના ૩ સાગરિતોને પોલીસે ઝડપી પાડ્યા છે. ગેંગનો મુખ્ય સૂત્રધાર સમીર મુરઘો પોલીસ પકડથી દૂર છે. પેંડા ગેંગ અને મુરઘા ગેંગે આમને સામને ફાયરિંગ કર્યું હતું. જેના બાદ પોલીસે ઘટનાસ્થળે મુરઘા ગેંગનો વરઘોડો કાઢ્યો હતો અને મુરઘા ગેંગ પાસે પોલીસે હાથ જોડીને માફી મંગાવી.

રાજકોટના મંગળા રોડ ઉપર મંગળા રોડ ઉપર પેંડાગેંગ અને મુરઘા ગેંગ વચ્ચે ૮ થી ૧૦ રાઉન્ડ ફાયરિંગ કરવામાં આવ્યું હતું. સમગ્ર ફાયરિંગની ઘટના મામલે પોલીસે પેંડા ગેંગના ૭ આરોપીઓને ઝડપી પાડ્યા છે. પોલીસે જે પેંડા ગેંગના આરોપીઓને ઝડપી પાડ્યા છે. આરોપીઓનો પોલીસે ગઈકાલે વરઘોડો કાઢયો હતો. ત્યારે બાદ પોલીસ દ્વારા મુરઘા ગેંગના પણ ૩ આરોપીને ઝડપી પાડ્યા હતા. પોલીસે મુરઘા ગેંગના અબ્દુલ્લા ઉર્ફે દુલિયો ધાડા, શોયબ ઉર્ફે સાહિલ દિવાન અને અમન ઉર્ફે મરઘો પીપરવાડીયા સહિતના ત્રણની ધરપકડ કરી છે. પોલીસ દ્વારા ઝડપી પાડવામાં આવેલ મુરઘા ગેંગના આ ત્રણેય સાગરીતો નો વરઘોડો કાઢવામાં આવ્યો હતો. પોલીસ મુરઘા ગેંગના આરોપીઓને ઘટના સ્થળે દોરડે બાંધી લાવી હતી અને પોલીસે ઘટના સ્થળે આરોપીઓ પાસે હાથ જોડી માફી પણ મંગાવી હતી. જ્યારે હજુ મુરઘા ગેંગનો મુખ્ય સૂત્રધાર સમીર મુરઘો પોલીસ પકડથી દૂર છે. પેંડા અને મુરઘા ગેંગ વચ્ચે ગેંગવોર ચાલી રહ્યો છે જે ગેંગવોરમાં આ ફાયરિંગ કરવામાં આવ્યા હતા.

રાજકોટ શહેરના મંગળા રોડ પર આવેલી પ્રગતિ હોસ્પિટલ નજીક રાતે પેંડા અને મરઘા ગેંગ વચ્ચે અંધાધૂંધ ફાયરિંગ થતાં સનસનાટી મચી ગઈ હતી. જંગલેશ્વરની એક સમયની મહિલા બૂટલેગર રમાનો પતિ જાદવને હોસ્ટિપલમાં દાખલ કરાતા તેના પુત્રો અને જમાઈ નીચે ઉભા હતા તે સમયે અચાનક જ પેંડા ગેંગના શખ્સોએ ફાયરિંગ કર્યું હતું.

બીજી તરફ પેંડાની ગેંગનો પરેશ ગઢવી હાલ જેલ હવાલે છે. પરેશ ગઢવીની ગેંગના મેટીયો ઝાલા, ભયલો ગઢવી સહિતનાને એવી જાણ થઈ હતી કે જંગલેશ્વરના સમીર ઉર્ફ મુરગોના નાના જાવેદભાઈ જુણેજાને પ્રગતિ હોસ્પિટલમાં દાખલ કર્યા છે અને રાતે સમીર ઉર્ફ મુરગો, સંજલો સહિતના પણ તેના સાગ્રીતો સાથે હોસ્પિટલ પાસે હાજર છે. આથી મેટીયો ઝાલા, ભયલો ગઢવી અને બીજા બે જણા હોસ્પિટલમાં ફાયરિંગ કરવા પહોંચ્યા હતા.

છેલ્લા ૧ વર્ષમાં આ બન્ને ગેંગના ફાયરિંગનો આ ત્રીજો બનાવ સામે આવ્યો છે. ધડાધડ ફાયરિંગ કરતા આ ગેંગ હવે શહેરમાં પહોંચી છે. સ્થાનિકોમાં ડરનો માહોલ છે. પોલીસની કાયદો અને વ્યવસ્થાની સ્થિતિના લીરેલીરા ઉડી ગયા છે. રાજકોટના દરેક પોલીસ સ્ટેશને ઉચ્ચ અધિકારીઓને પેટ્રોલીંગ વધારવા માટે રજૂઆતો કરી છે. પરંતુ ૧૧૨ના નિયમ મુજબ પેટ્રોલીંગ કરી શકાતું નથી જેથી ગુનેગારો બેફામ બન્યા છે. ત્યારે પોલીસે અલગ અલગ ટીમો કામે લગાડી ગુનેગારોની શોધખોળ શરૂ કરી છે.

રાજકોટ ક્રાઈમ બ્રાન્ચના DCP ક્રાઈમ જગદીશ બાંગલવાએ જણાવ્યું કે, ગેંગવોરમાં ફાયરિંગ કરનાર ૮ આરોપીઓનું રિકન્સ્ટ્રક્શન કરાયું. પ્રગતિ હોસ્પિટલ પાસે SOG ટીમ દ્વારા આરોપીઓને સાથે રાખી ઘટનાનું રિકન્સ્ટ્રક્શન કરાયું. સમગ્ર ઘટનામાં પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝા દ્વારા સખ્ત કાર્યવાહીના આદેશ અપાયા છે. ગુનેગારોની કમર તોડવા પોલીસ સખ્ત કાર્યવાહી કરાશે. મુર્ધા ગેંગ અને પૈંડા ગેંગના સભ્યો વિરુદ્ધ ગુજસીટોક હેઠળ ગુનો દાખલ કરાશે. સાથે જ આરોપીઓના ગેરકાયદેસર બાંધકામો તોડી પાડવામાં આવશે. જુના ગુનામાં જામીન કેન્સલેશનની પ્રક્રિયા પણ હાથ ધરવામાં આવશે. આરોપીઓએ ગેર કાયદેસર હથિયાર ક્યાંથી મેળવ્યા હતા તે મામલે પણ તપાસ હાથ ધરાશે.

### માત્ર ગૌશાળા નહીં, પર્યટન સ્થળ તરીકે વિકાસ થશે

# વડનગરમાં રૂ. ૧૫ કરોડના ખર્ચે બનશે દેશનો પ્રથમ વૃંદાવન ગૌચર પાર્ક

। (એજન્સી) મહેસાણા, તા.૨ ।

ગુજરાતના મહેસાણા જિલ્લામાં આવેલું ઐતિહાસિક શહેર વડનગર હવે ઈંટીગ્રેટેડ એન્ડ હોલિસ્ટિક ડેવલપમેન્ટ સંબંધિત વિવિધ પ્રોજેક્ટ્સ સાથે મહત્વપૂર્ણ પ્રવાસન સ્થળ બનવા જઈ રહ્યું છે. ગુજરાત સરકાર છેલ્લાં કેટલાંક વર્ષોથી વડનગરને ‘અનંત અનાદિ વડનગર’ના વિઝન સાથે વૈશ્વિક પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા માટે પ્રયાસશીલ છે, જેના ભાગરૂપે રાજ્ય સરકાર ક્રાંતિકારી પહેલ શરૂ કરવા જઈ રહી છે. વડનગરમાં દેશના પ્રથમ ભવ્ય વૃંદાવન ગૌચર પાર્કનું નિર્માણ કરવામાં આવશે, જે એક વૈશ્વિક મૉડલ બનશે. ગૌચર પાર્કના નિર્માણ બાદ વડનગર ગૌસેવાના તીર્થધામ તરીકે પ્રખ્યાત થશે. આ પાર્ક એક ગૌશાળા ઉપરાંત અત્યાધુનિક ગ્રામીણ પ્રયોગશાળા પણ બનશે.લગભગ રૂ. ૧૫ કરોડના ખર્ચે પ્રસ્તાવિત વૃંદાવન ગૌચર પાર્ક પ્રોજેક્ટના નિર્માણ માટે નગર પાલિકા અને જિલ્લા સ્તરથી લઈને રાજ્ય સ્તરે શહેરી વિકાસ વિભાગ તરફથી કવાયત શરૂ થઈ ગઈ છે. રાજ્ય સ્તરે ગુજરાત શહેરી વિકાસ કંપની (GUDC) આ પ્રોજેક્ટ માટે નોડલ એજન્સી હશે, જ્યારે જમીન સંપાદન સહિતની સમગ્ર નિર્માણ પ્રક્રિયા જિલ્લા સ્તરે અને નગરપાલિકા સ્તરે કરવામાં આવશે. રાજ્ય સરકારે વડનગરની પ્રાચીન-ઐતિહાસિક સંસ્કૃતિ અને પુરાતત્વીય અવશેષોને વિશ્વ સમક્ષ રજૂ કરવા માટે અનેક પ્રોજેક્ટ્સ અને કાર્યક્રમો શરૂ કર્યા છે. આ સાથે જ, શહેરની વર્તમાન સમસ્યાઓના નિવારણને પણ પ્રાથમિકતા આપવામાં આવી રહી છે. આ અંતર્ગત રખડતી ગાયોની સમસ્યાનો કાયમી ઉકેલ લાવવાના ઉદ્દેશ્ય સાથે અમરથોલ ક્ષેત્રમાં ગૌરીકુંડ નજીક ભવ્ય વૃંદાવન ગૌચર પાર્કના વિકાસની પરિકલ્પના કરવામાં આવી છે. આ પાર્કમાં ગાયો માટે ગૌચરને અનુરૂપ ઘાસચારો અને પાણીની વ્યવસ્થા હશે તેમજ પશુઓની સ્વાસ્થ્ય સંભાળ માટે વેટરનરી હૉસ્પિટલ પણ બનાવવામાં આવશે. આ પાર્ક સીસીટીવી કૅમેરા સર્વેલન્સથી સજ્જ હશે. પાર્કમાં મિલ્ક પ્રોસેસિંગ પ્લાન્ટ તથા અતિક્રમણ અટકાવવા માટે પ્રોટેક્શન વૉલનું પણ નિર્માણ કરવામાં આવશે. આ ઉપરાંત, પાર્કમાં ગાયોની સારી ઓલાદોના ઉછેરનો પણ પ્રયાસ કરવામાં આવશે. આ તમામ પહેલથી વૃંદાવન ગૌચર પાર્ક એક પર્યટન સ્થળ પણ બનશે. વૃંદાવન ગૌચર પાર્કનું વિઝન માત્ર ગાયો સુધી સીમિત ન રહેતાં, તે ગાય આધારિત ગ્રામીણ વિકાસનું આદર્શ મૉડલ બનશે. આ પ્રોજેક્ટમાં ‘ગાયથી ગામ’ની કાયાપલટનું અભૂતપૂર્વ વિઝન છે, જે ગ્રામીણ અર્થતંત્રમાં એક નવી ક્રાંતિ લાવશે. આ માત્ર એક ગૌશાળા નહીં, પણ એક સંપૂર્ણ ગ્રામીણ પ્રયોગશાળા અને સાંસ્કૃતિક પ્રવાસન કેન્દ્ર પણ હશે, જ્યાં પરંપરા અને ટેક્નોલૉજીનો સંગમ થશે. પાર્કને ‘રૂરલ ઈનોવેશન હબ’ તરીકે વિકસિત કરવામાં આવશે. રાજ્ય સરકાર આ પ્રોજેક્ટ દ્વારા ગાયથી લઈને ગામ, ખેડૂત, પશુપાલક સુધી દરેકના ભવિષ્યને ઉજ્જવળ બનાવવાની યોજના ધરાવે છે.

### અમદાવાદમાં પ્રેમ લગ્નનો લોહિયાળ અંત!

# યુવતીના પરિજનોએ સસરાને મોતને ઘાટ ઉતાર્યા, સાત લોકોની ધરપકડ



। (એજન્સી) અમદાવાદ, તા.૨ ।

અમદાવાદમાં આંતર-જ્ઞાતીય પ્રેમલગ્નએ લોહીયાળ સ્વરૂપ ધારણ કર્યું હતું. હકીકતમાં, અમદાવાદના નવરંગપુરા વિસ્તારમાં સપ્તાહની શરૂઆતમાં જ ૫૦ વર્ષીય સફાઈકર્મીને તેમની પુત્રવધૂના પરિવારના સભ્યો દ્વારા ઢોર માર મારવામાં આવતા તેમનું મૃત્યુ થયું હતું.

પોલીસના જણાવ્યા અનુસાર, મૃતક ભીખાભાઈ વાઘેલા અને તેમની પત્ની કૈલાશબહેન વાઘેલા બંને દૈનિક વેતન પર કામ કરતા સફાઈકર્મી છે. શનિવારે (૩૦ ઓક્ટોબર) બંને કામ પરથી પરત ફરતા હતા ત્યારે તેમની પુત્રવધુના પિતા રાજુ પરમાર, તેમના બનેવી અને અન્ય કેટલાક સંબંધીઓએ તેમને આંતરીને તેમના પર બર્બરતાપૂર્વક હુમલો કર્યો હતો. ઘટના બાદ આસપાસના લોકોએ ઈજાગ્રસ્ત દંપતીને હોસ્પિટલ પહોંચાડ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન ભીખાભાઈનું મૃત્યુ નીપજ્યું હતું અને કૈલાશબહેન હજુ સારવાર હેઠળ છે.

પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે, ભીખાભાઈનો દીકરો શની વાઘેલા એ જોસના પરમાર સાથે તેના પરિવારની મરજી વિરુદ્ધ પ્રેમલગ્ન કર્યા હતા. આ પ્રેમલગ્નને કારણે બંને પરિવારો વચ્ચે તણાવ ઊભો થયો હતો. જોસનાના પિતા રાજુ પરમાર અને તેમના સગા-સંબંધીઓ તેને પિયર પરત ફરવા માટે વારંવાર દબાણ કરતા હતા, જેના કારણે બંને પરિવારો વચ્ચે અવારનવાર ઝઘડા થતા હતા.

આ હુમલા બાદ નવરંગપુરા પોલીસે હત્યા, હુમલો અને હુલ્લડની કલમો હેઠળ ગુનો નોંધીને ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી (હ્લજી઼)ની મદદથી ઘટનાસ્થળનું પંચનામું કર્યું હતું. અત્યાર સુધી પોલીસે સાત આરોપીઓની ધરપકડ કરી છે, જેમાં રાજુ પરમાર, મહેશ પરમાર, લતા બહેન, કલાવતી, જ્યોતિ બહેન, મહેશ રાઠોડ અને પ્રેમ પરમારનો સમાવેશ થાય છે, જ્યારે એક શંકાસ્પદ આરોપી ફરાર છે.

પોલીસે જણાવ્યું કે, આ હુમલો પ્રેમલગ્ન પ્રત્યેના રોષને કારણે થયો હોવાનું જણાય છે. તમામ મુખ્ય આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે અને વધુ તપાસ ચાલી રહી છે. આ સિવાય અન્ય એક ફરાર આરોપીને શોધવા અને તપાસના ભાગરૂપે મુખ્ય સાક્ષીઓના નિવેદન નોંધવામાં આવ્યા છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે મિત્રો તમારો પરિચય કોઈક ખાસ વ્યક્તિ સાથે કરાવશેજે તમારા વિચારો પર નોંધપાત્ર અસર છોડશે. આજે કોઈપણ પ્રકારનું રોકાણ ટાળવું. મિત્રો સાથેની પ્રવૃત્તિઓ માણવાલાયક હશે- પણ સામે ચાલીને ખર્ચ કરવાની તૈયારી દેખાડતા નહીં-અન્યથા તમે ઘરે ખાલી ખિસ્સે પહોંચો એવી શક્યતા છે. તમે આજે પ્રેમનું પ્રદૂષણ ફેલાવશો.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે તમારા સ્વાસ્થ્યને લગતી સમસ્યાને કારણે તમે મહત્વનના કામ માટે નહીં જઈ શકો તેને કારણે તમે પાછળ રહી જાવ એવી શક્યતા છે. તમારી જાતને આગળ લઈ જવા માટે તાર્કિક આધાર લો. કેટલાક લોકો માટે પ્રવાસ દોડધામભર્યો અને તાણયુક્ત પુરવાર થશે-પણ આર્થિક રીતે વળતર આપશે. તમારો ભાઈ તમારી જરૂરિયાતો પ્રત્યે તમારી ધારણા કરતાં વધુ સહકાર આપશે.

**મિથુન (ક,છ,ઘ) :**
આજે મુશ્કેલીમાં હોય એવી કોઈ વ્યક્તિની મદદ કરવા તમારી ઊર્જાનો ઉપયોગ કરો. યાદ રાખો- આ નાશવંત શરીરનો શો ઉપયોગ જો તેનો તે અન્યોના ભલા માટે ન વાપરીએ. દિવસ ની શરૂઆત ભલે સારી હોય પરંતુ સાંજે કોઈ કારણસર તમારા પૈસા ખર્ચાઈ શકે છે જેના લીધે તમે પરેશાન થયી શકો છો? અદભુત દિવસ જ્યારે તમે ઈચ્છો છો એટલું લોકોનું ધ્યાન તમને મળશે.

**કર્ક (ડ,હ) :**
આજના દિવસે તમારા આહારની યોગ્ય તકેદારી રાખવી ખાસ કરીને માઈગ્રેનના દરદીઓએ જેમણે તેમનું ભોજન મિસ ન કરવું જોઈએ કેમ કે એવું કરવાથી તેમના પર લાગણી સંબંધિત તાણ બિનજરૂરી રીતે આવી શકે છે. રાત્રી ના સમયે આજે તમને ધન લાભ થવા ની પૂરી શક્યતા છે કે કેમ કે તમારા દ્વારા આપેલું ધન આજે પાછું આવી શકે છે.

**સિંહ (મ,ટ) :**
આજના દિવસે મિત્ર તરફથી પ્રસંશાના ખાસ શબ્દો તમારી ખુશીનું સબબ બનશે. આવું થવાનું કારણ એ કે તમે તમારા જીવનને વૃક્ષ જેવું બનાવ્યું છે-જે અન્યોને છાંયડો આપે છે અને પોતે તડકામાં ઊભા રહી સૂરજનો તાપ સહે છે. પરિવાર ના કોઈ સભ્ય ના માંદા પાડવા થી તમને આર્થિક મુશ્કેલી આવી શકે છે, જોકે આ સમયે તમને ધન કરતા પોતાન સ્વાસ્થ્ય પર વધારે ધ્યાન આપવું જોઈએ?

**કન્યા (પ,ઠ,ણ) :**
આજના દિવસે તમારો હકારાત્મક દૃષ્ટિકોણ તમારી આસપાસના લોકોને પ્રભાવિત કરશે. આર્થિક સમસ્યાઓ રચનાત્મક રીતે વિચારવાની તમારી ક્ષમતાને હાનિ પહોંચાડશે. પરિવારના સભ્યો સાથે કેટલીક હળવાશભરી પળો વિતાવો. સૅક્સ અપીલ વાંછિત ફળ આપશે. તમે જો ઘણા સમયથી કામના સ્થળે મુશ્કેલી અનુભવતા હશો તો આજનો દિવસ ખરેખર સારો રહેશે.

**તુલા (ર,ત) :**
આજે તમે જે કંઈ કરશો તેમાં-ઊર્જાથી સભર હશો-તમે દરેક કામ સામાન્યપણે લાગતા સમય કરતાં અડધા સમયમાં પાર પાડી શકશો. આજ ના દિવસે તમે ઘરે થી ઘણી સકારાત્મકતા સાથે નીકળશો પરંતુ કોઈ મોંઘી વસ્તુ ના ચોરી થવા થી તમારું મૂડ ખરાબ થયી શકે છે. અન્યો સાથે વાદ-વિવાદ તથા બોલાચાલી અને તેમનામાં અકારણ ભૂલો શોધવાનું ટાળો.

**વૃશ્ચિક (ન,ય) :**
હૃદયરોગના દર્દીઓ માટે કૉફી છોડવાનો આ યોગ્ય સમય છે. તેનો હજી વધુ ઉપયોદ હૃદય પર બિનજરૂરી દબાણ વધારશે. વેપાર માં ફાયદો આજે ઘણા વેપારીઓ ના ચહેરા પાર સ્મિત લાવી શકે છે. લાયક ઉમેદવારો માટે વૈવાહિક જોડાણની શક્યતા. પ્રેમમાં તમે નિરાશ થયા હશો પણ નાસીપાસ થશે નહીં કેમ કે પ્રેમીઓ ખૂબ જ અધીરા હોય છે.

**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે તમારી શારીરિક સુસજ્જતા જાળવે એવી રમતગમતની પ્રવૃત્તિને તમે માણશો એવી શક્યતા છે. ચંદ્ર ની સ્થિત ને લીધે તમારું ધન બિનજરૂરી વસ્તુઓ ઉપર ખર્ચ થયી શકે છે. જો તમારે ધન સંચિત કરી ને રાખવું છે તો પોતાના જીવનસાથી અથવા માતા પિતા સાથે આના વિષે ચર્ચા કરો. બાળકો કદાચ નિરાશા જન્માવશે કારણકે તેઓ તમારી અપેક્ષા પર પાર નહીં ઉતરે.

**મકર (ખ,જ) :**
આજે ઉત્સાહિત કરનારી તથા તમને નિરાંતવા રાખતી પ્રવૃત્તિઓ સાથે સંકળાઓ. રિયલ એસ્ટેટમાં રોકાણ લલચાવનારૂં હશે. અન્યોને પ્રભાવિત કરવાની તમારી આવડત તમને વળતર અપાવશે. તમારૂં પ્રિયપાત્ર આજે તમારી માટે જીવંત દેવદૂત બનીને આવશે, દરેક ક્ષણને માણો. વ્યાવસાયિક મીટિંગો દરમિયાન સ્પષ્ટવક્તા અને લાગણીશીલ બનતા નહીં.

**કુંભ (ગ,શ,સ) :**
આજે કુદરતે તમારા પર નોંધપાત્ર આત્મવિશ્વાસ તથા હોંશિયારી વર્ષાવી છે-આથી તેનો પૂરેપૂરો ઉપયોગ કરો. લાંબા ગાળાના કોઈપણ રોકાણ ટાળો તથા તમારા સારા મિત્ર સાથે કેટલીક ખુશીભરી ક્ષણો વિતાવો. પરિવારના સભ્ય ોતમારા જીવનમાં મહત્વનું સ્થાન ધરાવતા હશે. આજે તમારા પ્રિયપાત્રની લાગણીઓ સમજજો. કામના સ્થળે તમારે મહત્વનો નિર્ણય લેવો પડે એવી શક્યતા છે.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજે તમારે અનેક ટૅન્શન તથા મતભેદોનો સામનો કરવો પડે જે તમને બેચેન અને ગુસ્સાવાળા બનાવી દે એવી શક્યતા છે. આજે મિત્રો સાથે પાર્ટી માં તમે કહું પૈસા લૂંટાવી શકો છો છતાંય તમારો આર્થિક પક્ષ મજબૂત રહેશે? કુટુંબ ના સભ્યો સાથે તમારી સમસ્યાઓ શેર કરી ને, તમે હળવાશ અનુભવો છો, પરંતુ ઘણી વાર તમે તમારા અહમ ને આગળ રાખી ને તમારા પરિવાર ના સભ્યો ને મહત્વપૂર્ણ બાબતો કહેતા નથી.





નવી મુંબઈમાં ભારત મહિલા અને દક્ષિણ આફ્રિકા મહિલા ટીમ વચ્ચે રમાનારી ICC મહિલા વર્લ્ડ કપ ૨૦૨૫ ક્રિકેટ ફાઇનલ મેચ પહેલા DY પાટિલ સ્ટેડિયમ ખાતે રિહર્સલના ભાગ રૂપે લોકો રાષ્ટ્રધ્વજ પકડીને બેઠા છે.

## ભારતમાં હાઈસ્પીડ સેટેલાઈટ ઈન્ટરનેટ શરૂ કરવા માટે સ્ટારલિંક તૈયાર

। (એજન્સી) ચમોલી, તા.૨ ।

સ્પેસએક્સના સીઈઓ ઈલોન મસ્ક હવે ભારતમાં ઈન્ટરનેટની દુનિયામાં પ્રવેશ કરી રહ્યા છે. તેમની કંપની સ્ટારલિંક સેટેલાઈટ કોમ્યુનિકેશન્સ પ્રાઈવેટ લિમિટેડ ભારતમાં તેની સેટેલાઈટ ઈન્ટરનેટ સેવા શરૂ કરવાની તૈયારી કરી રહી છે. જેના માટે સ્ટારલિંકે મુંબઈના ચાંદિવલી વિસ્તારમાં આશરે ૧,૨૯૪ ચોરસ ફૂટ ઓફિસ સ્પેસ રૂ.૨.૩૩ કરોડના ભાડા પર પાંચ વર્ષના લીઝ પર લીધી છે. ભારતમાં ઈલોન મસ્કની કંપનીની પ્રથમ સત્તાવાર હાજરી માનવામાં આવી રહી છે. સ્ટારલિંક કંપની આજે ૩૦ ઓક્ટોબર અને આવતીકાલે ૩૧ ઓક્ટોબરના રોજ મુંબઈમાં ટેકનિકલ અને સુરક્ષા ડેમો રનનું આયોજન કર્યુ છે.

## શ્રેયસ અય્યરને સિડની હોસ્પિટલમાંથી રજા મળી

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨ ।

ભારતીય ટીમના બેટર શ્રેયસ ઐયરને શનિવારે (પહેલી નવેમ્બર) સિડનીની હૉસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ(BCCI)એ આ અંગે માહિતી આપી છે. ઓસ્ટ્રેલિયા સામેની ત્રીજી ODI મેચમાં શ્રેયસ ઐયરને પાંસળીમાં ઈજા પહોંચી હતી. જેના કારણે તેને ઈન્ટેન્સિવ કેર યુનિટ(ICU)માં દાખલ કરવામાં આવ્યો હતો, પરંતુ BCCIએ પુષ્ટિ આપી કે તે હવે સ્વસ્થ છે અને તેને રજા આપવામાં આવી છે.

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડે(BCCI) એ શ્રેયસ ઐયર અંગે અપડેટ આપી છે. બોર્ડના જણાવ્યાનુસાર, શ્રેયસ ઐયરને હૉસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે, પરંતુ તે હાલ સિડનીમાં જ રહેશે. શ્રેયસની તબિયત સારી થઈ રહી છે. આ ઉપરાંત BCCIએ શ્રેયસની સારવાર કરનારા ડૉક્ટરોનો આભાર માન્યો હતો.

ભારતીય ક્રિકેટ ટીમના ODI વાઈસ-કેપ્ટન શ્રેયસ ઐયરને ઓસ્ટ્રેલિયા સામે સિડનીમાં રમાયેલી ત્રીજી વન-ડે ઈન્ટરનેશનલ(ODI) (૨૬મી ઑક્ટોબર) મેચ દરમિયાન પાંસળીમાં ગંભીર ઈજા પહોંચી હતી. એલેક્સ કેરીનો કેચ પકડતી વખતે ડાબી પાંસળીમાં થયેલી આ ઈજાને કારણે આંતરિક રક્તસ્રાવ(Internal Bleeding) થતાં, તેને સિડનીની એક હૉસ્પિટલના ઈન્ટેન્સિવ કેર યુનિટ(ICU) માં દાખલ કરવામાં આવ્યો છે.

અહેવાલો અનુસાર, શ્રેયસ ઐયરને શનિવારે (૨૬મી ઑક્ટોબર) મેચ દરમિયાન ડાબી પાંસળીમાં ઈજા થઈ હતી. એલેક્સ કેરીનો કેચ પકડ્યા બાદ તે પીડામાં હોવાનું જણાતા તેને તરત જ ડ્રેસિંગ રૂમમાં લઈ જવામાં આવ્યો હતો. BCCIની મેડિકલ ટીમે ડ્રેસિંગ રૂમમાં પ્રાથમિક તપાસ બાદ પરિસ્થિતિની ગંભીરતા જોતાં તાત્કાલિક કાર્યવાહી કરી અને ઐયરને હૉસ્પિટલમાં મોકલવામાં આવ્યો હતો.

## ન્યૂયોર્કમાં મજૂરોના વેશમાં આવેલા ત્રણ ચોરોએ રૂ. ૨૮ કરોડની તફડંચી કરી

### બે ચોરો ઘરનો પાછળનો દરવાજો તોડીને દાગીના ઉઠાવી લાવ્યા, એક કાર લઈને બહાર રાહ જોતો હતો : પોલીસે વીડિયો રીલિઝ કર્યો

। (એજન્સી) ન્યૂયોર્ક, તા.૨ ।

ન્યૂયોર્કમાં એક ઘરમાંથી ત્રણ ચોરો ૩૨ લાખ ડોલર (અંદાજે ૨૮ કરોડ રૂપિયા)ની કિંમતના દાગીના ચોરી ગયા હતા. પેરિસના વિખ્યાત લુવ્ર મ્યૂઝિયમમાં ચોરી થઈ એના થોડા દિવસોમાં વધુ એક ચર્ચાસ્પદ ચોરી થઈ છે. પોલીસ અધિકારીઓએ જણાવ્યું હતું કે ત્રણ ચોરોએ આ ચોરીને અંદાજ આપ્યો હતો.ન્યુ યોર્ક શહેરના એક ઘરમાં બે ચોરો બાંધકામ મજૂરોના વેશમાં ઘૂસી ગયા. ઘરનો પાછળનો દરવાજો તોડીને ઘરમાં ઘૂસ્યા બાદ ૨૮ કરોડ રૂપિયાથી વધુના દાગીના તિજોરી તોડીને તફડાવી ગયા હતા. એ પછી એક ચોર બહાર કાર લઈને આવ્યો હતો. બ્લૂ રંગની કારમાં એ ત્રણેય નાસી ગયા હતા. આ ચોરી ધોળા દિવસે થઈ હતી. સીસીટીવી કેમેરામાં આ ઘટના કેદ થઈ હતી.

### ટીમ ઈન્ડિયાને એશિયા કપની ટ્રોફી મળી નથી

## એશિયા કપ ટ્રોફી અંગે BCCI એ નકવીને આપી ચેતવણી

। (એજન્સી) દુબઈ, તા.૨ ।

ટીમ ઈન્ડિયાએ દુબઈમાં ૨૮ સપ્ટેમ્બરના રોજ ફાઈનલમાં પાકિસ્તાનને હરાવીને એશિયા કપ ૨૦૨૫નો ખિતાબ જીત્યો હતો, પરંતુ મહિનાઓ વીતી જવા છતાં હજી સુધી ભારતને ટ્રોફી મળી શકી નથી. પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (PCB) ના અધ્યક્ષ મોહસિન નકવી ટ્રોફી પોતાની પાસે રાખી રહ્યા છે અને ભારતને સોંપવા અંગે નાટક કરી રહ્યા છે. જોકે, હવે ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) ને આશા છે કે મોહસિન નકવી એશિયા કપની ટ્રોફી એક કે બે દિવસમાં ટીમ ઈન્ડિયાને સોંપી દેશે. પરંતુ જો આમ નહીં થાય તો BCCI એ નકવી વિરુદ્ધ એક મોટું પગલું ભરવાની તૈયારી કરી લીધી છે.

BCCI એ એશિયા કપ ટ્રોફી અંગે PCB અને ACC ચેરમેન મોહસિન નકવીને ચેતવણી આપી છે. બીસીસીઆઈના સચિવ દેવજીત સૈકિયાએ સ્પષ્ટ કહ્યું છે કે જો ૪ નવેમ્બર સુધીમાં એશિયા કપની ટ્રોફી તેના અસલી હકદાર એટલે કે ટીમ ઈન્ડિયા સુધી નહીં પહોંચે તો તેઓ આ મુદ્દો દુબઈમાં યોજાનારી ICCની બેઠક માં ઉઠાવશે. રિપોર્ટ મુજબ, દેવજીત સૈકિયાએ કહ્યું, ''અમને નિરાશા છે કે એક મહિનો વીતી જવા છતાં પણ ટ્રોફી અમને સોંપવામાં આવી નથી.''

સૈકિયાએ આગળ એ પણ જણાવ્યું કે, ''લગભગ ૧૦ દિવસ પહેલા અમે એશિયન ક્રિકેટ કાઉન્સિલના અધ્યક્ષ મોહસિન નકવીને એક પત્ર લખીને ટ્રોફી ભારતને સોંપવાની માંગ કરી હતી, તેમ છતાં તેમના વલણમાં કોઈ ફેરફાર આવ્યો નથી. હજી પણ ટ્રોફી તેમની પાસે છે, પરંતુ અમને આશા છે કે એક-બે દિવસમાં ટ્રોફી મુંબઈ સ્થિત બીસીસીઆઈના હેડ ઓફિસ પહોંચી જશે.'' સૈકિયાએ એ પણ કહ્યું કે ''બીસીસીઆઈ તરફથી અમે આ મામલાને નિપટવા માટે સંપૂર્ણપણે તૈયાર છીએ અને હું ભારતના લોકોને ખાતરી આપી શકું છું કે ટ્રોફી ભારત પાછી આવશે, બસ સમય મર્યાદા નક્કી નથી. પણ એક દિવસ ટ્રોફી આવશે.''

સૂર્યકુમાર યાદવની આગેવાની હેઠળની ભારતીય ટીમે એશિયા કપનો ખિતાબ જીત્યા પછી PCB ચીફ મોહસિન નકવીના હાથમાંથી ટ્રોફી લેવાનો સ્પષ્ટ ઈનકાર કરી દીધો હતો. પરંતુ નકવી પોતાના હાથે જ ટ્રોફી આપવા માટે અડગ રહ્યા અને ટ્રોફી પોતાની સાથે લઈને જતા રહ્યા. આ પછી નકવીએ ટ્રોફીને દુબઈમાં ACC ના મુખ્યાલયમાં લોક કરાવી દીધી હતી. જોકે, થોડા દિવસો પહેલા સમાચાર આવ્યા હતા કે નકવીએ ટ્રોફીને ACC ઓફિસમાંથી હટાવીને અબુ ધાબીમાં કોઈ અજ્ઞાત જગ્યાએ રખાવી દીધી છે.

બીસીસીઆઈની ચેતવણી છતાં નકવી પોતાની જીદ પર અડગ છે કે ટ્રોફી ભારતને તે પોતે જ પોતાના હાથે સોંપશે. જણાવી દઈએ કે, એશિયા કપ ૨૦૨૫માં ટીમ ઈન્ડિયાએ ફાઈનલ સહિત ત્રણ વખત પાકિસ્તાનને ખરાબ રીતે હરાવ્યું હતું. વળી, ફાઈનલમાં ભારતે પાકિસ્તાનને ૫ વિકેટે હરાવીને ખિતાબ પોતાના નામે કર્યો હતો.

### પાકિસ્તાનમાં ૪૦ ટકા બાળકો તો અર્ધભૂખ્યા જેવી સ્થિતિ

## ગરીબી દૂર કરી હોવાના પાકિસ્તાનના દાવાને વિશ્વ બેન્કે ફગાવી દીધો

। (એજન્સી) ઈસ્લામાબાદ, તા.૨ ।

પાકિસ્તાન દાવો કરે છે કે તેણે ગરીબી દૂર કરી નાખી છે. પાકિસ્તાનના આ દાવાને વિશ્વ બેન્કે ફગાવી દીધો છે. વિશ્વ બેન્કે કહ્યું છે કે માત્ર થોડા જૂથો ગરીબીની રેખામાંથી બહાર આવ્યાં છે બાકી તેની ગામડાની વસ્તી તો ગરીબીમાં જ ટળવળે છે.પાકિસ્તાનનાં વર્તમાનપત્ર ''એક્સ-પ્રેસ-ટ્રિબ્યુને'' આપેલા આંકડા પણ સાચા હોવા અંગે શંકા દર્શાવતા વર્લ્ડ બેન્ક કહે છે કે, 'ગરીબીની પરિસ્થિતિ તો સામાન્ય જનજીવન પરથી જાણી શકાય છે. આંકડાઓથી નહીં' વર્લ્ડ બેન્કે તેટલું સ્વીકાર્યુ હતું કે ગત વર્ષે ગરીબીની રેખાની નીચે જીવતા ૨૫ ટકા લોકો હતા. વર્તમાન નાણાંકીય વર્ષ ૨૦૨૫માં તેમાં થોડો સુધારો થયો છે, અને ચાલુ નાણાંકીય વર્ષે ગરીબીની રેખા નીચે જીવતા લોકોની ટકાવારી ઘટીને ૨૨.૨ ટકા જેટલી રહી છે. પરંતુ આ આંકમાં શહેરી વિસ્તારોમાં રહેતા લોકો પણ સમાવિષ્ટ છે. ગામડાંઓની પરિસ્થિતિનું સાચું ચિત્ર મળી શકતું નથી.વર્લ્ડ બેન્કે આ સાથે સીધો જ આક્ષેપ કર્યો હતો કે આ આંકડા પાકિસ્તાન સરકારે આપ્યા છે. પરંતુ વાસ્તવમાં તે સત્ય છુપાવી રહ્યું છે.વર્લ્ડ બેન્કના સીનીયર ઈકોનોમિસ્ટ તોબિયાસ હક્કે તો જણાવ્યું હતું કે, પાકિસ્તાનમાં ૪૦ ટકા બાળકો તો અર્ધભૂખ્યા જેવી સ્થિતિમાં છે.

### ખેડૂતો સરકાર પાસે સહાયની મદદ માંગી રહ્યા છે, ખેડૂતોનો દબાયેલો અવાજ આજે ગાંધીનગર પહોંચ્યો

# ખેડૂતોનો અવાજ ગાંધીનગર પહોંચ્યો : સરકારને ૪ દિવસનું અલ્ટીમેટમ આપ્યું, સહાય નહિ તો થશે ઉગ્ર આંદોલન

। ગાંધીનગર, તા.૨ ।

ગુજરાતના માથે કમોસમી વરસાદનું સંકટ યથાવત છે. માવઠાથી ખેડૂતોની મુશ્કેલી વધી છે. ઉભા પાકને નુકસાની સર્જાઈ છે. સતત પડી રહેલા વરસાદથી ખેતરમાં જ પાક ધોવાઈ ગયા છે. માવઠાથી ખેડૂતોની કરેલા ખર્ચ અને મહેનત પાણીમાં ગઈ છે. અને હજી પણ માવઠાનું સંકટ માથે મંડરાઈ રહ્યું છે. આવામાં ગુજરાતના ખેડૂતો સરકાર પાસે સહાયની મદદ માંગી રહ્યા છે. ખેડૂતોનો દબાયેલો અવાજ આજે ગાંધીનગર પહોંચ્યો છે. કમોસમી વરસાદને પગલે ખેડૂતોમાં દેવા માફીની માંગણી કરી.

કમોસમી વરસાદના કારણે થયેલ નુકસાન બાબતે ખેડૂતો રોષે ભરાયા છે. ત્યારે ૭ ગામના ખેડૂતો કલેક્ટર કચેરી ખાતે પહોંચ્યા છે. ખેડૂતો ઢોલ નગડા સાથે કલેક્ટર કચેરી પહોંચ્યા હતા. ખેડૂતોએ ચીમકી આપી કે, જો સરકાર ખેડૂત બાબતે નિર્ણય નહિ લે તો ઉગ્ર આંદોલન કરવામાં આવશે. અમે નેશનલ હાઈવે નંબર ૮ બ્લોક પણ કરવાની ફરજ પડશે તો અમે કરીશું.



ખેડૂતોએ સરકારને ૪ દિવસનું અલ્ટીમેટમ આપ્યું છે. સાથે જ શાકભાજીની તમામ માર્કેટ બંધ કરવાની પણ ખેડૂતોએ ચીમકી આપી છે. તાત્કાલિક સર્વે કરવાની માંગ સાથે છાલા ગામના ખેડૂતોએ કલેક્ટરને રજુઆત કરી છે. ગુજરાતના મોટાભાગના ખેડૂતો અત્યારે પાયમાલી તરફ છે. અરબ સાગરમાં સર્જાયેલા ડિપ્રેશનના કારણે રાજ્યભરમાં કમોસમી વરસાદ વરસી રહ્યો છે. એવામાં પાકને નુકસાની વેઠવાનો વારો આવ્યો છે. મહા મહેનતે પકવેલો પાક હવે પાણી પાણી થઈ ગયો છે. જગતના તાત માટે સમસ્યા એ જ છે કે શું ખાવું અને શું વેચવુ? અમદાવાદના જેતલપુર ગામમાં રહેતા અંકિત પટેલે અઢી વિઘામાં ડાંગરનો પાક લીધો હતો. તેમણે વિઘા દીઠ ૨૦ હજારની લોન લઈને પાક લીધો હતો. પણ કમોસમી વરસાદના કારણે સમગ્ર પાક પડી ગયો છે. હવે તેમના ઘરમાં અનાજ આવે તેટલી પણ આવક આવવાની નથી. અંકિત પટેલ કુટુંબના ચાર સભ્યોમા એકમાત્ર કમાનાર વ્યક્તિ છે. તેમની બે દીકરીઓને તેઓ ભણાવવા માંગે છે પણ સતત ત્રણ વર્ષથી કમોસમી વરસાદના કારણે પાક ધોવાઈ રહ્યો છે. છેલ્લા ત્રણ વર્ષથી પાયમાલી ભોગવી હવે તેવો કંટાળી ચૂક્યા છે. તમને કહ્યું છે કે કુદરત તો તેમનાથી રિસાઈ છે એવામાં એકમાત્ર અપેક્ષા તેઓ સરકાર સાથે રાખી રહ્યા છે. તો અમરેલી જીલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપ દુધાતે પ્રેસ કોન્ફરન્સ યોજી કમોસમી વરસાદથી ખેડુતોના નુકસાન મુદ્દે આક્રમક બનવાની વાત કરી. તેમણે સાધુ સંતો અને ઉદ્યોગપતિઓને ખેડૂતોનો અવાજ બનવા હાંકલ કરી. ખેડૂતોના ધિરાણ સંપૂર્ણ માફ કરવાની માંગ કરી. તેમણે કહ્યું કે, ઓનલાઈન સર્વે એ ખેડૂતોને ગુમરાહ કરવાનું ગતકડું છે. ખેડૂતો રાતા પાણીએ રડી રહ્યાં છે. આગામી ૩ નવેમ્બરથી કોંગ્રેસ જિલ્લામાં ધરણા પ્રદર્શન યોજશે. ખેડૂતોને નુકસાન મુદ્દે સરકારને ઘેરીશું.

મહેસાણાના ધારાસભ્ય મુકેશ ડી. પટેલ દ્વારા મુખ્યમંત્રીને કરાયેલી રજૂઆતમાં જણાવાયું છે કે, તેમના મહેસાણા વિધાનસભા મતવિસ્તારમાં જુવાર, બાજરી, કપાસ અને મગફળી જેવા મુખ્ય પાકોનું વાવેતર થયું છે. દુર્ભાગ્યવશ, આ તમામ પાકો હાલમાં સુકવેલા પૂળા અને લણણીના અંતિમ તબક્કામાં હતા, ત્યારે જ કમોસમી વરસાદ પડતાં ખેડૂતોને મોટું નુકસાન થયું છે. ધારાસભ્યએ આ પત્રમાં સ્પષ્ટ ભલામણ કરી છે કે, વહીવટી તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે સર્વે હાથ ધરવામાં આવે અને કમોસમી વરસાદથી થયેલા નુકસાન બદલ ખેડૂતોને યોગ્ય વળતર કે સહાય ચૂકવવામાં આવે. તેમણે કૃષિ મંત્રી જીતુ વાઘાણીને પણ આ પત્રની નકલ રવાના કરીને ખેડૂતોની વ્યથા તરફ ધ્યાન દોર્યું છે. તૈયાર પાક બગડી જવાથી ખેડૂતો આર્થિક સંકટમાં મુકાયા છે. અને હવે તેઓ સરકારના રાહત પેકેજની આશા રાખી રહ્યા છે. મહેસાણા ધારાસભ્ય ઉપરાંત બેચરાજી અને ઊંઝા ધારાસભ્ય એ પણ સીએમ ને લેખિત રજૂઆત કરી છે.

### ન્યૂઝ બ્રિફ

## મધ્યરાત્રિથી ગિરનારની પરિક્રમાનો થયો પ્રારંભ

। (એજન્સી) જુનાગઢ, તા.૨ ।

ખરાબ રસ્તા અને વાતાવરણને કારણે ગિરનાર લીલી પરિક્રમા સ્થગિત કરાયાની જાહેરાત છતાં જૂનાગઢમાં શ્રદ્ધાળુઓનો ભારે ધસારો જોવા મળ્યો. મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓની ભીડ હાલ તળેટીમાં ઉમટી પડી છે.

જૂનાગઢના ભવનાથ તળેટીથી પરંપરા જાળવવા પ્રતિકાત્મક સ્વરૂપે થનાર ગિરનાર લીલી પરિક્રમાનો પ્રારંભ કરાવતા જિલ્લા કલેકટર અને સાધુ,સંતોની ઉપસ્થિતીમાં શ્રીફળ વધેરી પરિક્રમા શરૂ કરવાની પરંપરા જાળવી હતી. વહેલી સવારે માત્ર મર્યાદિત સંખ્યામાં સાધુ, સંતો પરિક્રમા રૂટ પર પ્રસ્થાન કર્યું હતું.

જુનાગઢની ભવનાથ તળેટીમાં ગરવા ગઢ ગિરનારની પાવનકારી લીલી પરિક્રમા આમ તો વર્ષોથી પારંપરિક રીતે યોજાઈ છે, જેમાં લાખોની સંખ્યામાં ભાવિકો ઉમટે છે. પરંતુ આ વર્ષે કમોસમી વરસાદ થવાથી પરિક્રમા રૂટ પર કાદવ કીચડ અને પગપાળા જવું પણ દુષ્કર બનતા જિલ્લા વહીવટી તંત્ર અને સાધુ સંતોએ પરિક્રમા રૂટનું ચેકીંગ કર્યા બાદ નિર્ણય લેવાયો કે આ વર્ષે પરિક્રમા મોકૂફ રાખવાની ફરજ પડી છે. દેવ દિવાળીની મધ્યરાત્રીએ સાધુ સંતો અને જિલ્લા કલેકટરે કારતક સુદ અગિયારસે ગિરનાર લીલી પરિક્રમાની પરંપરા જાળવવા પ્રતિકાત્મક સ્વરૂપે થનાર પરિક્રમાનો શ્રીફળ વધેરી પ્રારંભ કરાવ્યો હતો.

આ પ્રસંગે ગિરનાર તીર્થક્ષેત્રના શેરનાથ બાપુ, ઈન્દ્રભારતી બાપુ, મહેન્દ્રાનંદગીરી બાપુ, શૈલજા દેવી તેમજ મેયર, ડેપ્યુટી મેયર મ્યુનિસિપલ કમિશનર, જિલ્લા પોલીસ વડા અને નાયબ વન સંરક્ષક સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિમાં પ્રતિકાત્મક સ્વરૂપે થનાર આ ગિરનાર લીલી પરિક્રમાનો વિધિવત પ્રારંભ કરાવ્યો હતો. આ પૂર્વે પરંપરા મુજબ ભગવાન ગુરુ દત્તાત્રેયની પૂજન વિધિ કરવામાં આવી હતી., કમોસમી વરસાદના પગલે ગિરનાર લીલી પરિક્રમાના રૂટ પર સર્જાયેલા કાદવ કીચડના કારણે પરિક્રમાને મોકૂફ રાખવાની ફરજ પડી છે. પરંતુ ધાર્મિક આસ્થાના સંપૂર્ણ સન્માન અને પરંપરા જળવાઈ રહે તે માટે આજે વહેલી સવારે પ્રતિકાત્મક સ્વરૂપે સાધુ સંતો મર્યાદિત સંખ્યામાં વહીવટી તંત્રની સાથે રહી પરિક્રમા કરવા પ્રસ્થાન કર્યું હતું.

### દાદાની સરકાર જલ્દી કરશે મોટી જાહેરાત । રાજ્યના વિવિધ જિલ્લાઓમાં છેલ્લા કેટલાક દિવસોમાં થયેલા કમોસમી વરસાદને કારણે ખેડૂતોને નુકસાન

# ગુજરાતના ખેડૂતોના વ્હારે આવ્યા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

। (એજન્સી) ગાંધીનગર, તા.૨ ।

ઓળખાતા મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ ગુજરાતના ખેડૂતોના વ્હારે આવ્યા છે. મોસમી વરસાદ અને પાક નુકશાની અંગે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે ટ્વિટ કરીને જણાવ્યું કે, કમોસમી વરસાદને કારણે ખેડૂતોના ઉભા પાકને વ્યાપક નુકસાન થયું છે. તંત્ર દ્વારા પાકને થયેલા નુકસાનની સમીક્ષા અને સર્વેની કામગીરી અત્યંત ઝડપથી હાથ ધરવામાં આવી છે. આગામી દિવસોમાં ઝડપથી રાહત-સહાય પેકેજ જાહેર કરશે.

કમોસમી વરસાદનો માર સહન કરી રહેલા ખેડુતો માટે સૌથી મોટા સમાચાર સામે આવ્યા છે. ધરતીપુત્રોના હિતને સર્વોચ્ચ પ્રાધાન્ય આપીને રાજ્ય સરકાર ખેડૂતોને આ નુકસાનમાં સહાયરૂપ થવા આગામી દિવસોમાં ઝડપથી રાહત-સહાય પેકેજ જાહેર કરશે.

રાજ્યના વિવિધ જિલ્લાઓમાં છેલ્લા કેટલાક દિવસોમાં થયેલા કમોસમી વરસાદને કારણે ખેડૂતોના ઉભા પાકને વ્યાપક નુકસાન થયું છે. કુદરતી આપત્તિની આ અણધારી



આફતમાં રાજ્ય સરકાર પૂરી સંવેદનાથી ખેડૂતોની પડખે ઉભી છે.

મુખ્યમંત્રીએ જણાવ્યું કે, રાજ્યના વિવિધ જિલ્લાઓમાં છેલ્લા કેટલાક દિવસોમાં થયેલા કમોસમી વરસાદને કારણે ખેડૂતોના ઉભા પાકને વ્યાપક નુકસાન થયું છે. કુદરતી આપત્તિની આ અણધારી આફતમાં રાજ્ય સરકાર પૂરી સંવેદનાથી ખેડૂતોની પડખે ઉભી છે.- રાજ્યના મંત્રીઓએ પ્રત્યક્ષ વિવિધ વિસ્તારોની મુલાકાત લઈને ખેડૂતોની સ્થિતિ જાણી છે. તંત્ર દ્વારા પાકને થયેલા નુકસાનની સમીક્ષા અને સર્વેની કામગીરી અત્યંત ઝડપથી હાથ ધરવામાં આવી છે. હું સતત આ સંદર્ભે મંત્રીશ્રીઓ અને અધિકારીઓની સાથે સંકલનમાં છું. તેમણે વધુમાં કહ્યું કે, ધરતીપુત્રોના હિતને સર્વોચ્ચ પ્રાધાન્ય આપીને રાજ્ય સરકાર ખેડૂતોને આ નુકસાનમાં સહાયરૂપ થવા આગામી દિવસોમાં ઝડપથી રાહત-સહાય પેકેજ જાહેર કરશે. તો બીજી તરફ, નાયબ મુખ્યમંત્રીએ મુખ્યમંત્રીના ત્વરીત સહાયના નિર્ણયને આવકાર્યો છે. હર્ષ સંઘવીએ કહ્યું કે, ખેડૂતો પ્રત્યેનો સંવેદનશીલ અભિગમ અને તરત કાર્યરત થવા બદલ મુખ્યમંત્રીનો આભાર. સર્વેની તાત્કાલિક શરૂઆત અને ઝડપથી રાહત આપવાનો નિર્ણય પ્રો-એક્ટિવ નેતૃત્વનું ઉત્તમ ઉદાહરણ.

### દરિયામાં ખાલી હાથ, જમીન પર દેવું!

## રાજુલા-જાફરાબાદના માછીમારોની સમુદ્ર સામે લડાઈ

। (એજન્સી) અમરેલી, તા.૨ ।

અમરેલી જિલ્લાના તટ વિસ્તારના રાજુલા-જાફરાબાદના માછીમારો છેલ્લા કેટલાક મહિનાથી ભારે મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે. વારંવારના વાવાઝોડા, અચાનક મોજાં અને અનુકૂળ હવામાન ન હોવાના કારણે સમુદ્રમાં માછીમારી માટે જનાર બોટોને વારંવાર ખાલી હાથ પરત ફરવું પડે છે. દરિયાઈ ક્ષેત્રના આ માછીમારો, જેને સ્થાનિક સ્તરે "સાગર ખેડૂત" તરીકે ઓળખવામાં આવે છે, હવે સરકાર પાસે સહાયની માંગ કરી રહ્યા છે.

જાફરાબાદ કોળી સમાજના પ્રમુખ અને જાણીતા માછીમાર હમીરભાઈ સોલંકીએ જણાવ્યું કે છેલ્લા ત્રણ મહિનામાં સમુદ્રમાં પાંચ વખત માછીમારી માટે નીકળ્યા બાદ વાવાઝોડા અને તોફાની મોજાંને કારણે બોટોને મધ્ય સાગરથી જ પરત આવવું પડ્યું હતું. "દર વખતે સમુદ્રમાં જતાં હજારો લિટર ડીઝલ, મજૂરોના પગાર અને બરફના ખર્ચમાં લાખો રૂપિયા ખર્ચાય છે. એક બોટ માલિકને તો અંદાજે ૧૦ લાખ રૂપિયાથી વધુનું નુકસાન થયું છે."

વધુમાં ઉમેર્યું કે "અમારું જીવન પણ જમીન ખેડૂત જેટલું જ જોખમભર્યું છે. જમીન ખેડૂતને પાકનું નુકસાન થાય ત્યારે સરકાર સહાય આપે છે, તો સમુદ્રમાં ખેતી કરનાર અમને પણ સહાય આપવી જોઈએ. અમે પણ દરિયાના ખેડૂત છીએ." હમીરભાઈએ જણાવ્યું કે તાજેતરમાં પકડાયેલ માછલીઓની સુકવણી દરમ્યાન વરસાદ અને ભેજને કારણે મોટું નુકસાન થયું. "માછલી સુકાવવાની પ્રક્રિયા દરમ્યાન સતત

## અંકલેશ્વરમાં વધુ એક પોલીસ કર્મીનું હિટ એન્ડ રનમાં મૃત્યુ

। (એજન્સી) સુરત, તા.૨ ।

અંકલેશ્વરના અમરતપુરા પાટીયા નજીક હિટ એન્ડ રનનો બનાવ સામે આવ્યો છે. જેમાં અજાણ્યા વાહનચાલકે ટક્કર મારતાં ફરજ પરના પોલીસકર્મીનું મૃત્યુ થયું છે. મૃતક પોલીસકર્મી અરવિંદ ચૌધરીના અવસાનથી સમગ્ર પોલીસ બેડામાં અને પરિવારમાં શોકની લાગણી છવાઈ ગઈ છે. મળતી માહિતી અનુસાર, મૃતક પોલીસકર્મી અરવિંદ ચૌધરી અંકલેશ્વર શહેરના બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા હતા. તેમનું મૃત્યુ એક સેવાકીય કાર્ય પૂર્ણ કર્યા બાદ થયું છે. તેમણે રસ્તા પર ઈજાગ્રસ્ત હાલતમાં પડેલા શ્વાનને જોયું હતું.

તેણે તુરંત જ શ્વાનને મદદ કરી અને એનિમલ એમ્બ્યુલન્સ બોલાવીને તેનો જીવ બચાવ્યો હતો. આ માનવતાભર્યું કાર્ય પૂર્ણ કર્યા બાદ તેઓ રોડ ક્રોસ કરી રહ્યા હતા, આ દરમિયાન અતિ ઝડપે આવી રહેલા અજાણ્યા વાહને તેમને અડફેટે લીધા હતા.

## જો ઉદ્યોગોનું દેવું માફ થઈ શકે, તો ખેડૂતોનું નુકસાન કેમ નહીં

। (એજન્સી) ભરૂચ, તા.૨ ।

રાજ્યમાં કમોસમી વરસાદને પગલે પાકને થયેલા ભારે નુકસાન બાદ ખેડૂતોનો આક્રોશ હવે ઉફાન પર છે. કમોસમી વરસાદના કારણે પાકને થયેલા ૮૦% થી ૮૫% નુકસાન બાદ ખેડૂતોમાં ઉકળાટ જોવા મળી રહ્યો છે. ખેડૂતોનો આક્રોશ એટલો છે કે, હવે ખેડૂતોની સહાયમાં ઉદ્યોગપતિઓને મળતી મદદ જોડાઈ છે.

ભરૂચ જિલ્લાના ૯ તાલુકામાં કમોસમી વરસાદે હજારો ખેડૂતોના તૈયાર પાકને નષ્ટ કરી દીધા, જેના કારણે ખેડૂતો આર્થિક સંકટમાં મુકાયા. ખેતરો તળાવોમાં ફેરવાયા, અને ખેડૂતોની મહેનત, બીયારણ અને ખાતરનો ખર્ચ ડૂબી ગયો. ખેડૂતો સરકાર પાસે નુકસાનીના વળતરની માંગ કરી રહ્યા છે અને સહાય ન મળે તો આગામી ચૂંટણીમાં પરિણામ ભોગવવાની ચીમકી આપી છે.

ભરૂચ જિલ્લાના ૯ તાલુકા—ભરૂચ, અંકલેશ્વર, હાંસોટ, વાલીયા, ઝઘડીયા, નેત્રંગ, આમોદ, વાગરા અને જંબુસરમાં છેલ્લા ૧૫ દિવસથી કમોસમી વરસાદે હજારો એકર જમીનમાં ઘૂંટણસમું પાણી ભરી દીધું. આનાથી કપાસ, શેરડી અને ડાંગર જેવા પાક સંપૂર્ણ બરબાદ થયા. હાંસોટના ખેડૂતો, જેમ કે નોફર પટેલ (દેત્રાલ ગામના સરપંચ) અને કનુભાઈ પટેલે જણાવ્યું, "અમારી મહેનત અને ખર્ચ બધું વ્યર્થ ગયું. ખેતરોમાં પાણી ભરાઈ ગયું છે, અને હવે ઘર ચલાવવું મુશ્કેલ બન્યું છે."ખેડૂતોની મહેનત ડૂબી છે. ખેડૂતોએ ત્રણ-ત્રણ વખત બીયારણ વાવ્યું, ખાતર અને મજૂરીમાં હજારો રૂપિયા ખર્ચ્યા, અને પોતાનો પરસેવો રેડીને પાક તૈયાર કર્યો. પરંતુ કમોસમી વરસાદે આ બધું નાશ કરી દીધું.

હાંસોટમાં ખેડૂતોએ ડાંગરના પાકને બચાવવા રોડ પર પાથરીને સૂકવવાનો પ્રયાસ કર્યો, પરંતુ સતત વરસાદે તે પણ નિષ્ફળ કર્યું. હિંગલોટ ગામના એક ખેડૂતે જણાવ્યું, "અમારો પાક ગયો, અને હવે અમે આર્થિક રીતે તૂટી ગયા છીએ."

નર્મદા નદીની અસરચોમાસા દરમિયાન નર્મદા નદીમાં પાણી છોડવાથી નદીકાંઠાના ખેડૂતો પહેલેથી જ પીડાયા હતા. ચોમાસું પૂર્ણ થયા બાદ કમોસમી વરસાદે વધુ નુકસાન કર્યું, જેના કારણે ખેતરોમાં જળબંબાકારની

## દ્વારકામાં કોંગ્રેસ પાર્ટીએ ખેડૂત આક્રોશ સભા યોજી

### ખેડૂતો પાયમાલ થઈ ગયા છે સર્વસ્વ લૂંટાઈ ગયું છે તેમ છતાં સરકાર સર્વે કરવાના નાટકો કરી રહી છે : કોંગ્રેસ

। (એજન્સી) દ્વારકા, તા.૨ ।

ગુજરાતમાં અત્યારે કમોસમી વરસાદ ખાબકી રહ્યો છે, સાર્વત્રિક વરસાદના કારણે ખેડૂતોના પાકને મોટુ નુકસાન પહોંચ્યુ છે.

સરકાર પાસે ખેડૂતો પાક નુકસાનીનું વળતર માંગી રહ્યાં છે. ત્યારે હવે ખેડૂતોના પક્ષામાં કોંગ્રેસે અવાજ ઉઠાવ્યો છે. આજે દ્વારકામાં કોંગ્રેસની ખેડૂતો આક્રોશ સભા યોજાઈ હતી. જેમાં દેવભૂમી દ્વારકા જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા ખંભાળિયા ખાતે કમોસમી વરસાદથી ખેડૂતોને થયેલા નુકસાનના સર્વેને લઈને કિસાન આક્રોશ સભામાં એક મશાલ રેલીનું પણ આયોજન કર્યુ હતું. આ રેલીમાં મોટી સંખ્યામાં કોંગ્રેસના નેતા, કાર્યકર્તાઓ અને ખેડૂતો જોડાયા હતાં.

દ્વારકામાં કોંગ્રેસની ખેડૂત આક્રોશ સભા યોજાઈ જેમાં સરકાર સામે મોરચો માંડ્યો હતો, રાજ્યમાં માવઠાના માર સામે દ્વારકા જિલ્લા કોંગ્રેસ સમિતિ આ ખેડૂત આક્રોશ સભા યોજી હતી. આ રેલીમાં સરકારની મરેલી આત્મામાં જ્યોત પ્રજ્વલિત કરવા માટે મશાલ રેલીને અંતે ખેડૂતોએ ખરખરો કરીને સરકારની મરેલી આત્માને શ્રદ્ધાંજલી આપી હતી. જેમાં ખેડૂતોએ માથે ઓઢી મરણ પોક મૂકી સરકારને શ્રદ્ધાંજલી આપી અનોખો વિરોધ નોંધાવ્યો હતો. કોંગ્રેસનું કહેવું છે કે, ગુજરાતની સાથેસાથે દ્વારકા જિલ્લામાં પણ કમોસમી વરસાદનો માર ખેડૂતોએ સહન કરવાનો આવ્યો છે.

## મહુવા તાલુકાના કોંજળી ગામે ૭૬ વર્ષીય ઉજીબેનની ગળું દબાવી હત્યા

। (એજન્સી) ભાવનગર, તા.૨ ।

મહુવા તાલુકાના કોંજળી ગામે લૂંટ વિથ મર્ડરની એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. જેમાં ૭૭ વર્ષના એક વૃદ્ધ મહિલાની તેમના જ ઘરમાં નિર્દયતાપૂર્વક હત્યા કરીને સોનાના દાગીનાની લૂંટ કરી ચોર-લૂંટારુ ભાગી ગયો છે. જે સમગ્ર ઘટનાને લઈ મહુવા ગ્રામ્ય પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. ઘટના અંગે બનાવની વાત કરીએ તો ગત તારીખ ૩૦-૧૦-૨૦૨૫ના રોજ રાત્રિના સમયે કોંજળી ગામે આ બન્યો હતો. કોંજળી ગામે રહેતા ઉજીબેન નામના ૭૬ વર્ષીય વૃદ્ધ મહિલાની તેમના જ ઘરમાં હત્યા કરવામાં આવી હતી. કોઈ અજાણ્યા હુમલાખોરોએ વૃદ્ધાનું મોઢું અને ગળું દબાવીને હત્યાને અંજામ આપ્યો હતો. હત્યા કર્યા બાદ હત્યારાઓએ વૃદ્ધાના કાનમાં પહેરેલા સોનાના ઘરેણાંની લૂંટ ચલાવી સ્થળ પરથી ફરાર થઈ ગયા હતા. બાદમાં ઘરમાંથી વૃદ્ધ મહિલાનો મૃતદેહ મળી આવતા આ આખો મામલો પોલીસ સ્ટેશને પહોંચ્યો હતો અને પોલીસે ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને વૃદ્ધ મહિલાના મૃતદેહનું ફોરેન્સિક પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું હતું.

## ગુજરાતની ખૌફનાક ડબલ મર્ડર મિસ્ટ્રી : ૧૫ વર્ષના છોકરાએ મોટા ભાઈની કરપીણ હત્યા કરી

। (એજન્સી) જુનાગઢ, તા.૨ ।

ગુજરાતના જુનાગઢથી લગભગ ૫૦ કિલોમીટર દૂર એક નાના ગામમાં, ૧૫ વર્ષના સગીરે તેના મોટા ભાઈની ક્રૂરતાથી હત્યા કરી. તેણે તેની છ મહિનાની ગર્ભવતી ભાભીની પણ હત્યા કરી. પોલીસને આઘાત લાગ્યો કે આ ભયાનક ગુનો કરનાર કિશોરે કોઈ પસ્તાવો દર્શાવ્યો નહીં. તેણે કબૂલાત કરી કે જ્યારે તે તેના ભાઈની હત્યા કરી રહ્યો હતો, ત્યારે તેની ભાભીએ દયાની ભીખ માંગી, પરંતુ તેણે તેની અવગણના કરી અને પછી તેના પર બળાત્કાર કર્યો.

૧૬ ઓક્ટોબરના રોજ બનેલી આ ભયાનક ઘટના શુક્રવારે પ્રકાશમાં આવી. જ્યારે બિહારમાં રહેતી મહિલાના પરિવારનો મહિલા સાથે સંપર્ક તૂટી ગયો અને તેમને કંઈક ખોટું થયું હોવાની શંકા ગઈ, ત્યારે તેઓએ વિસાવદર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી. પોલીસે દંપતીના મૃતદેહને બહાર કાઢ્યા. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે છોકરો તેના ભાઈને ખૂબ જ નફરત કરતો હતો, જે ઘણીવાર તેને મારતો હતો અને ઢોરઢાંખરની સંભાળ રાખીને કમાતા પૈસા ચોરી લેતો હતો.

એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું કે છોકરાએ તેના ભાઈને લોખંડના પાઈપથી માથા પર માર માર્યો હતો જ્યાં સુધી તે બેહોશ ન થઈ ગયો. જ્યારે તેની ભાભીએ તેનો ગુસ્સો જોયો અને દયાની ભીખ માંગી, ત્યારે તેણે તેની સાથે સંભોગની માંગણી કરી. મહિલા પર બળાત્કાર કર્યા પછી, તેને ડર હતો કે તે ચીસો પાડશે, તેથી તેણે તેના પેટ પર ઘૂંટણ રાખીને તેનું ગળું દબાવી દીધું. છોકરાની માતાએ તેને ઘરની પાછળ મૃતદેહો દફનાવવામાં મદદ કરી હોવાનું કહેવાય છે. પોલીસે પુરાવાનો નાશ કરવાનો પ્રયાસ કરવા બદલ તેણીની ધરપકડ પણ કરી છે. જ્યારે મૃતદેહો બહાર કાઢવામાં આવ્યા, ત્યારે તે નગ્ન હતા, અને પુરુષની ખોપરીમાં ફ્રેક્ચર થયું હતું. પોસ્ટમોર્ટમ રિપટાંકીને, અધિકારીએ કહ્યું કે હુમલાને કારણે ગર્ભાશયમાંથી અર્ધ-વિકસિત ગર્ભ પણ બહાર આવ્યો હતો. તેમણે કહ્યું કે છોકરાએ પાંચ ફૂટ ઊંડો ખાડો ખોદીને મૃતદેહોને દફનાવી દીધા. ત્યારબાદ તેણે તેમના કપડાંમાં આગ લગાવી દીધી અને લોહીના ડાઘ સાફ કર્યા. ગુના સમયે તેની માતા પણ હાજર હતી. જોકે છોકરાએ મહિલા પર બળાત્કાર કર્યાની કબૂલાત કરી છે, પોલીસ આ વાતની પુષ્ટિ કરવા માટે તબીબી પુરાવાની રાહ જોઈ રહી છે.

માતાનો દાવો છે કે દંપતીનું મૃત્યુ અકસ્માતમાં થયું હતું. દિવાળી દરમિયાન મહિલાના માતાપિતા તેનો સંપર્ક ન કરી શક્યા ત્યારે તેઓ શંકાસ્પદ બન્યા. જ્યારે તેના પતિના ફોન પર વારંવાર ફોન આવતા રહ્યા, ત્યારે તેમણે છોકરાનો નંબર ડાયલ કર્યો. જોકે, તેણે અસ્પષ્ટ જવાબો આપ્યા. જ્યારે તેઓ ફોન કરવાનું ચાલુ રાખતા રહ્યા, ત્યારે તેની માતાએ ફોનનો જવાબ આપ્યો અને દાવો કર્યો કે તેમના પુત્ર અને પુત્રવધૂનું ઉત્તર ગુજરાતના હિંમતનગર નજીક એક માર્ગ અકસ્માતમાં મૃત્યુ થયું હતું.

જો કે, જ્યારે માતાપિતાએ કથિત અકસ્માત સંબંધિત ફોટોગ્રાફ્સ, વીડિયો અથવા કોઈપણ સત્તાવાર દસ્તાવેજો માંગ્યા, ત્યારે તેણીએ તેમના પ્રશ્નો ટાળ્યા. તેમનો શંકા વધુ ઘેરો બન્યો. આના કારણે તેઓ બિહારના ખાગરિયા જિલ્લામાં સ્થિત તેમના વતનથી વિસાવદર ગયા. પોલીસે પુષ્ટિ આપી કે હિંમતનગર પોલીસ સ્ટેશનના અધિકારક્ષેત્રમાં આવી કોઈ અકસ્માત કે મૃત્યુ થયું નથી. તપાસકર્તાઓ છોકરાના શાંત અને નિર્દય વર્તનથી આશ્ચર્યચકિત થયા, તેણે કરેલી ક્રૂરતા છતાં. કસ્ટોડિયલ પૂછપરછ દરમિયાન, તેણે કોઈ પસ્તાવો દર્શાવ્યો ન હતો કે કોઈ વિગતો છુપાવવાનો પ્રયાસ કર્યો ન હતો. અધિકારીઓએ જણાવ્યું હતું કે તેને તેના મોટા ભાઈ પ્રત્યે ઊંડો રોષ હતો. તપાસકર્તાઓ એ પણ તપાસ કરી રહ્યા છે કે સગીર સાથે કોઈ દુર્વ્યવહાર થયો છે કે નહીં.

વિસાવદર પોલીસે તેમના બાતમીદારોને સગીર છોકરા અને તેની માતા પર નજર રાખવા માટે ચેતવણી આપી. તેમના વર્તનથી શંકા જાગી. આ માહિતીના આધારે, બંનેને પૂછપરછ માટે પોલીસ સ્ટેશન બોલાવવામાં આવ્યા હતા. અલગ પૂછપરછ દરમિયાન, સત્ય ધીમે ધીમે બહાર આવ્યું, અને છોકરાએ આખરે તે સ્થાન જાહેર કર્યું જ્યાં મૃતદેહો દફનાવવામાં આવ્યા હતા.





